ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1116/1052-54/છ, તા.03-12-2016 થી મંજૂર

# સંગીત

## (કંઠ્ય અને સ્વર વાદ્ય)

## ધોરણ 10

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય સલાહકાર**
શ્રી ભુપેન્દ્રભાઈ શાહ

**લેખન**
શ્રી હેમેન્દ્ર ભોજક
શ્રી મનુભાઈ શાહ
શ્રી જય શિંદે

**સમીક્ષા**
શ્રી ગિરિરાજ ભોજક
શ્રી કમલેશ સ્વામી
શ્રી રસેશ ગાંધી
શ્રીમતી પ્રજ્ઞાબેન વૈદ્ય
શ્રી દિપક રાણા
શ્રી નિલેશ પટેલ
શ્રી ગોવિંદભાઈ બારોટ

**ભાષા શુદ્ધિ**
શ્રી વૈશાલીબેન ધોળકિયા

**સંયોજન**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેન પી. શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમ તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 10, સંગીત (કંઠ્ય અને સ્વર વાદ્ય)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાંત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યા છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા. 04-11-2019

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃ મુદ્રણ : 2018, 2019, 2020

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# શિક્ષકો માટે

**ધોરણ 10 સંગીતના અભ્યાસક્રમમાં ....**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યનાં અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈધ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એક સરખો) રહેશે.

(2) સંગીત (તબલાં) અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલાં)ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈધ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય) ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ-1 રહેશે. જ્યારે સંગીત (તબલાં)ના વિદ્યાર્થીઓ માટે ભાગ-2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ-1 અને ભાગ-2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય અને સ્વરવાદ્ય અને તબલાંના અભ્યાસક્રમનું આયોજન વર્ગદીઠ 'પાંચ' તાસ (Period)નું છે.

(6) આ પુસ્તકમાં 'વિભાગ-1'માં સૈધ્ધાંતિક (શાસ્ત્ર) અને 'વિભાગ-2'માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાની રહેશે. જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને તેમણે પસંદ કરેલા સ્વરવાદ્ય જ તૈયાર કરાવવાના રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવો જેવાં કે .....

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલીન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલીન

આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયારી કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત વર્ગની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઈલેક્ટ્રોનીક ઉપકરણો જેવા કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઈક્રોફોન, કિ-બોર્ડ, રેકોર્ડીંગ સિસ્ટીમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો સાથે અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થીઓની રંગમંચ તરફ દૃષ્ટિ કેળવીને તેઓનો આત્મવિશ્વાસ કેળવાય, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય. સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચનું સ્થાન મેળવે તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત લોકસંગીતના પરંપરા મુજબના ઢાળ, સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કાઢવાની સાચી ટેવ પડે, શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાય અને બૌધ્ધિક સમજ કેળવાય એ આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે. વિદ્યાર્થીઓની રચનાત્મક (Creative) શક્તિઓને હરહંમેશ બિરદાવી જોઈએ.

(10) ધોરણ 10 કંઠ્ય અને સ્વર વાદ્ય વિષયની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા બોર્ડ કક્ષાએ લેવામાં આવશે.

# આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન અને ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદ્ઉપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, લોકસંગીત અને પરંપરાગત દુહા-છંદના ઢાળો પ્રત્યે વિદ્યાર્થી અભિમુખ થાય તથા સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ-નિયંત્રણ કરવાની સાચી દિશામાં સમજ કેળવાય તે છે.

વિદ્યાર્થીઓની ક્ષમતાને ધ્યાનમાં લઈ, અભ્યાસક્રમ નજર સમક્ષ રાખી, સરળ ભાષામાં શાસ્ત્રનું જ્ઞાન તેમજ પ્રાયોગિક પાસાંને ધ્યાને લઈ આ પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. સ્વરજ્ઞાન, સરગમગીત, લક્ષણગીત, મધ્યલયગીત, આલાપતાન, ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાનાની બંદિશો તેમજ સુગમ સંગીતમાં પ્રાર્થના-ભજન, લોકગીત, દેશભક્તિગીત, ઋતુગીત, પર્યાવરણગીત, કથાગીત વગેરેમાં વિદ્યાર્થીની વધતી જતી જિજ્ઞાસા સંતૃપ્ત કરવાની અને આ પુસ્તકનો ભરપૂર ઉપયોગ કરી ભાવિ પેઢી કદરદાન શ્રોતાઓ સમક્ષ રંગમંચનું સ્થાન મેળવવા તૈયાર થાય તે હેતુથી આ પાઠ્યપુસ્તકમાં પ્રાચીન અને અર્વાચીન સંગીત વિષયક વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

જગતકલ્યાણની પવિત્ર ભાવનાઓ સહજ ભાષામાં લોકકંઠે વહેતી થાય તથા વિદ્યાર્થીઓમાં સંગીતક્ષેત્રે સર્જનાત્મક ક્રિયાશીલતાનો વિકાસ થાય તે હેતુથી આ પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ સંગીતવિષયક નાવિન્યપૂર્ણ પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરે એવી અપેક્ષા સહ.

•

# અનુક્રમણિકા

## વિભાગ 1 : સૈદ્ધાંતિક


| | | |
|---|---|---|
| 1. | પારિભાષિક શબ્દો | 1 |
| 2. | મૂળભૂત શબ્દોની સમજૂતી | ૩ |
| 3. | રાગોની શાસ્ત્રીય માહિતી | 8 |
| 4. | તાલજ્ઞાન | 14 |
| 5. | છંદ, વાદ્યપ્રકાર અને ભારતીય સંગીત શૈલી | 17 |
| 6. | ભારતીય સંગીતની ઉત્પત્તિ અને સુગમ સંગીત | 28 |
| 7. | જીવનચરિત્ર | 34 |
| 8. | જીવન અને શિક્ષણમાં સંગીત | 38 |
| 9. | પ્રસિદ્ધ સંગીતકારો | 40 |


## વિભાગ 2 ક્રિયાત્મક


| | | |
|---|---|---|
| 1. | સ્વરજ્ઞાન | 44 |
| 2. | રાગજ્ઞાન | 46 |
| 3. | તાલજ્ઞાન | 99 |
| 4. | છંદગાન | 102 |
| 5. | વિવિધ ગીતપ્રકારો | 107 |
| 6. | સ્વરાંકન સહિત ગીતો | 123 |

# વિભાગ 1 : સૈદ્ધાંતિક

## 1 પારિભાષિક શબ્દો

**પ્રસ્તાવના :**

સંગીતના પાયાના શિક્ષણ માટે આપણે પારિભાષિક શબ્દોનો પરિચય આ એકમ દ્વારા મેળવીશું. આ એકમમાં આપણને સંગીત, અલંકાર, રાગ, વર્જ્ય સ્વર, વાદી સ્વર, સંવાદી સ્વર, અનુવાદી સ્વર, વિવાદી સ્વર, કણ સ્વર, વક્ર સ્વર, મીંડ, આલાપ, બોલતાન, પૂર્વાંગ, ઉત્તરાંગ, ઉત્તર રાગ, પૂર્વ રાગની વ્યાખ્યાઓની ઉદાહરણસહ સમજૂતી પ્રાપ્ત થાય છે. જે રાગોનું બંધારણ સમજવા ખૂબ ઉપયોગી છે.

ઉપરોક્ત પારિભાષિક શબ્દોનો પરિચય રાગ બંધારણમાં સમજવા ખૂબ ઉપયોગી છે.

---

**પારિભાષિક શબ્દોનો પરિચય :**

**(1) સંગીત :** ગીત, નૃત્ય અને વાદ્ય આ ત્રણેય કળાના સમન્વયને **સંગીત** કહે છે. આ ત્રણેય કળાઓ સ્વતંત્ર હોવા છતાં એકબીજાની પૂરક છે.

**(2) અલંકાર :** વિશિષ્ટ અને અનુક્રમવાળી તાલબદ્ધ સ્વરરચનાને **અલંકાર** કહે છે.

**ઉદાહરણ :** સારેગ, રેગમ...

**(3) રાગ :** મનનું રંજન કરે એવી આરોહ-અવરોહ અને વાદી-સંવાદીવાળી મધુર સ્વરરચનાને **રાગ** કહે છે.

**(4) વર્જ્ય સ્વર :** જે સ્વર રાગમાં ન આવતો હોય તેને **વર્જ્ય સ્વર** અથવા **વર્જિત સ્વર** કહે છે.

**(5) વાદી સ્વર :** રાગમાં આવતા મુખ્ય સ્વરને **વાદી સ્વર** કહે છે. રાગમાં આવતાં અન્ય સ્વરો કરતાં તેનો વિશેષ ઉપયોગ થાય છે.

**ઉદાહરણ :** રાગ માલકૌંસનો **વાદી સ્વર - મ (મધ્યમ).**

**(6) સંવાદી સ્વર :** વાદી સ્વર પછી આવતા મહત્ત્વના સ્વરને **સંવાદી સ્વર** કહે છે.

વાદી સ્વર સાથે સ્વર સંવાદ ધરાવતા, એટલે કે વાદી સ્વરથી ચોથા કે પાંચમા સ્વરને **સંવાદી સ્વર** કહે છે.

**ઉદાહરણ :** રાગ-માલકૌંસનો **સંવાદી સ્વર - સા (ષડજ્).**

**(7) અનુવાદી સ્વર :** રાગમાં આવતા વાદી અને સંવાદી સ્વર સિવાયના બધા જ સ્વરોને **અનુવાદી સ્વર** કહે છે.

**(8) વિવાદી સ્વર :** જે સ્વર રાગમાં ન આવતો હોય છતાં તેનો ઉપયોગ ક્યારેક કરવાથી રાગ હાનિ ન થાય અને રાગની રંજકતા અર્થાત્ મધુરતા વધે, તેવા સ્વરને **વિવાદી સ્વર** કહે છે.

**(9) કણ સ્વર :** શાસ્ત્રીય સંગીતમાં રાગના સ્વરને ગાતાં જ્યારે બીજા સ્વરનો સ્પર્શ અપાય ત્યારે જે સ્વરનો સ્પર્શ આપીએ તેને **કણ સ્વર** કહે છે. કણ સ્વરને **સ્પર્શ સ્વર** પણ કહે છે.

**ઉદાહરણ :** **નિધ**

**(10) વક્ર સ્વર :** જે સ્વર લેવાથી આરોહમાં અવરોહ અને અવરોહમાં આરોહ થાય તેને **વક્ર સ્વર** કહે છે. વક્ર સ્વરથી રાગના સૌંદર્યમાં વધારો થાય છે તથા જે-તે રાગને તેની આસપાસના સમાન સ્વરો ધરાવતા રાગોથી અલગ પાડી શકાય છે.

**(11) મીંડ :** એક સ્વરથી બીજા સ્વર પર જતાં વચ્ચેના સ્વરો પરથી ઘસાઈને જવું તેને **મીંડ** કહે છે.

**ઉદાહરણ :** પગ **મીંડ સ્વર દર્શાવવા સ્વર પર ઉલટું અર્ધચંદ્રકાર કરાય છે.** મીંડના **બે** પ્રકારો છે.

**(1) અનુલોમ મીંડ અને (2) વિલોમ મીંડ**

**(12) આલાપ :** રાગના સ્વરોને આકારમાં વિસ્તાર કરવાની ક્રિયાને **આલાપ** કહે છે.

**(13) બોલતાન :** રાગમાં આવતા ગીતના શબ્દોને વિવિધ રીતે, જુદી જુદી લયમાં સ્વરોમાં ગૂંથીને તાલબદ્ધ ગાવાની ક્રિયાને **બોલતાન** કહે છે.

**(14) પૂર્વાંગ :** સપ્તકના પ્રથમ વિભાગને **પૂર્વાંગ** કહે છે.

**ઉદાહરણ :** સારેગમ **અથવા** સારેગમપ.

**(15) ઉત્તરાંગ :** સપ્તકના બીજા વિભાગને **ઉત્તરાંગ** કહે છે.

**ઉદાહરણ :** મપધનિ **અથવા** મપધનિસાં.

**(16) પૂર્વરાગ :** જે રાગનો વાદીસ્વર પૂર્વાંગમાં હોય અને તેનો સ્વર વિસ્તાર મંદ્ર અને મધ્ય સપ્તકના પૂર્વાંગમાં વધારે થાય તેને પૂર્વરાગ કહે છે.

**ઉદાહરણ :** રાગ બિહાગનો વાદી સ્વર **ગ** છે, તેથી તે પૂર્વરાગ ગણાય છે.

**(17) ઉત્તરરાગ :** જે રાગનો વાદી સ્વર ઉત્તરાંગમાં હોય અને તેનો સ્વર વિસ્તાર મધ્ય અને તાર સપ્તકના ઉત્તરાંગમાં વધારે થાય તેને ઉત્તરરાગ કહે છે.

**ઉદાહરણ :** રાગ ભૈરવ અને આશાવરીનો વાદી સ્વર **ધ** છે, તેથી તે ઉત્તરરાગ ગણાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) સંગીત એટલે શું ?

(2) અલંકાર એટલે શું ?

(3) રાગ એટલે શું ?

(4) વર્જ્ય સ્વર એટલે શું ?

(5) વાદી સ્વર એટલે શું ?

**2. નીચે આપેલા પ્રશ્નોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર "✓" નિશાની કરો :**

(1) વાદી સ્વર પછી આવતાં મહત્ત્વના સ્વરને શું કહે છે ?

(અ) સ્વર (બ) સંવાદી સ્વર (ક) પકડ (ડ) વર્જ્ય સ્વર

(2) વાદી અને સંવાદી સ્વર સિવાયના બધા જ સ્વરને શું કહે છે ?

(અ) અનુવાદી સ્વર (બ) વર્જ્ય સ્વર (ક) સ્વર (ડ) અલંકાર

(3) સપ્તકના પ્રથમ વિભાગને શું કહે છે ?

(અ) સપ્તક (બ) પૂર્વાંગ (ક) ઉત્તરાંગ (ડ) વાદી સ્વર

(4) રાગના સ્વરોને આકારમાં વિસ્તાર કરવાની ક્રિયાને શું કહે છે ?

(અ) તાન (બ) બોલતાન (ક) આલાપ (ડ) અલંકાર

(5) સપ્તકના બીજા વિભાગને શું કહે છે ?

(અ) પૂર્વાંગ (બ) પકડ (ક) રાગ (ડ) ઉત્તરાંગ

(6) જે સ્વર રાગમાં ન આવતો હોય છતાં તેનો ઉપયોગ ક્યારેક કરવાથી રાગહાનિ ન થાય અને રાગની રંજક્તા વધે તેવા સ્વરને શું કહે છે ?

(અ) વાદી સ્વર (બ) અનુવાદી સ્વર (ક) વિવાદી સ્વર (ડ) પકડ

(7) રાગમાં આવતા ગીતના શબ્દોને વિવિધ રીતે, જુદી-જુદી લયમાં સ્વરોમાં ગૂંથીને તાલબદ્ધ ગાવાની ક્રિયાને શું કહે છે?

(અ) આલાપ (બ) બોલતાન (ક) તાન (ડ) મીંડ

**3. વ્યાખ્યાઓ લખો :**

(1) કણ સ્વર (2) વક્ર સ્વર (3) મીંડ (4) પૂર્વરાગ (5) ઉત્તરરાગ (6) આલાપ

* * *

# 2 મૂળભૂત શબ્દોની સમજૂતી

**પ્રસ્તાવના :**

સંગીતના પાયાના શિક્ષણ માટે મૂળભૂત શબ્દોની સમજૂતી જરૂરી છે. આ એકમમાં આપણે નાદ અને તેની વિશેષતાઓ, વર્ણ અને તેના પ્રકારો, રાગ-જાતિ અને તેના પ્રકારો, રાગના નિયમો તથા કેટલાક પ્રબંધો પૈકી ધ્રુપદ, ધમાર, ઠુમરી, તરાના અને ચતરંગ વિશેનો અભ્યાસ કરીશું.

---

**(1) નાદ અને નાદની વિશેષતાઓ :**

**નાદ :** સંગીત ઉપયોગી અવાજ કે જેની કંપન-સંખ્યા નિયમિત હોય તેને **નાદ** કહે છે. **નાદની 3 (ત્રણ) વિશેષતાઓ છે.**

**(1) નાદનું ઊંચા-નીચાપણું :** જેમ નાદની **આંદોલન સંખ્યા વધારે** તેમ નાદ **ઊંચો** અને જેમ નાદની **આંદોલન સંખ્યા ઓછી** તેમ નાદ **નીચો** હોય છે.

**ઉદાહરણ :** તાર સપ્તકના ષડ્જ(સાં)ની આંદોલન સંખ્યા જો **480** હોય તો તેનાથી બમણા નીચા મધ્ય સપ્તકના ષડ્જ(સા)ની **આંદોલન સંખ્યા 240** હોય છે.

**(2) નાદનું નાના - મોટાપણું :** જે નાદની ઘનતા અથવા કંપન **ઓછું** તેમ નાદ **નાનો** હોય છે. જેમ નાદની ઘનતા અથવા કંપન **વધુ** તેમ નાદ **મોટો** હોય છે.

**ઉદાહરણ :** કોઈ પણ સ્વર ધીમેથી ગાવા કે વગાડવાથી **નજીક** સંભળાશે, પરંતુ તે સ્વરને ખુલ્લા અવાજે ગાવા કે વગાડવાથી **દૂર** સુધી સંભળાશે.

આમ, કોઈ વસ્તુ પર આપણે ધીમેથી પ્રહાર કરીએ તો અવાજ ધીમો આવે તેથી તેને **નાનો નાદ** કહીશું અને જોરથી પ્રહાર કરીએ તો અવાજ મોટો આવે તેથી તેને **મોટો નાદ** કહીશું. જેમ નાદના આંદોલનની પહોળાઈ **વધે** તેમ નાદ **ઊંચો** અને નાદના આંદોલનની પહોળાઈ **ઘટે** તેમ નાદ **નીચો** થતો હોય છે. આમ, નાદનું નાના-મોટાપણું તેના આંદોલનની પહોળાઈ પર આધારિત હોય છે.

**(3) નાદની જાતિ અથવા ગુણ :** નાદની એવી વિશેષતા છે કે તેને જોયા વગર સાંભળીને પણ ઓળખી શકાય છે. તેને **નાદની જાતિ અથવા ગુણ** કહે છે.

**ઉદાહરણ :** રેડિયો પર વાગતું વાદ્ય / વાજિંત્ર કે ગાયકનો અવાજ જોયા વગર સાંભળીને ઓળખી શકાય છે.

**(2) વર્ણ અને તેના પ્રકારો :**

**વર્ણ :** સંગીતમાં સ્વરોની વિશિષ્ટ લગાવટની ક્રિયાને **વર્ણ** કહે છે. **ગાવાની પ્રત્યક્ષ ક્રિયાને વર્ણ કહે છે, વર્ણના મુખ્ય ૪(ચાર) પ્રકાર છે.**

**(1) સ્થાયી વર્ણ (2) આરોહી વર્ણ (3) અવરોહી વર્ણ અને (4) સંચારી વર્ણ**

**(1) સ્થાયી વર્ણ :** એક જ સ્વરને વારંવાર અટકી-અટકીને ઉપયોગમાં લેવાની ક્રિયા અર્થાત્ એક જ સ્વરને બે કે તેથી વધુ વાર લેવાની ક્રિયાને **સ્થાયી વર્ણ** કહે છે.

**ઉદાહરણ :** સાસાસાસા, રેરેરેરે...

**(2) આરોહી વર્ણ :** નીચા સ્વરોથી ઊંચા સ્વરો સુધી ચઢતા ક્રમમાં લેવાની ક્રિયા અર્થાત્ સ્વરોને ચઢતા ક્રમમાં રજૂ કરવાની ક્રિયાને **આરોહી વર્ણ** કહે છે.

**ઉદાહરણ :** સારેગમપધ...

**(3) અવરોહી વર્ણ :** ઊંચા સ્વરોથી નીચા સ્વરો સુધી ઉતરતા ક્રમમાં લેવાની ક્રિયા અર્થાત્ સ્વરોને ઉતરતા ક્રમમાં રજૂ કરવાની ક્રિયાને **અવરોહી વર્ણ** કહે છે.

**ઉદાહરણ :** સાંનિધપમગ....

(4) **સંચારી વર્ણ :** સ્થાયી, આરોહી અને અવરોહી આ ત્રણેય વર્ણોના સંયોગથી જ્યારે સ્વરોની ઉલટ-પલટ કરાય છે. અર્થાત્ ત્રણેય વર્ણને મિશ્ર કરી રજૂ કરવાની ક્રિયાને **સંચારી વર્ણ** કહે છે.

**ઉદાહરણ :** સાસાસાસા, રેરેરેરે; સારેગમપધ, સાંનિધપમગ.

## (3) જાતિ અને તેના પ્રકારો :

**રાગ જાતિ :** રાગમાં આવતા આરોહ-અવરોહની સ્વર સંખ્યા પરથી જે નક્કી થાય છે તેને **રાગ જાતિ** કહે છે.
**રાગની મુખ્ય 3 (ત્રણ) જાતિ છે.**

**(1) ઔડવ (2) ષાડવ અને (3) સંપૂર્ણ.**

(1) **ઔડવ :** જે રાગના આરોહ - અવરોહમાં **5 (પાંચ)** સ્વર આવે તેને **ઔડવ** જાતિનો રાગ કહે છે.
**ઉદાહરણ :** માલકૌંસ, ભૂપાલી...

(2) **ષાડવ :** જે રાગના આરોહ-અવરોહમાં **6 (છ)** સ્વર આવે તેને **ષાડવ** જાતિનો રાગ કહે છે.
**ઉદાહરણ :** પૂરિયા, મારવા...

(3) **સંપૂર્ણ :** જે રાગના આરોહ - અવરોહમાં **7 (સાત)** સ્વર આવે તેને **સંપૂર્ણ** જાતિનો રાગ કહે છે.
**ઉદાહરણ :** ભૈરવ, યમન...

હિન્દુસ્તાની સંગીત શૈલી/પદ્ધતિના સિદ્ધાંત મુજબ રાગમાં ઓછામાં ઓછા **5 (પાંચ)** અને વધુમાં વધુ **7 (સાત)** સ્વરો હોવા જોઈએ.

ઘણા રાગોમાં આરોહ અને અવરોહમાં આવતા સ્વરોની સંખ્યા વધતી-ઓછી હોય છે. આથી મુખ્ય **3(ત્રણ)** જાતિમાંથી બીજી **6 (છ)** પેટાજાતિ બને છે. આમ કુલ **9 (નવ)** જાતિ પ્રકારો છે.

જે નીચે મુજબ છે :

**મુખ્ય 3 (ત્રણ) જાતિ :** (1) ઔડવ (2) ષાડવ અને (3) સંપૂર્ણ

**મુખ્ય 3 (ત્રણ) અને પેટાજાતિ 6 (છ) મળીને કુલ 9 (નવ) જાતિ નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| ઔડવ-ઔડવ | ષાડવ-ષાડવ | સંપૂર્ણ - સંપૂર્ણ |
| ઔડવ - ષાડવ | ષાડવ-ઔડવ | સંપૂર્ણ - ઔડવ |
| ઔડવ - સંપૂર્ણ | ષાડવ-સંપૂર્ણ | સંપૂર્ણ-ષાડવ |

## (4) રાગના નિયમો :

**રાગ :** મનનું રંજન કરે એવી આરોહ-અવરોહ અને વાદી-સંવાદીવાળી મધુર સ્વર રચનાને **રાગ** કહે છે. જેમાં શાસ્ત્રોક્ત નિયમોનું પાલન થતું હોય છે, જે નીચે મુજબ છે.

(1) રાગમાં રંજકતા/મધુરતા હોવી જોઈએ, કેમ કે તે ગવાય છે.
(2) રાગની ઉત્પત્તિ થાટ/મેલમાંથી થાય છે.
(3) રાગમાં પ્રારંભનો સ્વર 'સા' ક્યારેય વર્જ્ય કરી શકાય નહીં.
(4) રાગમાં આરોહ-અવરોહ બન્ને હોવા જોઈએ.
(5) રાગમાં મ (મધ્યમ) અને પ (પંચમ) એક સાથે કદી વર્જ્ય હોવા જોઈએ નહીં.
(6) રાગમાં એક સ્વરના બે સ્વરૂપ એક સાથે પાસ-પાસે આવી શકે નહીં. **ઉદાહરણ** : રે̱રે, ગગ̱
(7) રાગમાં ઓછામાં ઓછા **5 (પાંચ)** અને વધુમાં વધુ **7 (સાત)** સ્વરો હોવા જોઈએ.
(8) રાગમાં આરોહ, અવરોહ, વાદી, સંવાદી, પૂર્વાંગ, ઉત્તરાંગ, ગાયન-વાદન સમય વગેરે નિયમોનું પાલન થવું જોઈએ.

(9) જે રાગમાં શુદ્ધ મધ્યમ (મ) અને પંચમ (પ) બંને સ્વરો વર્જિત/વર્જ્ય હોય તેમાં તીવ્ર મધ્યમ (મં..) અવશ્ય હોય છે અને તે રાગની શરૂઆત મંદ્ર સપ્તકના શુદ્ધ નિષાદ (નિ઼) થી થાય છે.

**(5) ધ્રુપદ :**

આ એક **પ્રાચીન** ગીતપ્રકાર છે. ધ્રુપદ એટલે ધ્રુવ+પદ. જે ગાયકીનું પદ ધ્રુવ તારા જેવું અચળ અને તેજસ્વી છે તેને ધ્રુવપદ અર્થાત્ ધ્રુપદ કહે છે.

આશરે **પાંચસો** વર્ષ પહેલાં ગ્વાલિયરના રાજા માનસિંહ તોમરે ધ્રુપદ ગાયનનો ખૂબ પ્રચાર કર્યો હતો. ધ્રુપદને ગાનારાઓને ''ધ્રુપદિયા'' કહેવામાં આવે છે. હિન્દુસ્તાની સંગીતનું આ મર્દાની અને જોરદાર ગાયન મનાય છે. ધ્રુપદ ગાનારાઓને 'કલાવંત'ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. મુસ્લિમ યુગ ધ્રુપદ ગાયનનો 'સુવર્ણ યુગ' તરીકે ઓળખાય છે. ધ્રુપદમાં ઈશ્વર સ્તુતિના શાંત, રસમય, વ્રજ અને હિન્દી ભાષામાં ગીતો હોય છે.

ઉદાહરણ તરીકે રાગ યમનનો ધ્રુપદ - **'ઓમ્ હર હર શિવશંકર'** ખ્યાલની અપેક્ષાએ ધ્રુવપદ વધારે વિસ્તૃત હોય છે. પહેલાં ધ્રુપદમાં ચાર (4) ભાગ હતાં.

**(1) સ્થાયી (2) અંતરા (3) સંચારી અને (4) આભોગ.**

પરંતુ હાલના સમયમાં માત્ર (1) સ્થાયી અને (2) અંતરા એમ બે ભાગ પ્રચારમાં છે. ધ્રુપદ ગાયકીમાં શરૂઆતમાં, **નોમ્-તોમ્**ના આલાપચારીથી કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં વિવિધ લયકારીઓ જેવી કે દુગુન, તિગુન, ચૌગુન, આડી, બિઆડી, કુઆડી વગેરે બતાવવામાં આવે છે.

**ધ્રુપદ ગાયકી 'મૃદંગ કે પખાવજ'ના વાદ્યના વાદન સાથે ગાવામાં આવે છે.** ધ્રુપદ ગાયકી ચૌતાલ, સુલફાગ, તેવરા, ગજઝંપા, બ્રહ્મ, રૂદ્ર વગેરે ખુલ્લા બાજના તાલોમાં ગાવામાં આવે છે. ધ્રુપદ ગાયકીમાં**વીર, કરૂણ અને શાંત રસ** જોવા મળે છે. ધ્રુપદની મુખ્ય **4 (ચાર)** બાનીઓ / શૈલીઓ છે.

**(1) ખંડહારબાની (2) નોહારબાની (3) ડાગુરબાની અને (4) ગોબરહારબાની**

**ધ્રુપદના પ્રાચીન ગાયકો :** (1) સ્વામી હરિદાસ (2) તાનસેન, (3) ગોપાલ નાયક (4) બૈજુ-બાવરા વગેરે...

**ધ્રુપદના અર્વાચીન ગાયકો :** (1) ડાગરબંધુ (2) ગુડેચાબંધુ (3) બહેરામખાં (4) ગજાનન ઠાકુર (ભોજક) વગેરે...

**(6) ધમાર :**

ધમાર એ ચૌદ માત્રાનો ખુલ્લા બાજનો તાલ છે. તેમાં ગવાતા ગીતોને ધમાર કહે છે. ધમાજ ગાયકીમાં પખાવજ કે મૃદંગ વાદ્યની સંગત થાય છે. તાલ ધમાર ગાયકીમાં મુખ્યત્વે **રાધા-કૃષ્ણનાં** ભક્તિપદો તેમજ હોરીનું વર્ણન હોય છે. આ એક **શ્રૃંગારિક** ગીત-પ્રકાર છે. આથી ધ્રુપદ ગાયકીની અપેક્ષાએ ધમાર ગાયકીમાં ગંભીરતા ઓછી જોવા મળે છે. આ ગાયકીમાં પણ ધ્રુપદની જેમ જ શરૂઆતમાં **નોમ્-તોમ્**ની આલાપચારી કરવામાં આવે છે અને આ ગીતપ્રકારમાં દુગુન, તિગુન, ચોગુન વગેરે લયકારીઓ તથા વિવિધ બોલતાનોનો પણ ક્રિયાત્મક પ્રયોગ થાય છે. ધ્રુપદ ગાયકો ધમાર ગીત સરળતાથી ગાઈ શકે છે. હાલમાં આ ગીત પ્રકાર ભગવાનના સન્મુખ મૃદંગ અથવા પખવાજ વાદ્યના વાદન સાથે વૈષ્ણવોની હવેલીમાં ગવાય છે. તેને **હવેલી સંગીત** કહે છે. ધ્રુપદ-ધમાર ગાયકીનો પ્રચાર સો - દોઢસો વર્ષ પહેલા વધુ હતો.

**પ્રાચીન ધમાર ગાયકો :** સ્વામી હરિદાસ, તાનસેન, બૈજુ-બાવરા, ગોપાલ નાયક

**અર્વાચીન / હાલના ધમાર ગાયકો :** ડાગરબંધુ, ગુડેચાબંધુ, ગજાનન ઠાકુર (ભોજક)

**(7) ઠુમરી :**

આ એક **આધુનિક** ગીત-પ્રકાર છે, જેમાં રાગની શુદ્ધતાને પ્રાધાન્ય આપવામાં આવતું નથી. આ રાગનો આવિષ્કાર લખનૌના અંતિમ **નવાબ વાજીદ અલીશાહે** કર્યો હતો. આ નવાબ સ્વયં એક ગાયક હતા. તેમણે **અખ્તરપિયા**ના ઉપનામથી

અનેક ઠુમરીઓની રચના કરી હતી. શૃંગાર અને વિરહ બંને ભાવને આ ગાયકીમાં રજૂ કરવામાં આવે છે. ઠુમરી ગીતમાં શબ્દો ઓછા હોય છે, પરંતુ મધુર સ્વરાંકન અને કલાત્મક રજૂઆતને કારણે ઠુમરી ખૂબ લોકપ્રિય થયેલ છે. ઠુમરીને રાગોનું બંધન હોતું નથી. તેમ છતાં કેટલાંક ગુણીજનો દ્વારા મધુર રાગોમાં વિવાદી સ્વરોનું સંયોજન કરી જુદા જુદા સ્વરાંકનમાં રજૂ કરે છે.

ઠુમરીના મુખ્ય **3 (ત્રણ)** પ્રકારો છે : **(1) બનારસી (2) લખનવી અને (3) પંજાબી.**

ઠુમરી ગાયનમાં લખનૌ, બનારસ અને પંજાબ આ ત્રણેય પ્રદેશો પોતાની આગવી અલગ-અલગ વિશિષ્ટતાઓ ધરાવે છે.

**ઠુમરીના રાગોમાં** ખમાજ, કાફી, પીલુ, દેશ, ઝીંઝોટી, ભૈરવી વગેરે રાગોમાં મિશ્રણ કરીને ઠુમરી ગીતો સ્વરબદ્ધ કરવામાં આવે છે.

**ઠુમરીના તાલોમાં** દીપચંદી, દાદરા, કહરવા, અધ્ધા, પંજાબી-ત્રિતાલ વગેરે તાલોમાં નિબદ્ધ હોય છે.

**ઠુમરી ગાયન શૈલીના ગાયક-ગાયિકાઓ :**

બેગમ અખ્તર, રસુલનબાઈ, સિધ્ધેશ્વરી દેવી, શોભાગુર્તું, ગિરિજાદેવી, શાંતિ હીરાનંદ, ઉસ્તાદ બડે ગુલામઅલીખાઁ.

**(8) તરાના :**

આ ગીત-પ્રકારના પ્રણેતા બારમી સદીના પ્રખર ફારસી શાયર-સંગીતકાર **અમીર ખુશરો** હતા, એમ માનવામાં આવે છે. તરાનામાં જુદા-જુદા રાગોમાં **અર્થહીન શબ્દોને** દ્રૂતલયમાં ગવાય છે. કહેવાય છે કે **અમીર ખુશરોને સંગીત ભાષાનું જ્ઞાન ન હોવાથી તેમણે સંગીતના સંસ્કૃતના ગીતોનો અસ્પષ્ટ ઉચ્ચાર કર્યો. જેના પરિણામે તરાના ગાયન શરૂ થયું. આ એક મુસ્લિમ યુગથી શરૂ થયેલ ગીતપ્રકાર છે.** તરાનામાં **સ્વર** અને **લય**નો સંગમ તેનું મહત્ત્વનું આકર્ષણ છે. **તરાના** કોઈ પણ રાગમાં ગાઈ શકાય છે. આ ગીત પ્રકારમાં ગીતના શબ્દોને બદલે **તોમ્, તન, ઉદાની, દીમ્ તદાની, તહારે, ઉદતન** જેવા અર્થહીન શબ્દો હોય છે. આ ગાયકીમાં ગાયકને દ્રૂત લય કે અતિ દ્રૂતલયમાં વિશેષ તૈયારી કરવી પડે છે. આ ગાયકીમાં વૈવિધ્ય હોવાથી શ્રોતા વર્ગને મનોરંજન વિશેષ મળે છે. તરાનામાં **દ્રૂત ત્રિતાલ, એકતાલ, રૂપક, ઝપતાલ જેવાં તાલોમાં નિબદ્ધ હોય છે.** ઉસ્તાદ નિસાર હુસેનખાં, વિનાયકરાવ પટવર્ધન, પ્રોફેસર વી. આર. આઠવલે વગેરે જાણીતા **તરાના** ગાયકો છે. **તરાના**ને કર્ણાટકી સંગીતમાં **તિલ્લાના** કહે છે.

**(9) ચતરંગ :**

જે ગીતમાં ગીતોના ચાર પ્રકાર જોવા મળે તેને **ચતરંગ** કહેવાય. આ ગીતમાં **(1) ખ્યાલના શબ્દ (2) તરાનાના બોલ (3) સરગમ / સ્વરમાલિકા અને (4) તિરવટ** જેવાં ગીતોનો સમાવેશ થાય છે. **આ ગીત પ્રકાર વિવિધતાસભર હોવાથી મનોરંજક અને આકર્ષક લાગે છે.** પ્રથમ ભાગમાં ખ્યાલના શબ્દો, બીજા ભાગમાં તરાનાના બોલ, ત્રીજા ભાગમાં સરગમ/સ્વરમાલિકા અને ચોથા ભાગમાં તબલાના બોલો જેવા તિરવટના બોલ આવા વિવિધ ફૂલોની હારમાળા એટલે **ચતરંગ.** ચતરંગની ગાયકી છોટા ખ્યાલની ગાયકીની જેમ હોય છે. એટલે કે આ ગીતમાં આલાપ-બોલતાન-તાન વગેરે લેવાય છે. તે મોટે ભાગે **ત્રિતાલ** અને **એકતાલ** જેવા તાલમાં ગવાય છે. ચતરંગ કોઈ પણ **રાગમાં** ગાઈ શકાય છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો :**

(1) નાદની કેટલી વિશેષતાઓ છે ?

(2) વર્ણના કેટલાં પ્રકાર છે ?

(3) રાગની મુખ્ય જાતિ કેટલી છે ?

(4) રાગની પેટાજાતિ કેટલી છે ?

(5) રાગની કુલ કેટલી જાતિ ગણાય છે ?

(6) રાગમાં ઓછામાં ઓછા કેટલાં સ્વરો હોવા જોઈએ ?

(7) રાગમાં વધુમાં વધુ કેટલાં સ્વરો હોવા જોઈએ ?

**2. ટૂંકનોંધ લખો :**

(1) ધ્રુપદ (2) ધમાર (3) ઠુમરી (4) તરાના (5) ચતરંગ

**3. નીચે આપેલા પ્રશ્નોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર "✓" નિશાની કરો.**

(1) સંગીત-ઉપયોગી અવાજ કે જેની કંપન-સંખ્યા નિયમિત હોય તેને શું કહે છે ?
(અ) સ્વર (બ) નાદ (ક) પકડ (ડ) ઘોંઘાટ

(2) નાદની કેટલી વિશેષતાઓ છે ?
(અ) 2 (બ) 4 (ક) 3 (ડ) 5

(3) વર્ણના મુખ્ય કેટલાં પ્રકાર છે ?
(અ) 4 (બ) 3 (ક) 2 (ડ) 5

(4) સંગીતમાં સ્વરોની વિશિષ્ટ લગાવટની ક્રિયાને શું કહે છે ?
(અ) સ્વર (બ) વર્ણ (ક) પકડ (ડ) તાલ

(5) રાગની મુખ્ય જાતિ કેટલી છે ?
(અ) 2 (બ) 4 (ક) 5 (ડ) 3

(6) રાગની કુલ જાતિ કેટલી થાય ?
(અ) 3 (બ) 9 (ક) 6 (ડ) 4

(7) રાગની ઉત્પત્તિ શેમાંથી થાય છે ?
(અ) થાટ (બ) તાલ (ક) રાગ (ડ) કોઈ નહિ

(5) ધ્રુપદની કેટલી બાનીઓ છે ?
(અ) 5 (બ) 6 (ક) 3 (ડ) 4

* * *

# 3 રાગોની શાસ્ત્રીય માહિતી

**પ્રસ્તાવના :**

સંગીત હૈ ઈશ્વર કી શક્તિ,
હર સ્વરમેં બસે હૈં રામ.
રાગી જો સુનાયે રાગ,
તો રોગી કો મિલે આરામ.

ભારતીય સંગીતમાં રાગનું વિશેષ મહત્ત્વ રહેલું છે. રાગને સમયાનુસાર ગાવામાં આવે તો મનુષ્યો, પ્રાણીઓ તથા વનસ્પતિ પર પણ વિશેષ અસર થયાના અનેક દૃષ્ટાંતો વિદ્યમાન છે. તેથી વિદ્યાર્થીઓ માટે રાગની શાસ્ત્રીય માહિતી જાણી, તે કયા થાટમાંથી ઉત્પન્ન થાય, તેમાં કયા સ્વરો ઉપયોગી બને, તે કઈ જાતિનો રાગ છે, તેમાં વાદી-સંવાદી સ્વર કયા છે, તે કયા સમયે-સ્વરૂપે ગવાય છે તે જાણવું અત્યંત આવશ્યક છે. રાગને યોગ્ય રીતે ગવાય તો આજના જ્ઞાન-વિજ્ઞાનના યુગમાં તબીબી સેવાના રૂપમાં પણ ઉત્તમ રીતે ઉપયોગી નિવડેલ છે.

રાગની અનુભૂતિ માનવ-શરીરમાં એક આહ્લાદ પ્રસરાવી દિવસ દરમિયાનના માનસિક તાણ કે થાકને દૂર કરવાનું ઉત્તમ સાધન છે, વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિને વિકસાવવાનું કાર્ય પણ રાગ કરે છે.

આમ સંગીતના વિદ્વાનો ચોક્કસપણે કહે છે કે સંગીત દ્વારા વિદ્યાર્થી શિક્ષણમાં એકાગ્રતા કેળવી પોતાનું શૈક્ષણિક જીવન આધ્યાત્મિક રીતે દિવ્ય બનાવી શકે છે.

---

## 1. રાગ-બિહાગ

**રાગ સ્વરૂપ ચિત્રાંકન**



ગ - નિ સંવાદ બનાયકર, ચઢતે રિ-ધ કો ત્યાગ ।
રાત્રિ દૂસરે પ્રહર મેં, ગાવત રાગ બિહાગ ॥

| | | |
|---|---|---|
| થાટ | : | બિલાવલ |
| સ્વર | : | બે મધ્યમ તથા બાકીના સ્વરો શુદ્ધ |
| વર્જિત સ્વર | : | આરોહમાં રે અને ધ |
| જાતિ | : | ઓડવ - સંપૂર્ણ |
| વાદી સ્વર | : | ગ |
| સંવાદી સ્વર | : | નિ |
| ગાવાનો સમય | : | રાત્રિનો બીજો પહોર |
| રાગ પ્રકૃતિ | : | શાંત અને સૌમ્ય |
| આરોહ | : | નિ઼ સા ગ મ પ નિ સાં |
| અવરોહ | : | સાં નિ ધ, પ મ̍ ગ મ ગ, રે સા |
| પકડ | : | પ મ̍ ગ મ ગ, રે નિ઼ સા |
| રાગનો પ્રભાવ | : | રક્તસંચાર તંત્રને નિયંત્રણમાં રાખે છે. |

**વિશેષ :** આ રાગના અવરોહમાં રે, ધ સ્વરોનો પ્રયોગ કણ સ્વરના રૂપમાં ખૂબ અલ્પ પ્રમાણમાં થાય છે. સાંનિધપ અને ગમગરેસા આ પ્રયોગથી રાગની સુંદરતા વધે છે. આ રાગ ત્રણેય સપ્તકમાં ગવાય છે. આ રાગમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર વગેરે ગવાય છે.

## 2. રાગ-બાગેશ્રી :

દ્વિતીય પ્રહર નિશિ ગ - નિ મૃદુ, માનત મ-સા સંવાદ ।
આરોહન સ્વર રે-પ વર્જિત, રાખત કાફી થાટ ॥



| | | |
|---|---|---|
| થાટ | : | કાફી |
| સ્વર | : | ગ - નિ કોમળ બાકીના સ્વરો શુદ્ધ |
| વર્જિત સ્વર | : | આરોહમાં રે - પ, અવરોહમાં પ |
| જાતિ | : | ઓડવ - ષાડવ |
| વાદી સ્વર | : | મ |
| સંવાદી સ્વર | : | સા |
| ગાવાનો સમય | : | મધ્યરાત્રિ |
| રાગ પ્રકૃતિ | : | કરુણ ગંભીર |
| આરોહ | : | સા ગ મ ધ નિ સાં |
| અવરોહ | : | સાં નિ ધ મ ગ રે સા |
| પકડ | : | નિ ધ નિ સા, મ ગ રે સા |
| રાગ પ્રભાવ | : | રક્તચાપ નિયંત્રણમાં રાખે છે. |

**વિશેષ :** આ રાગમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ભજન, પ્રાર્થના, ભક્તિગીત વગેરે ગવાય છે. સાંનિધ, મપધ, મગરેસા આ રીતે પંચમનો વિશિષ્ટ રીતે ઉપયોગ કરાય છે.

## 3. રાગ - આસાવરી :

ગ - ધ - નિ કોમલ સૂર લગેં, ચઢત ગ - નિ ન સુહાત ।
ધ - ગ વાદી - સંવાદી તેં, આસાવરી કહાત ॥



| | | |
|---|---|---|
| થાટ | : | આસાવરી |
| સ્વર | : | ગ ધ નિ કોમળ બાકીના સ્વરો શુદ્ધ |
| વર્જિત સ્વર | : | આરોહમાં ગ અને નિ |
| જાતિ | : | ઓડવ - સંપૂર્ણ |
| વાદી સ્વર | : | ધ |
| સંવાદી સ્વર | : | ગ |
| ગાવાનો સમય | : | દિવસનો બીજો પ્રહર |
| રાગ પ્રકૃતિ | : | કરુણ |
| આરોહ | : | સા રે મ પ $^{નિ}$ધ $^{નિ}$ધ સાં |
| અવરોહ | : | સાં નિ ધ પ, મ પ ધ મ પ $^{મ}$ગ, $^{મ}$ગ, રે |
| પકડ | : | મપ ધ મ પ $^{મ}$ગ $^{મ}$ગ રે સા |
| રાગ પ્રભાવ | : | જ્વર (તાવ) મુક્ત કરનારો રાગ |

**વિશેષ :** આ રાગમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાના વગેરે ગવાય છે.

## 4. રાગ-માલકૌંસ :



રે - પ વર્જિત, ઓડવ મધુર, સબ કોમળ સુરમાન ।
મ-સા વાદી-સંવાદી સૌં, માલકૌંસ પહચાન ॥

થાટ : ભૈરવી
સ્વર : ગ - ધ - નિ કોમળ બાકીના સ્વરો શુદ્ધ
વર્જિત સ્વર : રે અને પ
જાતિ : ઓડવ - ઓડવ
વાદી સ્વર : મ
સંવાદી સ્વર : સા
ગાવાનો સમય : મધ્યરાત્રિ
રાગ પ્રકૃતિ : શાંત અને ગંભીર
આરોહ : સા ગ મ ધ નિ સાં
અવરોહ : સાં નિ ધ મ ગ સા
પકડ : ધ નિ સા મ, ગ મ ગ સા
રાગ પ્રભાવ : મન પ્રફુલ્લિત કરનારો રાગ.

**વિશેષ :** આ રાગમાં બીજા કોઈ પણ રાગની સહેજ પણ છાયા આવતી ન હોય તેવા રાગોમાંનો એક રાગ છે. આ રાગ ત્રણે સપ્તકમાં ગવાય છે. આ મીંડપ્રધાન રાગમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાના, ભજન વગેરે ગાવાનો રિવાજ છે.

## 5. રાગ કેદાર



મધ્યમ દ્વૈ તીવર સબહી, આરોહત રે - ગ હાન ।
સમ સંવાદી વાદિ તે, કેદાર પહિચાન ॥

થાટ : કલ્યાણ
સ્વર : બંને મધ્યમ બાકીના સ્વરો શુદ્ધ
વર્જિત સ્વર : આરોહમાં રે-ગ
અવરોહમાં ગ
જાતિ : ઓડવ-ષાડવ
વાદી સ્વર : મ
સંવાદી સ્વર : સા
ગાવાનો સમય : રાત્રિનો પહેલો પ્રહર
રાગ પ્રકૃતિ : ગંભીર

આરોહ : સા મ મ $^{\text{ગ}}$પ, મ̍ પ ધ પ, નિ ધ સાં

અવરોહ : સાં નિ ધ પ, મ̍ પ ધ પ, મ મ રે સા

પકડ : સા મ મ $^{\text{ગ}}$પ, મ̍ પ ધ પ, મ, સા રે સા

રાગ પ્રભાવ : સ્વકર્તવ્ય પર વિશ્વાસ નિર્માણ

**વિશેષ :** રાગ કેદારમાં મધ્યમ પર ગંધારના કણનો પ્રયોગ રાગની સુંદરતા વધારે છે અને તે અનિવાર્ય પણ છે. આ રાગની રંજકતા વધારવા માટે વિવાદી સ્વર કોમળ નિષાદનો પ્રયોગ કરાય છે.

**6. રાગ - ભૈરવ :**



થાટ ભૈરવ, રે - ધ કોમળ, ધ - રે સ્વર સંવાદ ।

પ્રાતઃ સમય મિલ ગાઈયે, સંપૂરન ભૈરવ રાગ ॥

થાટ : ભૈરવ

સ્વર : રે̱ ધ̱ કોમળ બાકીના સ્વરો શુદ્ધ

વર્જિત સ્વર : નથી

જાતિ : સંપૂર્ણ સંપૂર્ણ

વાદી સ્વર : ધ̱

સંવાદી સ્વર : રે̱

ગાવાનો સમય : પ્રાતઃકાલ

રાગ પ્રકૃતિ : શાંત, ગંભીર, ભક્તિરસ પ્રધાન

આરોહ : સા $^{\text{ગ}}$રે̱ ગ મ પ, ગ મ $^{\text{નિ}}$ધ̱ $^{\text{નિ}}$ધ̱ નિ સાં

અવરોહ : સાં નિ $^{\text{નિ}}$ધ̱ $^{\text{નિ}}$ધ̱ પ, મ પ, ગ મ $^{\text{ગ}}$રે̱ $^{\text{ગ}}$રે̱ સા

પકડ : ગ મ $^{\text{નિ}}$ધ̱ $^{\text{નિ}}$ધ̱ પ, ગ મ $^{\text{ગ}}$રે̱ $^{\text{ગ}}$રે̱ સા

રાગ પ્રભાવ : એકાગ્રતા વધારનારો રાગ

**વિશેષ :** રાગ ભૈરવના રે̱ અને ધ̱ સ્વર આંદોલિત છે. સંપૂર્ણ રીતે મીંડ અને ગમકપ્રધાન રાગ છે. ભૈરવનું સ્વરૂપ હંમેશાં કોમળ રહે છે. ભારતીય સંગીત પદ્ધતિનો ખૂબ પ્રાચીન અને પ્રસિદ્ધ રાગ ગણાય છે. આ રાગમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, તરાના વગેરે ગવાય છે.

**7. રાગ - પટદીપ :**

જબ કાફીકે મેલમેં, આરોહન રે-ધ ત્યાગ ।
શુદ્ધ નિષાદ પટદીપ મેં, માનત પ-સા સંવાદ ॥



| | | |
|---|---|---|
| થાટ | : | કાફી |
| સ્વર | : | ગ કોમળ બાકીના સ્વરો શુદ્ધ |
| વર્જિત સ્વર | : | આરોહમાં રે - ધ |
| જાતિ | : | ઓડવ સંપૂર્ણ |
| વાદી સ્વર | : | પ |
| સંવાદી સ્વર | : | સા |
| ગાવાનો સમય | : | દિવસનો ત્રીજો પ્રહર |
| રાગ પ્રકૃતિ | : | શાંત, ગંભીર |
| આરોહ | : | નિ઼ સા ગ મ પ નિ સાં |
| અવરોહ | : | સાં નિ ધ પ મ ગ રે સા |
| પકડ | : | પ નિ સાં, ધ મ પ, નિ ધ પ |
| રાગ પ્રભાવ | : | ચપળતામાં વૃદ્ધિ કરનાર |

**વિશેષ :** આ રાગના થાટ અંગે મતમતાંતર હોવા છતાં તે કાફી થાટમાં ગણાય છે. આ રાગમાં છોટા ખ્યાલ, ધ્રુપદ, ભજન વગેરે ગવાય છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોનાં જે જવાબ સાચા હોય તે વિકલ્પ પર '✓' નિશાની કરો.**

(1) બે મધ્યમ આવતા હોય તે રાગનું નામ શું ?

(અ) બાગેશ્રી (બ) પટદીપ (ક) બિહાગ (ડ) આસાવરી

(2) કયા રાગની જાતિ સંપૂર્ણ છે ?

(અ) આસાવરી (બ) ભૈરવ (ક) માલકૌંસ (ડ) કેદાર

(3) કયા રાગનો ગાવાનો સમય મધ્યરાત્રિ છે ?

(અ) બિહાગ (બ) પટદીપ (ક) ભૈરવ (ડ) માલકૌંસ

(4) એવો કયો રાગ છે જે થાટ પણ હોય અને રાગ પણ હોય ?

(અ) આસાવરી (બ) બિહાગ (ક) કેદાર (ડ) પટદીપ

(5) કયા રાગમાં ગંધાર-નિષાદ કોમળ આવે છે ?

(અ) ભૈરવ (બ) બાગેશ્રી (ક) માલકૌંસ (ડ) પટદીપ

(6) કયા રાગની પ્રકૃતિ ગંભીર છે ?

(અ) કેદાર (બ) માલકૌંસ (ક) બાગેશ્રી (ડ) ભૈરવ

(7) કયા રાગનો વાદી સ્વર પંચમ છે ?

(અ) માલકૌંસ (બ) બાગેશ્રી (ક) કેદાર (ડ) પટદીપ

**2. નીચે આપેલ જોડકાં ગોઠવો.**

| (અ) | (બ) |
|---|---|
| (1) રાગ ભૈરવ | (1) ગ ધ નિ કોમળ |
| (2) રાગ બિહાગ | (2) ઓડવ ષાડવ |
| (3) રાગ આસાવરી | (3) રે ધ કોમળ |
| (4) રાગ બાગેશ્રી | (4) રાત્રિનો પહેલો પ્રહર |
| (5) રાગ કેદાર | (5) બિલાવલ થાટ |
| (6) રાગ પટદીપ | (6) સા ગ મ ધ નિ સાં |
| (7) રાગ માલકૌંસ | (7) ષડજ - સંવાદી સ્વર |

**3. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

(1) રાગ કેદારનો થાટ ........... છે.

(2) રાગ બાગેશ્રીનો ગાવાનો સમય ........... છે.

(3) રાગ આસાવરીના આરોહમાં ........... સ્વર વર્જિત છે.

(4) રાગ માલકૌંસનો થાટ ........... છે.

(5) રાગ પટદીપમાં ........... સ્વર કોમળ આવે છે.

(6) રાગ ભૈરવનો ગાવાનો સમય ........... છે.

* * *

| 4 | તાલજ્ઞાન |
|---|---|

**પ્રસ્તાવના :**

સંગીતમાં સમય માપવાના સાધનને **તાલ** કહે છે. સંગીતનો પ્રાણ તાલ છે અને તાલનો પ્રાણ લય છે. ગાયન, વાદન અને નૃત્ય સ્વતંત્ર હોવા છતાં એમાં તાલની ખૂબ જરૂરિયાત રહેલી છે. વિવિધ સંગીતના ગીત પ્રકારો જુદા જુદા તાલમાં ગાઈ શકાય છે. વિદ્યાર્થીઓ સ્વરજ્ઞાન અને તાલજ્ઞાનનો વિકાસ કરી શકે તેવા હેતુસર આ એકમમાં આપણે દરેક તાલોની માત્રા, બોલ, તાલી, ખાલી, ખંડ તથા લિપિબદ્ધ તાલની મૂળલય અને દુગુન વિશે વિસ્તૃત માહિતી મેળવીશું. આ બધા વિભાગોનું ખાસ મહત્ત્વ છે.

---

**1. તાલ - ઝપતાલ માત્રા 10 ખંડ 4 (2-3-2-3 માત્રાના)**
**તાલી-3 (1-3-8 માત્રા પર) ખાલી-1 (6 માત્રા પર)**

આ તાલનો ઉપયોગ વિલંબિત ખ્યાલ, મધ્યલય, ગીત, ગઝલ, સાદરા વગેરેમાં થાય છે. બંધ બાજનો હોવાથી તબલા પર વગાડાય છે.

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | ના | ધીં | ધીં | ના | તીં | ના | ધીં | ધીં | ના | ધીં |
| ચિહ્ન | × | | 2 | | | 0 | | 3 | | | × |

| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધીં ના | ધીં ધીં | ના તીં | ના ધીં | ધીં ના | ધીં ના | ધીં ધીં | ના તીં | ના ધીં | ધીં ના | ધીં |
| | × | | 2 | | | 0 | | 3 | | | × |

**2. તાલ-ચૌતાલ માત્રા 12 ખંડ-6 (2-2 માત્રાના)**
**તાલી-4 (1-5-9-11 માત્રા પર) ખાલી 2 (3-7 માત્રા પર)**

પ્રાચીન સમયથી પ્રચલિત થયેલો આ તાલ ખુલ્લા બાજનો હોવાથી મૃદંગ કે પખાવજ પર વગાડવામાં આવે છે. જેના બોલ વીર, ગંભીર રસ પ્રધાન છે. ધ્રુપદ ગાયકીમાં, નાટકના મંગલાચરણમાં અને હવેલી કીર્તન વગેરેમાં તેનો વિશેષ ઉપયોગ થાય છે.

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધા | દીં | તા | કિટ | ધા | દીં | તા | કિટ | તક | ગદિ | ગન | ધા |
| ચિહ્ન | × | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | × |

| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધા ધા | દીં તા | કિટધા | દીં તા | કિટ તક | ગદી ગન | ધા ધા | દીં તા | કિટ ધા | દીં તા | કિટ તક | ગદી ગન | ધા |
| | × | | 0 | | 2 | | 0 | | 3 | | 4 | | × |

**3. તાલ - દીપચંદી** **માત્રા 14 ખંડ-4 (3-4-3-4 માત્રાના)**

**તાલી-3 (1-4-11 માત્રા પર) ખાલી 1 (8 માત્રા પર)**

ઠુમરી, ભજન, સુગમ સંગીત જેવા ગીત પ્રકારો સાથે આ તાલ વગાડવામાં આવે છે. જે બંધ બાજનો હોવાથી તબલા પર વગાડાય છે.

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ઙ | ધા | ધા | તીં | ઙ | તા | તીં | ઙ | ધા | ધા | ધીં | ઙ | ધા |
| ચિહ્ન | × | | | 2 | | | | 0 | | | 3 | | | | × |

| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 13 14 | 1 2 | 3 4 | 5 6 | 7 8 | 9 10 | 11 12 | 13 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધા ધીં | ઙ ધા | ધા તીં | ઙ તા | તીં ઙ | ધા ધા | ધીં ઙ | ધા ધીં | ઙ ધા | ધા તીં | ઙ તા | તીં ઙ | ધા ધા | ધીં ઙ | ધા |
| | × | | | 2 | | | | 0 | | | 3 | | | | × |

**4. તાલ-ખેમટા માત્રા 6** **ખંડ-2 (3-3 માત્રાના)**

**તાલી 1 (1 માત્રા પર)** **ખાલી-1 (4 માત્રા પર)**

ઘણો જ લોકપ્રિય અને પ્રલલિચ એવો આ તાલ રાસ-ગરબા, લોક-સંગીત, સુગમ સંગીત, સમૂહગીત જેવા પ્રકારો સાથે વગાડવામાં આવે છે. જે શૃંગાર અને વીરરસ પ્રધાન છે.

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાગ | ધીના | ગીન | ધાગ | તીના | ગીન | ધાગ |
| ચિહ્ન | × | | | 0 | | | × |

| દુગુન | 1 2 | 3 4 | 5 6 | 1 2 | 3 4 | 5 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| | ધાગ ધીના | ગીન ધાગ | તીના ગીન | ધાગ ધીના | ગીન ધાગ | તીના ગીન | ધાગ |
| | × | | | 0 | | | × |

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જે જવાબ સાચા હોય તે વિકલ્પ પર '✓' નિશાની કરો.**

(1) છ માત્રાનો તાલ કયો છે ?

(અ) દીપચંદી (બ) ચૌતાલ (ક) ખેમટા (ડ) ઝપતાલ

(2) પહેલી ત્રીજી અને આઠમી માત્રા પર તાલી આવતી હોય તેવો તાલ કયો છે ?

(અ) ઝપતાલ (બ) ખેમટા (ક) ચૌતાલ (ડ) દીપચંદી

(3) 0 ચિહ્ન તાલમાં શું દર્શાવે છે ?

(અ) સમ (બ) ખાલી (ક) તાલી (ડ) માત્રા

(4) 'ગદી ગન' બોલનો ઉપયોગ કયા તાલમાં થાય છે ?

(અ) ઝપતાલ (બ) દીપચંદી (ક) ખેમટા (ડ) ચૌતાલ

(5) કયા તાલમાં આઠમી માત્રા પર ખાલી આવે છે ?

(અ) દીપચંદી (બ) ઝપતાલ (ક) ખેમટા (ડ) ચૌતાલ

(6) ત્રણ અને સાત માત્રા પર ખાલી આવતી હોય તે તાલનું નામ શું છે ?

(અ) ઝપતાલ (બ) ચૌતાલ (ક) ત્રિતાલ (ડ) કહરવા

**2. નીચે આપેલ જોડકાં જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (1) ખેમટા | (1) ઠુમરી |
| (2) દીપચંદી | (2) ધીંના |
| (3) ચૌતાલ | (3) 6 માત્રા |
| (4) ઝપતાલ | (4) 6 ખંડ |

* * *

# 5 છંદ, વાદ્યપ્રકાર અને ભારતીય સંગીત શૈલી

**પ્રસ્તાવના :**

છંદોબદ્ધ ગુજરાતી કાવ્યોમાં આવતા છંદના મુખ્ય બે પ્રકારો છે : (1) માત્રામેળ છંદ અને (2) અક્ષરમેળ છંદ. આ પ્રકરણમાં આપણે **માત્રામેળ છંદ**ના બંધારણ સાથે ચોપાઈ છંદ, હરિગીત છંદ, દોહરો છંદ તથા **અક્ષરમેળ છંદ**ના બંધારણ સાથે અનુષ્ટુપ, શિખરિણી, મંદાક્રાંતા, શાર્દૂલવિક્રીડિત વગેરે છંદોનો અભ્યાસ કરીશું.

ઉપરાંત ભારતીય વાદ્યોના મુખ્ય ચાર પ્રકારોના વર્ગીકરણનો ઉદાહરણો અને ચિત્રો સાથેનો અભ્યાસ કરીશું અને ભારતની મુખ્ય બે સંગીત શૈલીઓ - ઉત્તર હિન્દુસ્તાની અને દક્ષિણ હિન્દુસ્તાની વિશેનો પણ ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરીશું.

**(1) છંદ અને તેના પ્રકારો :**

નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચનાને **છંદ** કહે છે. અક્ષર એ વાણીના ઉચ્ચારનો એકમ છે. અક્ષરો ભેગા મળી શબ્દો બને છે અને શબ્દોની વાણી બને છે. કવિ પોતાની કૃતિમાં વાણીને પ્રયોજતાં તેના અક્ષરોના માપથી ભિન્નભિન્ન આકૃતિઓ રચે છે. આ આકૃતિ કે આકાર તે જ છંદ.

**છંદને પોતાનું આગવું બંધારણ હોય છે, અને આ બંધારણને લીધે જ કાવ્યનું સર્જન લય સાથે ભાવકને આકર્ષે તથા આનંદિત કરે છે.** છંદ લઘુ-ગુરુ વર્ણો કે માત્રાઓનાં નિશ્ચિત અને નિયમિત આવર્તનોનો એક વિશિષ્ટ સમૂહ છે. સંગીતશાસ્ત્રના અભ્યાસથી જેમ સંગીતનો વધુ આનંદ લઈ શકાય છે, તેમ છંદશાસ્ત્રના અભ્યાસથી કાવ્યોનો વધુ આનંદ લઈ શકાય છે. આ છંદોનું બંધારણ સમજવા તેના પારિભાષિક શબ્દો જેવા કે વધુ અને ગુરુની ઉદાહરણ સહ સમજ મેળવીએ.

**લઘુ :** એટલે નાનું. જે અક્ષરનો ઉચ્ચાર કરતાં સમય ઓછો લાગે છે તેને હ્રસ્વ કે લઘુ અક્ષર કહે છે તેની સંજ્ઞા **'લ'** છે.

**ઉદાહરણ :** અ, ઈ, ઉ અને ઋ - હ્રસ્વ સ્વરોથી બનેલ અક્ષરોને લઘુ અક્ષરો કહે છે. **ક, કિ, કુ, કૃ**-લઘુ અક્ષર ગણાય છે.

**ગુરુ :** એટલે મોટું. જે અક્ષરનો ઉચ્ચાર પ્રમાણમાં વધુ સમય લે છે તે દીર્ઘ અથવા ગુરુ અક્ષરો કહે છે. તેની સંજ્ઞા 'ગા' છે.

**ઉદાહરણ :** આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ - દીર્ઘ સ્વરો **કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ** - ગુરુ અક્ષર ગણાય છે.

**લઘુ : ∪ નિશાની (અર્ધ ચંદ્રાકાર)** હ્રસ્વ અક્ષરો માટે

**ગુરુ : – નિશાની (આડી લીટી) દીર્ઘ અક્ષરો માટે**

**ઉદાહરણ :**

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| - | - | - | ∪ | ∪ | - | ∪ | - | ∪ | ∪ | ∪ | ∪ | - | - | ∪ | - | - | ∪ |
| ઉ | ગે | છે | સુ | ર | ખી | ભ | રી | ર | વિ | મૃ | દુ | હે | મં | ત | નો | પૂ | ર્વ |
| ગા | ગા | ગા | લ | લ | ગા | લ | ગા | લ | લ | લ | લ | ગા | ગા | લ | ગા | ગા | લ |

હવે આપણે છંદના બે પ્રકારો વિશે સમજીએ : (I) અક્ષરમેળ છંદ અને (II) માત્રામેળ છંદ

**(I) અક્ષરમેળ છંદ :** જેની પ્રત્યેક પંક્તિના અક્ષરોની સંખ્યા નિશ્ચિત કરેલી હોય છે તેવા છંદને **અક્ષરમેળ છંદ** કહે છે. **લઘુ** અને **ગુરુ** એ અક્ષરમેળ છંદના એકમો છે. અક્ષરમેળ છંદોને **વૃત્તો** પણ કહેવાય છે.

**અક્ષરમેળ છંદો :** અનુષ્ટુપ, શિખરિણી, મંદાક્રાતા, શાર્દૂલવિક્રીડિત વગેરે.

● **અનુષ્ટુપ છંદ :** આ અયતિક અક્ષરમેળ છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં 8 (આઠ) અક્ષરો આવે છે, તેમાંનો પાંચમો અક્ષર લઘુ હોય છે. ઓછાં નિયમનવાળો આ છંદ **ધીર-ગંભીર** ભાવના આલેખન માટે પ્રખ્યાત છે. સંસ્કૃત સાહિત્યનો તે જૂનામાં જૂનો છંદ ગણાય છે.

**બંધારણ : 8 - 8 અક્ષરના 4 ચરણ હોય છે.** પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો લઘુ, છઠ્ઠો અને સાતમો ગુરુ તેમાં છેલ્લો અક્ષર લઘુ ન હોવો જોઈએ.

**સ્વરાંકન :**

**સા ગ - ગ - ગ - ગ રે - ગ - ગ,**
નિ શા - જે - સ - ર્વ ભૂ - તો - ની,
**રે - ગ - રે - સા નિ઼ સા - રે રે;**
તે - માં - જા - ગ્ર ત સં - ય મી;
**સા - રે - ગ - ગ - ગ રે - ગ - રે,**
જે - માં - જા - ગે - બ ધાં - ભૂ - તો,
**નિ઼ - રે - નિ઼ - રે ગ રે - નિ઼ સા.**
તે - જ્ઞા - ની - મુ નિ ની - નિ શા.

ઉદાહરણ :

**(1) નિશા જે સર્વભૂતોની, તેમાં જાગ્રત સંયમી,**
**જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.**

**(2) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય,**
**તે માટે તક જોઈ તમામ, શક્તિ વિચારી કરિયે કામ.**

**(કવિ દલપતરામ)**

● **શિખરિણી છંદ :** આ **સયતિક** અક્ષરમેળ છંદ છે. તેના પ્રત્યેક ચરણમાં 17 (સત્તર) અક્ષરો હોય છે, જેમાં (9 લઘુ + 8 ગુરૂ) આવે છે. તેની દરેક પંક્તિના છઠ્ઠા અક્ષરે **યતિ** આવે છે. આ છંદનો **સંસ્કૃત** અને **ગુજરાતી** સાહિત્યમાં સારા પ્રમાણમાં પ્રયોગ થયો છે. શરૂઆતમાં એક **લઘુ** પછી સામટા પાંચ **ગુરૂવાળો** શિખરિણી છંદ આપણને **ગિરિ-શિખર**ના ચઢાણની પ્રતીતિ કરાવે છે. યતિ પછીનો પંક્તિનો બીજો ખંડ એક સામટા પાંચ લઘુથી શરૂ થતો હોઈ શિખર ચઢ્યા પછી સડસડાટ નીચે ઉતરતાં હોય તેવો આભાસ થાય છે, તેનું સ્વરૂપ સ્વરાંકન સાથે નીચે મુજબ છે.

**બંધારણ :**

**લગા ગાગાગાગા, લલલલલગા, ગાલ, લલગા**
(ય મ ન સ ભ લ ગા)

**સ્વરાંકન :**

**ધ઼સા - રે - ગ - મ - ગ રે, રેગ રે સા નિ઼ સા - રે ગ — - રે નિ઼ રે સા;**
અસ - ત્યો- માં - હે - થી -, પ્રભુ પ ર મ સ - ત્યે - — તું લ ઈ જા;
**સાપ - પ - પ - પ - પ, સા પ પ પ પ પ - ધ — - પ મ મ ગ રે**
ઊંડા - અં - ધા - રે - થી પ્રભુ પ ર મ તે - જે — - તું લ ઈ જા.
મહા - મૃ - ત્યુ - માં - થી, અ મૃ ત સ મી પે - ના — - થ લ ઈ જા -
**રે ગ - રે - સા ની઼ સા રે ગ, રે ગ રે સા ની઼ સા રે ગ — રે ની઼ રે સા.**
તું હી - ણો - હું - છું - તો, તુ જ દ ર સ નાં - દા — ન દ ઈ જા.

ઉદાહરણ :

(1) અસત્યો માંહેથી, પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા
તું હીણો હું છું તો, તુજ દરસના, દાન દઈ જા. **(કવિ ન્હાનાલાલ)**

(2) કદી મારી પાસે, વનવન તણાં હોત કુસુમો;
સુધા સ્પર્શે ખીલ્યાં, મધુ છલકતાં, શ્રીનીતરતાં

- **મંદાક્રાંતા છંદ :** આ છંદની વર્ણસંખ્યા 17 (સત્તર) છે અને એમાં ચોથા અને દસમા અક્ષરે યતિ આવે છે.

**બંધારણ :** મ ભ ન ત ત ગા ગા અને તેનું સ્વરૂપ ગા **ગા ગા ગા / લલલલલગા / ગાલગાગાલગાગા છે.**

**ઉદાહરણ :** હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

- **શાર્દૂલવિક્રીડિત છંદ :** આ છંદની વર્ણસંખ્યા 19 (ઓગણીસ) છે અને એમાં બારમા અક્ષરે યતિ આવે છે.

**બંધારણ :** મ સ જ સ ત ત ગા અને તેનું સ્વરૂપ **ગાગાગા લલગા લગા લલલગા / ગાગાલગાગાલગા છે.**

**ઉદાહરણ :** ઊગે છે સુરખી ભરી રવિમૃદુ, હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ, સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.

**II માત્રામેળ છંદ :**

માત્રામેળ છંદને **જાતિ છંદો** પણ કહે છે. તેનો સંબંધ છંદમાંની પંક્તિઓની અક્ષર સંખ્યા સાથે નહીં પણ માત્રાની સંખ્યા સાથે છે. તેથી તે સંગીતના તાલોમાં ગાઈ શકાય છે. અહીં લઘુની એક અને ગુરુની બે માત્રા ગણવામાં આવે છે. તેમાં નિયત સંખ્યાનાં માત્રા સંધિના આવર્તનો હોય છે.

આ માત્રા સંધિઓ **ચાર** છે : (1) ત્રિકલ (2) ચતુષ્કલ (3) પંચકલ અને (4) સપ્તકલ.

**(1) ત્રિકલ :** ત્રણ માત્રાની સંધિને **ત્રિકલ** કહે છે. તેને **તાલ દાદરામાં** પ્રયોજી શકાય.

**(2) ચતુષ્કલ :** ચાર માત્રાની સંધિને **ચતુષ્કલ** કહે છે. તેને **તાલ કહરવા, ધુમાળી, ત્રિતાલ** વગેરે તાલોમાં પ્રયોજી શકાય.

**(3) પંચકલ :** પાંચ માત્રાની સંધિને **પંચકલ** કહે છે. તેને **ઝપતાલ તાલમાં** પ્રયોજી શકાય.

**(4) સપ્તકલ :** સાત માત્રાની સંધિને **સપ્તકલ** કહે છે. તેને તાલ **રૂપક, તેવરા** વગેરે તાલોમાં પ્રયોજી શકાય.

**માત્રામેળ છંદોમાં** ચોપાઈ, હરિગીત, દોહરો વગેરેનો સમાવેશ થાય છે. જેના વિશે માહિતી મેળવીએ.

- **ચોપાઈ છંદ :** આ છંદમાં **15 માત્રા, 4 ચરણ** અને **1 તાલ** હોય છે.

**સ્વરૂપ :** ગાગા ગાગા ગાગા ગાલ

એમાં 4 (ચાર) માત્રાની ચતુષ્કલ સંધિનું 3 (ત્રણ) વખત આવર્તન થાય છે અને છેલ્લે ગુરુ - લઘુ આવે છે.

**ઉદાહરણ :** વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે ?
ખળુ ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એક જન.

- **હરિગીત છંદ :** આ છંદમાં **28 માત્રા, 4 ચરણ અને તાલ 8 : 3, 6, 10, 13, 17, 20, 24** અને **28મી માત્રાએ** આવે છે.

**14** અને **16** માત્રાએ **યતિ** આવે છે.

**એમાં 7 (સાત) - 7 (સાત) માત્રાનાં સપ્તકલ સંધિનાં 4 આવર્તનો આવે છે.**

**એનું સ્વરૂપ :** ગાગાલગા, ગાગાલગા, ગાગાલગા, ગાગાલગા

એમાં છેલ્લો **(28)મો** અક્ષર **ગુરુ** હોવો જોઈએ.

**ઉદાહરણ : 1** સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી;
સુખ-દુઃખ સદા ટકતા નથી, એ નીતિ ઉર ઉતારવી.

**ઉદાહરણ : 2** જ્યાં જ્યાં નજર મારી ઠરે;
યાદી ભરી ત્યાં આપણી.

- **દોહરો છંદ :** આ છંદમાં **24** માત્ર **4** ચરણ અને તાલ **3 : 1, 5** અને **9**મી માત્રાએ આવે છે.
**પહેલા** અને **ત્રીજા ચરણમાં 13 માત્રા તથા 11મી માત્રાએ લઘુ અક્ષર આવે છે.** બીજા અને ચોથા ચરણમાં પણ **11** માત્રા આવે છે. છેલ્લા બે અક્ષર **ગુરુ** અને **લઘુ** હોય છે.
**ઉદાહરણ :** ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ.

**(2) ભારતીય વાદ્યોના પ્રકાર :**

પ્રાચીનકાળથી જ ભારતીય વાદ્યોને મુખ્ય **4 (ચાર)** પ્રકારમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. જે નીચે મુજબ છે.

(I) તંતુ વાદ્ય (II) અવનધ્ધ વાદ્ય (III) ઘનવાદ્ય અને (IV) સુષિર વાદ્ય

**(I) તંતુ વાદ્ય :** તંતુ વાદ્ય એટલે **તારવાળાં** વાદ્ય.

જે વાદ્યની સ્વર ઉત્પત્તિ **તાર** દ્વારા થતી હોય તેને **તાર**વાળાં વાદ્ય કહે છે.

તંતુ વાદ્યોના બે પેટા પ્રકાર છે. તત્ અને વિતત્

- **તત્ વાદ્ય**

જે વાદ્યને મિજરાબ જેવા સ્ટ્રોકર અથવા આંગળી દ્વારા વગાડવામાં આવે છે તેને તત્ વાદ્ય કહેવાય છે.

**ઉદાહરણ :** સિતાર મિજરાબ દ્વારા, સરોદ જવા દ્વારા, મેન્ડોલીન અને ગિટાર સ્ટ્રોકર દ્વારા અને તાનપૂરો અને એકતારો આંગળી દ્વારા વગાડવામાં આવે છે.

- **વિતત્ વાદ્ય**

જે વાદ્યમાં સ્વરોની ઉત્પત્તિ તાર ઉપર ગજ ઘસવાથી થાય છે તે વાદ્યને **વિતત્ વાદ્ય** કહેવાય છે.

**ઉદાહરણ :** સારંગી, વાયોલિન, દિલરૂબા, રાવણહથ્થો વગેરે.

**(II) અવનદ્ધ વાદ્ય :** અવનદ્ધ વાદ્ય એટલે ચર્મ કે ચામડાનાં વાદ્ય. જે વાદ્યમાં **ચર્મ કે ચામડા**થી પોલા ભાગને મઢી દઈને સ્વરની ઉત્પત્તિ કરવામાં આવે તેને **અવનદ્ધ વાદ્ય** કહે છે. આ વાદ્યોનો ઉપયોગ મુખ્યત્વે **તાલ અને લય** માટે થાય છે.

**ઉદાહરણ :** તબલા, ઢોલક, પખવાજ, ઢોલ, મૃદંગ, નાલ, બોગો-કોગો, ડ્રમ, ડમરૂ વગેરે...

**(III) ઘન વાદ્ય :** ઘન વાદ્ય એટલે નક્કર ધાતુના વાદ્ય. જે વાદ્યોની સ્વર ઉત્પત્તિ નક્કર ધાતુ દ્વારા થતી હોય તેને ઘનવાદ્ય કહે છે. સંગીતમાં આ વાદ્યનો ઉપયોગ **''સાઈડ રીધમ''** તરીકે કરવામાં આવે છે. આવાં વાદ્યોમાં સ્વરની ઉત્પત્તિ પરસ્પર આઘાત કે ઘર્ષણ આપવાથી થાય છે.

**ઉદાહરણ :** કરતાલ, મંજીરા, કાંસીજોડા, ઝાંઝ, ઘંટાતરંગ, જલતરંગ, પિયાનો વગેરે...

**(IV) સુષિર વાદ્ય :** સુષિર વાદ્ય એટલે **ફૂંક કે હવાના** વાદ્યો.

જે વાદ્યોની સ્વર ઉત્પત્તિ **ફૂંક કે હવા** દ્વારા થતી હોય તેને સુષિર વાદ્ય કહે છે.

**ઉદાહરણ :** વાંસળી, હાર્મોનિયમ, શરણાઈ, બીન, શંખ, ક્લેરીઓનેટ, પાવો વગેરે...

સંગીત માટેના વાદ્યના ચાર પ્રકારોનો ઉલ્લેખ રામાયણમાં નીચે મુજબ છે.

| **(1) તંતુ વાદ્ય** | **(2) અવનધ્ધ વાદ્ય** | **(3) ઘન વાદ્ય** | **(4) સુષિર વાદ્ય** |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ |
| વીણા | મૃદંગ | કાંસ્ય | શંખ |
| વિપંચી | ભેરી (નોબત) | આઘાટિ (મંજીરા) | વેણુ |

• તત-વિતત્ વાદ્ય (તારવાળાં વાદ્યો)



તાનપૂરો

સિતાર





ગિટાર

સારંગી





હવાઈ/મ્યૂટ ગિટાર



વાયોલીન



રાવણહથ્થો

- અવનદ્ધવાદ્ય (ચામડાથી મઢેલાં વાદ્યો)



તબલા



ઢોલ



ઢોલક



મૃદંગ (પખાવજ)



ડ્રમ



ટિંબાલી



ખંજરી

- ઘનવાદ્ય (નક્કર ધાતુના વાદ્યો)



કાંશી જોડા



કરતાલ



મંજીરા



પિયાનો



ટ્રાયંગલ બેલ



જલતરંગ

- સુષિર વાદ્ય (ફૂંક કે હવાના વાદ્યો)



વાંસળી (બંસી)



સેક્સોફોન



ક્લેરીયોનેટ



ટ્રમ્પેટ



એકોર્ડિયન



રણશિંગુ



હાર્મોનિયમ

**(3) ભારતીય સંગીત શૈલીના પ્રકારો :**

ભારતીય સંગીત શૈલી મુખ્ય 2 (બે) છે :

(i) ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલી અને

(ii) દક્ષિણ હિન્દુસ્તાની સંગીત શૈલી (કર્ણાટકી સંગીત શૈલી)

**(I) ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલી :**

મોગલ સુલતાનોના આગમનથી ઉત્તર-ભારતમાં **ફારસી** અને **અરબી** સંગીતની અસર ભારતીય સંગીત પર જોવા મળે છે.

**પ્રચારના પ્રદેશોઃ** ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહારમાં આ પદ્ધતિ પ્રચલિત છે.

**સ્વર પ્રકારો :** 7 (સાત) શુદ્ધ સ્વર અને 4 (ચાર) કોમળ સ્વર તથા 1 (એક) તીવ્ર સ્વર મળીને કુલ 12 (બાર) સ્વરો થાય છે. આ પદ્ધતિમાં સ્વરની સૌથી નીચી અવસ્થા કોમળ સ્વર છે.

**ઉદાહરણ :** રે (કોમળ રિષભ) ગ (કોમળ ગંધાર) ધ (કોમળ ધૈવત) અને નિ (કોમળ નિષાદ)

**સા અને પ** આ બે સ્વરોને અચળ સ્વરો તરીકે સ્વીકાર્યા છે.

**થાટ :** ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલીમાં કુલ - 32 થાટ છે. જેમાંથી 10 થાટની પદ્ધતિ પ્રચલિત છે.

શુદ્ધ સ્વરોનો થાટ તરીકે **બિલાવલ** ગણાય છે.

**ગીત પ્રકારો :** આ પદ્ધતિમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી, તરાના, ચતરંગ વગેરે વિવિધ ગીતપ્રકાર હોય છે.

**રાગ :** આ પદ્ધતિમાં ભૂપાલી, દુર્ગા, માલકૌંસ, કાફી, યમન જેવા અનેક રાગો છે. એક સ્વરના બે સ્વરૂપ પાસપાસે આવતાં નથી. રાગમાં ઓછામાં ઓછા 5 (પાંચ) અને વધુમાં વધુ 7 (સાત) સ્વરો હોય છે.

**ભાષા :** આ પદ્ધતિમાં ગીતો મોટે ભાગે વ્રજ અને હિન્દી ભાષામાં હોય છે. તદ્પરાંત ગુજરાતી, પંજાબી, મરાઠી, મારવાડી, ઉર્દૂ વગેરે ભાષાઓનો પણ સમાવેશ થાય છે.

**તાલ :** આ પદ્ધતિમાં તાલવાદ્ય તરીકે તબલા અને પખાવજ પ્રચલિત છે. ચોક્કસ માત્રાના ખાલી-ભરીવાળા તાલ હોય છે. જેમ કે દાદરા, કહરવા, ત્રિતાલ, ઝપતાલ, એકતાલ, ચૌતાલ વગેરે...

**ગાયન શૈલી :** આ પદ્ધતિમાં આલાપ, તાન બોલતાન, મીંડ, ગમક તથા કણ સ્વર મહત્ત્વના ગણાય છે. જેમાં શબ્દ, સ્વર અને લયનું આકર્ષણ હોય છે.

**(II) દક્ષિણ હિન્દુસ્તાની સંગીત શૈલી :**

દક્ષિણ ભારતમાં મોગલ શાસકો પહોંચી ન શકવાથી ફારસી અને અરબી સંગીતની અસર થઈ નહીં અને પ્રાચીન સંગીત યથાવત્ રહ્યું છે. આ પદ્ધતિને **કર્ણાટકી સંગીત** પણ કહે છે.

**પ્રચારના પ્રદેશો :** કર્ણાટક, કેરલ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મિઝોરમ, પોંડિચેરી, ઓરિસ્સામાં આ પદ્ધતિ પ્રચારમાં છે.

**સ્વર પ્રકારો :** આ પદ્ધતિમાં કુલ **12 (બાર)** સ્વરો છે, પરંતુ કેટલાંક સ્વરોના બે-બે નામ છે. જેવાં કે શુદ્ધ ગંધારષ્ટ, શ્રુતિરિષભ. સ્વરની સૌથી **નીચી અવસ્થા શુદ્ધ સ્વર** છે. **સા** અને **પ અચળ સ્વરો** ગણાય છે.

**થાટ :** આ પદ્ધતિમાં **કુલ થાટ 72** છે. જેમાંથી **19 થાટ**ની પદ્ધતિ પ્રચલિત છે. **કનકાંગી** શુદ્ધ સ્વરનો થાટ ગણાય છે.

**ગીતપ્રકારો** : આ પદ્ધતિમાં તિલ્લાના, પલ્લવી, વર્ણમ્, કીર્તનમ્, પદમ્, જાવલી, શબ્દમ્ જેવા વિવિધ ગીત પ્રકારો જોવા મળે છે.

**રાગ :** આ પદ્ધતિમાં કલ્યાણી, મોહનમ્, ખરહરપ્રિય જેવાં અનેક રાગો છે. **એક સ્વરના બે સ્વરૂપ એક સાથે લઈ શકાય છે.**

**ભાષા :** આ પદ્ધતિમાં મલયાલમ, તમિલ, કન્નડ, તેલગુ, સંસ્કૃત જેવી ભાષાઓનો સમાવેશ થાય છે.

**તાલ :** આ પદ્ધતિમાં મુખ્ય **7 (સાત) તાલ** છે. તેની **5 (પાંચ)** જાતિઓ ગણવામાં આવે છે. આમ **કુલ 35 (પાંત્રીસ) તાલ** છે. તાલવાદ્ય તરીકે **મૃદંગમ્** પ્રચલિત છે.

**ગાયન શૈલી :** આ પદ્ધતિમાં સ્વરોનું વિશિષ્ટ ઉચ્ચારણ થાય છે. **તાન** અને **ગમકો**નું પ્રાબલ્ય છે અથવા જોવા મળે છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) છંદની વ્યાખ્યા આપો.
(2) લઘુ અને ગુરુ વચ્ચેનો તફાવત વ્યાખ્યા દ્વારા જણાવો.
(3) છંદના કેટલાં પ્રકાર છે ?
(4) અક્ષરમેળ છંદ કોને કહેવાય ?
(5) માત્રામેળ છંદનું બંધારણ શું છે ?
(6) ત્રિકલ એ કેટલી માત્રાની સંધિથી બનેલી હોય છે ?
(7) ચતુષ્કલ એટલે શું ?
(8) પંચકલ એ કયા તાલમાં પ્રયોજી શકાય છે ?
(9) સપ્તકલ એટલે શું ?
(10) ભારતીય વાદ્યોના મુખ્ય કેટલાં પ્રકાર છે ?
(11) તત્-વિતત્ વાદ્ય એટલે શું ?
(12) બે અવનધ્ધ વાદ્યના નામ આપો.
(13) ઘનવાદ્ય એટલે શું ?
(14) કોઈપણ બે સુષિર વાદ્યના નામ આપો.
(15) ભારતીય સંગીત શૈલી કેટલી છે ?
(16) ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલીના પ્રચારના પ્રદેશો કયા છે ?
(17) દક્ષિણ હિન્દુસ્તાની સંગીત શૈલીનો શુદ્ધ સ્વરોનો થાટ કયો છે ?

**2. નીચે આપેલાં પ્રશ્નોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પરના વર્તુળને "✓" નિશાની કરો.**

(1) નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે તેને શું કહે છે ?
(અ) ગીત (બ) છંદ (ક) તાલ (ડ) પ્રબંધ

(2) છંદના કેટલા પ્રકાર છે ?
(અ) 4 (બ) 3 (ક) 2 (ડ) 5

(3) અનુષ્ટુપ એ કયા છંદ પ્રકારમાં આવે છે ?
(અ) અક્ષરમેળ (બ) માત્રામેળ (ક) મનમેળ (ડ) કોઈ નહિ

(4) ચોપાઈ છંદ એ કયા છંદ પ્રકારમાં આવે છે ?
(અ) મનમેળ (બ) માત્રામેળ (ક) અક્ષરમેળ (ડ) કોઈ નહિ

(5) સિતાર એ કયા વાદ્ય પ્રકારમાં આવે છે ?

(અ) અવનધ્ધ (બ) ઘન (ક) તત્ - વિતત્ (ડ) સુષિર

(6) કયું વાદ્ય અવનધ્ધ વાદ્ય ગણાય છે ?

(અ) મંજીરા (બ) ગિટાર (ક) વાંસળી (ડ) તબલા

(7) જે વાદ્યની સ્વર ઉત્પત્તિ નક્કર ધાતુ દ્વારા થતી હોય તે વાદ્યને શું કહે છે ?

(અ) ઘન (બ) તત્-વિતત્ (ક) સુષિર (ડ) અવનધ્ધ

(8) નીચેનું કયું વાદ્ય સુષિર વાદ્ય છે ?

(અ) વાયોલિન (બ) વાંસળી (ક) મંજીરા (ડ) નાલ

(9) ભારતીય સંગીત શૈલી મુખ્ય કેટલી છે ?

(અ) 3 (બ) 4 (ક) 2 (ડ) કોઈ નહિ

(10) ઉત્તર અને દક્ષિણ હિન્દુસ્તાની સંગીત પદ્ધતિમાં કયા બે સ્વરો અચલ ગણાય છે ?

(અ) મ અને ની (બ) સા અને પ (ક) રે અને ધ (ડ) ગ અને ની

(11) ઉત્તર હિન્દુસ્તાની સંગીત શૈલીમાં પ્રચલિત થાટ કેટલાં છે ?

(અ) 10 (બ) 20 (ક) 30 (ડ) 40

(12) દક્ષિણ હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ/શૈલીમાં કુલ થાટ કેટલાં છે ?

(અ) 82 (બ) 72 (ક) 62 (ડ) 52

(13) ઉત્તર અને દક્ષિણ હિન્દુસ્તાની શૈલીમાં કુલ સ્વરો કેટલાં છે ?

(અ) 48 (બ) 36 (ક) 24 (ડ) 12

* * *

# 6 ભારતીય સંગીતની ઉત્પત્તિ અને સુગમ સંગીત

**પ્રસ્તાવના :**

દરેક કળામાં ઇતિહાસ છૂપાયેલો હોય છે. ભારતીય સંગીતની ઉત્પત્તિ અને તેના સંક્ષિપ્ત ઇતિહાસમાં વૈદિકયુગથી શરૂ કરી સ્વતંત્ર ભારતનું સંગીત તથા ગુજરાતની ખ્યાતનામ સંગીતની સંસ્થાઓ વિશે પરિચય મેળવીશું.

સુગમ સંગીતમાં ગુજરાતી કલાકારોનું યોગદાનમાં સુગમ સંગીતની વ્યાખ્યા સાથે ગુજરાતના જુદા જુદા નામાંકિત કલાકારોએ સુગમ સંગીત ક્ષેત્રે આપેલ યોગદાન વિશેની રસપ્રદ માહિતી આ એકમમાંથી મેળવીશું.

## (1) ભારતીય સંગીતની ઉત્પત્તિ અને તેનો સંક્ષિપ્ત ઇતિહાસ :

ભારતીય સંગીત પર ઘણીબધી સંસ્કૃતિઓનો પ્રભાવ જોવા મળે છે. ઇતિહાસમાં તેનો વિકાસ જોવા મળે છે. ભારતીય લલિત કળાનો ઇતિહાસ જોતાં પ્રાચીનકાળથી મધ્ય યુગ સુધી ધર્મ અને કળાનો અતૂટ સંબંધ છે. આ સંબંધથી બંનેને પોષણ મળ્યું છે. જેને મુખ્યત્વે નીચે મુજબ વહેંચી શકાય.

**(1) વૈદિક યુગ (2) મૌર્ય અને ગુપ્તકાળ (3) મોગલકાળ (4) અંગ્રેજકાળ તથા સ્વતંત્ર્યતા પછીનું સંગીત**

**(1) વૈદિક યુગ :** આ યુગના ઋગ્વેદનું સંગીત **પ્રાથમિક** અવસ્થામાં હતું. તેમાં ત્રણ પ્રકારના સ્વરોનો ઉપયોગ થતો હતો. **(I) ઉદાત્ત** - ઊંચા સ્વરો **(II) અનુદાત્ત** - નીચા સ્વરો **(III) સ્વરિત** - વચલા સ્વરો.

આગળ જતાં ઉદાત્તને હાલના **ગ, નિ** અનુદાત્તને હાલના **રે, ધ** અને સ્વરિતને હાલનાં **સા, મ, પ** સાથે સરખાવ્યા છે. ગાયનની દૃષ્ટિએ **સામવેદ** અગત્યનો ગણ્યો છે. કારણ કે સામવેદથી જ સંગીતનાં મૂળ સ્થપાયાં અને તેમાં હાલના **7 (સાતેય)** સ્વરોનો સમાવેશ થયો હતો. આ યુગમાં યજ્ઞ-પૂજા-અર્ચના સમયે સંગીતનો ઉપયોગ થતો હતો. સામૂહિક વેદ-પઠન, શ્લોક-ગાન થતું હતું. આ સમય દરમ્યાન **નારદમુનિ એ ''નારદીય - શિક્ષા''** નામના ગ્રંથની રચના કરી હતી. ત્યાર બાદ ભરતમુનિએ **'ભરત નાટ્યશાસ્ત્ર' મતંગમુનિએ 'બૃહદેશીય'** નામના ગ્રંથની રચનાઓ કરી હતી. ભરતમુનિએ પોતાના ગ્રંથમાં રાગોનું વર્ણન કર્યું નથી પણ મતંગમુનિએ રાગોની ચર્ચા તેમના ગ્રંથમાં કરી હતી. **આ યુગમાં મહતી વીણા, રાવણી વીણા વગેરે વીણાના અનેક પ્રકારો પ્રચારમાં આવ્યા.**

**આ યુગનો સમય ઈ.સ. પૂર્વે 1500ની આસપાસનો માનેલ છે. વૈદિક સમયમાં યજ્ઞયાગાદિ પ્રસંગોએ જે સંગીતમય મંત્રોનો ઉપયોગ થતો તેને છંદ કહેતા. આ મંત્રો ગાનારને તે સમયમાં ત્રણેય સપ્તકનું જ્ઞાન હતું. તેમ માનવામાં આવે છે. તાલની દૃષ્ટિએ પણ 2 (બે) પ્રકારનું સામગાન થતું હતું.**

**(2) મૌર્ય અને ગુપ્તકાળ :** આ સમય દરમ્યાન હિન્દુસ્તાની સંગીત, શિલ્પ ઇત્યાદી કળાઓની પ્રસિદ્ધિ હિન્દુસ્તાન બહાર પણ પ્રસરી અને આ જ સમય દરમ્યાન જ આપણી કળા ગ્રીસ, ઇજિપ્ત અને રોમની સંસ્કૃતિએ અપનાવી. આ સમયમાં હિન્દમાં તક્ષશીલા, નાલંદા, વિશ્વવિદ્યાલયમાં સંગીતકળાનું શિક્ષણ આપવામાં આવતું હતું. રાજાઓ દ્વારા કલાકારોને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો. જેથી સમાજમાં અને દેશમાં કળાઓનું મહત્ત્વ વધ્યું. આ કાળમાં **નારદ નામના પંડિત દ્વારા ''સંગીતમકરંદ''** નામના ગ્રંથની રચના કરી હતી. ઉપરાંત **પાર્શ્વદેવ નામના જૈન વિદ્વાને ''સંગીત સમયસાર''** નામનો ગ્રંથ લખ્યો હતો. **ભક્ત કવિ જયદેવે ''ગીત ગોવિંદ''** નામના ગ્રંથની રચના કરી હતી.

**(3) મોગલકાળ :** એટલે કે મુસ્લિમોના આગમનથી મોગલકાળ સુધીનો સમય.

આ સમયમાં જૌનપુરના **સુલતાન હુસૈન શર્કી** દ્વારા **''ખ્યાલ''** ગાયકીની શરૂઆત થઈ હતી. બાદશાહ અકબરના સમયમાં તાનસેન, બૈજુ-બાવરા, સ્વામી હરિદાસ, સૂરદાસ, મીરાંબાઈ, તુલસીદાસ અને અષ્ટછાપ કવિઓ - સંગીતકારો દ્વારા ભક્તિસંગીત **તેમજ ધ્રુપદ-ધમાર શૈલીનો વિકાસ થયો હતો.** ઈ.સ. 1719 થી 1740 માં રંગીલા વંશના અંતિમ રાજા **''મોહમદશાહ રંગીલે''** સંગીતકળામાં નિપુણ હતાં. તેમનાં દરબારમાં બે સંગીતકારો **સદારંગ** અને **અદારંગ** જેઓએ **''ખ્યાલ''** ગાયકીનો પ્રચાર કર્યો હતો.

**અંગ્રેજકાળ :** આ યુગની એક અજબ ઘટના છે કે અંગ્રેજોએ હજારો માઈલ દૂરથી પણ હિન્દુસ્તાન પર એકચક્રી

શાસન કરવાનું કાર્ય વર્ષો સુધી સરળતાથી કર્યું. જે કાર્ય ગુપ્તસમ્રાટો, સુલતાનો, મહારાજાઓ, મોગલ બાદશાહો અને પેશ્વાઓ ન કરી શક્યા તે અંગ્રેજોએ આપણા જ માણસો અને આપણી જ સમૃદ્ધિ વડે કરી બતાવ્યું.

બ્રિટિશ સલ્તનત સમજી ગઈ હતી કે જેનાં આધારે તે રાજ્ય કરતી હતી તે સૈન્ય પણ તેમના વશમાં રહે તેમ નહોતું. બીજા ઘણા કારણોસર અંગ્રેજોને હિન્દુસ્તાન છોડવું પડ્યું. રાષ્ટ્રીય ચળવળના જુવાળે વીસમી સદીની શરૂઆતથી અર્ધી સદી સુધી આપણી કળા, સંસ્કૃતિ, સાહિત્ય, સંગીત-દરેકને રાષ્ટ્રીય રંગ લાગવાનો શરૂ થઈ ગયો. પરદેશી શિક્ષણનીતિના બહિષ્કાર સાથે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ શરૂ થઈ. નૂતન વિચારસરણી ધરાવતા શિક્ષણશાસ્ત્રીઓને સંગીતની ઉપયોગીતા જણાઈ.

મોગલ અને અંગ્રેજકાળ વચ્ચેના સમયગાળામાં રાજ-રજવાડામાં સંગીતનો વિકાસ થયો હતો. આ યુગમાં ઘરાણાં પદ્ધતિ/ શૈલી પૂર્ણરૂપથી વિકાસ પામી હતી. ભારતમાં મુખ્યત્વે ગ્વાલિયર, જયપુર, કિરાના, આગ્રા વગેરે ઘરાણાં આજ સુધી વિકાસ પામતાં રહ્યાં છે. આઝાદી સંગ્રામ દરમ્યાન વિષ્ણુ નારાયણ ભાંતખંડે, પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર, ઉસ્તાદ ફૈયાંઝખાં, ઉસ્તાદ-અલ્લાદિયાંખાં, ઉસ્તાદ બડે ગુલામ અલીખાં વગેરે હિન્દુ-મુસ્લિમ વિદ્વાન કલાકારો દ્વારા સંગીતનો વિકાસ, તેનું શિક્ષણ પદ્ધતિસર વિકસતું રહ્યું. આ યુગમાં ઠુમરી, કથક નૃત્ય શૈલીનો વિકાસ થયો હતો. રવિન્દ્ર સંગીત નામની શૈલી કવિવર રવિન્દ્રનાથ ઠાકુર દ્વારા પ્રારંભ થયો હતો.

**સ્વતંત્ર ભારતનું સંગીત :** ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ સંગીતનો વ્યાપ ખૂબ વધ્યો હતો. શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યામાં વધારો થતો રહ્યો. સરકાર દ્વારા સંગીતને શાળાકક્ષાએ વિષયનું સ્થાન આપવામાં આવ્યું. હાલ આકાશવાણી (રેડિયો), ટી.વી. દ્વારા સંગીતનો વ્યાપ વધતો રહ્યો.

સ્વતંત્રતા બાદ ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં સંગીત-નૃત્ય-નાટક (નાટ્ય) અકાદમીની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા નવા-નવા ઉગતા કલાકારો તથા પ્રખ્યાત કલાકારોના કાર્યક્રમોનું ગામેગામ આયોજન થાય છે. લોકોમાં સંગીત પ્રત્યે રસ જાગ્રત થતો રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કલાકારોને ઍવોર્ડ્સ, પારિતોષિક આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ કલાકારોને શિષ્યવૃત્તિ અપાય છે. ભારતના રાષ્ટ્રપતિના હસ્તે ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીના સર્વોચ્ચ ઍવોર્ડ દ્વારા કલાકારોને સન્માન અપાય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા યુવક મહોત્સવનું પણ આયોજન કરવામાં આવે છે.

**ગુજરાતની ખ્યાતનામ સંગીત સંસ્થાઓ :**

(1) મહારાજા સયાજીરાવ ગાયકવાડ દ્વારા વડોદરામાં મ્યુઝિક કૉલેજ જેને **ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ** (મ્યુઝીક કૉલેજ)થી ઓળખાય છે.

(2) **અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ**- મિરજ દ્વારા ગુજરાતમાં તેની સંલગ્ન શાખાઓ દ્વારા સંગીતનું શિક્ષણ અપાય છે.

(3) બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ દ્વારા સંચાલિત **ગાંધર્વ મહાવિદ્યાલય અમદાવાદ** તથા તેને સંલગ્ન ગુજરાતના ગ્રામ્ય અને શહેરોમાં સંગીતનું શિક્ષણ અપાય છે.

(4) ગુજરાત રાજ્ય દ્વારા સંગીત નૃત્ય ભારતીય એકેડેમી સંચાલિત **સંગીત-નૃત્ય મહાવિદ્યાલય, રાજકોટ**.

(5) આ સિવાય સૌરાષ્ટ્ર, ભાવનગર, સરદાર પટેલ ગુજરાત વગેરે યુનિવર્સિટીઓમાં સંગીતનું શિક્ષણ અપાય છે.

## (2) સુગમ સંગીતમાં ગુજરાતી કલાકારોનું યોગદાન :

આપણે સૌપ્રથમ સુગમ સંગીત વિશે જાણી લઈએ. સુગમ સંગીત એટલે કાવ્યસંગીત. બીજા શબ્દોમાં કહીએ તો, સુગમ એટલે સહેલાઈથી સમજ પડે એવું સંગીત. 'સુગમ સંગીત' એટલે જનસાધારણને સમજાય તેવું સંગીત. લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતથી અલગ પાડવાના હેતુથી નવીન ઢાળનાં ગીતોને આકાશવાણી દ્વારા Light Vocal Music અર્થાત્ **હળવું કંઠ્ય સંગીતને** આપેલ નવું નામ **સુગમ સંગીત** ઘણી રીતે નોંખું જણાતું નથી. સુગમ સંગીત એ રાગ સંગીત અને લોકસંગીતનું વારસદાર છે. સુગમ સ્વરૂપે રજૂ કરતાં સંગીતના પ્રકારને **''સુગમ સંગીત''** નામ અપાયું છે. **'સુગમ સંગીત'** નામ આકાશવાણી દ્વારા 1940-'45ના સમયમાં પ્રચારમાં આવ્યું અને એ નામ **ઠાકુર જયદેવસિંહે** આપ્યું હતું. સુગમ સંગીતમાં મુખ્યત્વે ગીત, ગઝલ, ભજન, ગરબાને ધ્યાનમાં રાખીને ગુજરાતના કેટલાંક ગુજરાતી કલાકારોનું યોગદાન જોવાં મળે છે. ગુજરાતના અવિસ્મરણીય અવિનાશભાઈ વ્યાસે ગુજરાતી ગીત-સંગીતમાં તેમનું પ્રદાન અનન્ય છે. બોલચાલની ભાષાથી

શરૂ કરી અંદાજે **15,000** જેટલાં ઉચ્ચ સાહિત્યિક ગીતોના રચયિતા તથા **175** જેટલી ગુજરાતી સહિત **કુલ 250 ફિલ્મોના** સંગીતકાર **શ્રી અવિનાશ વ્યાસ**ને ગુજરાતી સંગીતના પર્યાય ગણી શકાય.

1970માં ભારત સરકારે તેઓને **'પદ્મશ્રી'** થી સન્માનિત કર્યા હતા. શ્રી અવિનાશ વ્યાસના જાણીતા સુગમ સંગીતના ગીતોમાં (1) માંડી તારું કંકુ ખર્યું... (2) પંખીડાને આ પિંજરું... (3) અચકો-મચકો કારેલી... વગેરે છે.

ગુજરાતના બે ઑલ ઇન્ડિયા રેડિયો સ્ટેશનના મ્યુઝિક પ્રોડ્યુસર તરીકેની ઉત્તમ સેવા અને સુગમ સંગીતનો બહોળો પ્રચાર - પ્રસાર કરનારમાં અમદાવાદના સ્વ. **શ્રી રસિકલાલ ભોજક** અને વડોદરાના **શ્રી જયદેવ ભોજક** છે. ગુજરાતના ખ્યાતનામ તમામ શિવાલયોમાં ''**શિવમહિમ્ન સ્તોત્ર**'' ગુજરાતી અર્થઘટનની કોમેન્ટ્રી સાથે વગાડાય છે, જ્યારે ''**રામરક્ષાસ્તોત્ર**''ના ગુજરાતી કોમેન્ટ્રી સાથે રેડિયો પરથી શ્રી જયદેવભાઈ ભોજકનું સર્જન કરેલ છે, જે રામનવમીના દિવસે રેડિયો પરથી પ્રસારિત કરાય છે. સ્વ. શ્રી રસિકલાલ ભોજક અને શ્રી જયદેવભાઈ ભોજકના સ્વરાંકન કરેલા સુગમ સંગીતના નામાંકિત કલાકારો દ્વારા હાલમાં પણ રેડિયો ટીવીના માધ્યમ દ્વારા સાંભળવા મળે છે. સ્વ. શ્રી રસિકલાલ ભોજકનું સ્વરાંકન અને **કૌમુદી મુન્શી**એ ગાયેલું ''સુંદરમ્''નું **''ઝાંઝર અલકમલક''**થી ખૂબ જાણીતું છે. જ્યારે શ્રી જયદેવ ભોજકનું સ્વરાંકન અને **શ્રી આસિત દેસાઈ**એ ગાયેલી ગનીભાઈ દહીવાલાની ગઝલ **''ન તો કંપ છે ધરાનો''** ખૂબ જાણીતી છે. ગુજરાતી ફિલ્મ અને સુગમ સંગીતમાં સિંહફાળો આપનાર સ્વરકાર **શ્રી ગૌરાંગ વ્યાસે** સુગમ સંગીતના 850 ગીતોનું સ્વરાંકન કરી ગુજરાતના ખ્યાતનામ કલાકારો પાસે કાર્યક્રમ, કેસેટ, રેડિયો, ટી.વી.ના માધ્યમો દ્વારા લોકભોગ્ય બનાવ્યાં છે. શ્રી ગૌરાંગ વ્યાસનું સ્વરાંકન, **શ્રી રમેશ પારેખ**નું લખેલ કાવ્ય અને ફિલ્મ સંગીતની પ્રખ્યાત ગાયિકા **શ્રીમતી આશા ભોંસલે**ના કંઠે ગવાયેલું ગીત **''સાંવરિયો રે મારો સાંવરિયો''** આજે લોક હૈયે વસેલ છે.

ગુજરાતી સુગમ સંગીતને સમૃદ્ધ કરનાર સ્વરકાર અને ગાયક **શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય**નું પ્રદાન પણ નોંધપાત્ર કહી શકાય. દુનિયાના તમામ દેશોમાં દસ હજારથી વધુ કાર્યક્રમ આપનાર, 60 જેટલી ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપનાર તથા ગુજરાત સરકારનો ગુજરાત ગૌરવ ઍવોર્ડ અને વિશ્વ ગુર્જરી ઍવોર્ડથી સન્માનિત શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય દ્વારા સ્વરાંકિત ગઝલ **''દિવસો જુદાઈના જાય છે...''** મોહમ્મદ રફી સાહેબના મધુર કંઠે ગવાયેલી છે. આવા જ બીજા એક ગુજરાતી કલાકાર અને સ્વરકાર (ગાયક) **શ્રી દિલીપ ધોળકિયા** એટલે એવો ગુજરાતી સંગીતાકાશમાં ઝળહળતો સદાય ચમકતો તારલો ગણાય છે. તેમણે ગાયેલું અને અજીત મર્ચંટ સ્વરાંકિત ગીત **''તારી આંખનો અફીણી...''** હાલમાં પણ સાંભળવા મળે છે. **શ્રી નીનું મજમુદાર** વડોદરાના જમીનદાર નાગર કુટુંબના સંતાન હતા. તેમણે પણ સુગમ સંગીતમાં યોગદાન આપેલ છે. તેમનું મૂળ નામ **શ્રી નિરંજન મજમુદાર** હતું. તેમણે ગુજરાતી ફિલ્મોમાં પણ સંગીત આપેલ છે. **''આકાશ ગંગા સૂર્યચંદ્ર તારા....''** આ ગીતના સ્વરાંકન (સ્વરકાર) શ્રી નીનુભાઈ મજમુદાર હતા. રાષ્ટ્રીય સમારોહ માટે જુદી જુદી ભાષાઓમાંથી સર્વશ્રેષ્ઠ રચનાઓની પસંદગી સરકાર દ્વારા થતી હોય છે. એમાં ગુજરાતી ભાષામાંથી **શ્રી નીનુભાઈ મજમુદાર**ની આ રચના પણ પસંદ થઈ હતી. મુંબઈમાં તેઓએ વીસ વર્ષ સુધી સુગમ સંગીતના મ્યુઝિક પ્રોડ્યુસર તરીકે સેવાઓ આપી હતી. **''પંખીઓએ કલશોર....''** તથા **''વૃંદાવન માટે સખી....''** આ તેમના સ્વરાંકન કરેલાં ગીતો ખૂબ જાણીતાં છે. **શ્રી ક્ષેમુભાઈ દિવેટીયા** એટલે સુગમ સંગીત કાર્યક્રમોના સંચાલક, નાટ્ય-સંગીતના સંગીત નિર્દેશક, ઑલ ઇન્ડિયા રેડિયોના માન્ય સ્વરકાર (ગાયક) ગુજરાત રાજ્ય સંગીત, નૃત્ય - નાટ્ય, અકાદમીના ભૂતપૂર્વ સભ્ય તથા ''સંગીતસુધા'' નામની ગુજરાતના 35 કવિઓના ગીતો 26 જુદા જુદા સુગમ સંગીતના કલાકારોના કંઠે ગવાયેલ સુગમ સંગીતના ગીતો, ગઝલ, ગરબાની અનોખી દસ કેસેટના સેટના પ્રસ્તુતકર્તા તથા ગજરાત રાજ્ય ''ગૌરવ પુરસ્કાર'' ઍવોર્ડ મેળવનાર છે. **''રાધાનું નામ તમે...''** તથા **''ચાલ સખી પાંદડીમાં...''** આ તેમના શ્રેષ્ઠ સ્વરાંકન કહી શકાય.

ગુજરાતના સુગમ સંગીતના સ્વરકાર-ગાયક **શ્રી આશિત દેસાઈ**એ પણ સિંહફાળો આપેલ છે. દેશ-વિદેશોમાં સુગમ સંગીતના પ્રચાર-પ્રસારમાં તેમનું પ્રદાન મહત્ત્વનું ગણી શકાય. **''હાથને ચીરો તો ગંગા નીકળે...''** તથા **''સાંજ પહેલાંની સાંજ...''** આ ગીતો તેમના ખૂબ પ્રસિદ્ધ પામેલ છે.

**શ્યામલ-સૌમિલ - આરતી મુનશીની ત્રિપુટી**એ ગુજરાતી સુગમ સંગીતને ગુજરાતમાં અને દેશ-વિદેશોમાં વહેતું કરેલ છે. શ્યામલ - સૌમિલે **''શીતલ''** શ્રેણી અંતર્ગત **''હસ્તાક્ષર''** નામનો સુગમ સંગીતનો છ ઓડિયો સી.ડી. તથા કેસેટોનો સેટ બહાર પાડેલ છે. 150 બાળકોને લઈને **''મેઘધનુષ''** જેવાં કાર્યક્રમો કરેલ છે. સંગીત ક્ષેત્રે કાર્યરત રહે તે હેતુસર શ્યામલ-

સૌમિલે **"ટચિંગ - ટ્યુન્સ"** નામે મ્યુઝિક કંપની શરૂ કરી છે. તેમના સ્વરાંકનોમાં **"વાંસલડી ડોટ કોમ..."** તથા **"એક છોકરીના હાથથી રૂમાલ પડે..."** ખૂબ પ્રસિદ્ધ પામેલ ગીતો છે.

ગુજરાતી સુગમ સંગીતને જીવંત રાખનાર સ્વરકાર અને ગાયક તરીકે **શ્રી નયનેશ જાની**નું નામ કેમ ભૂલાય ? સરળ સ્વરાંકનો અને સહજ ગાયકી ભાઈશ્રી નયનેશ જાનીની આગવી ઓળખ છે. તેમનાં સ્વરાંકન કરેલ અને સુગમ સંગીત ક્ષેત્રે ખૂબ પ્રસિદ્ધ પામેલ ગીતોમાં **"આંખોમાં બેઠેલા ચાતક..."** અને **"ભીંતે ચીતરેલા રૂડા ગરવા ગણપતિ..."** છે.

સુગમ સંગીત ક્ષેત્રે **શ્રી નયનભાઈ પંચોલી**નું યોગદાન પણ મહત્ત્વનું છે. "સંગીત ક્ષેત્રે મહેનત કરે એનું હીર ઝળક્યા વિના રહે નહીં" આ કહેનાર **શ્રી નયન પંચોલી**નું નામ સંગીતક્ષેત્રે દેશ-વિદેશોમાં પ્રસિદ્ધ છે. 1987માં શ્રેષ્ઠ **"ગઝલ ગાયક"** તરીકે **"બેગમ અખ્તર ઍવોર્ડ"** મેળવનાર શ્રી નયન પંચોલીને અન્ય નાના - મોટા ઍવોર્ડ સહિત ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશનનો શ્રેષ્ઠ ગાયકનો ઍવોર્ડ પણ મળ્યો છે. તેઓ ઑલ ઇન્ડિયા રેડિયોના 'એ' ગ્રેડના આર્ટિસ્ટ છે.

**શ્રી રવિન નાયક**નું નામ સંસ્કાર નગરી વડોદરાના પણ સુગમ સંગીત ક્ષેત્રે નોંધપાત્ર છે. સુગમ સંગીતને સમર્પિત આ કલાકાર ગાયક, કંપોઝર (સ્વરકાર) અને મ્યુઝિક ડાયરેક્ટર છે. જે **"રેમ પનિ"** નામની સંસ્થામાં કાર્યરત છે. દેશ-વિદેશોમાં સુગમ સંગીતના પ્રોગ્રામ આપનાર શ્રી રવિનભાઈ નાયકે વડોદરામાં પ્રખ્યાત **"ગરબા"** ગાયક તરીકે પણ ખ્યાતિ મેળવેલ છે. સુગમ સંગીતના મહોત્સવ સમા **"સમન્વય"** કાર્યક્રમમાં તેઓનું સ્વરાંકન (**"કંપોઝર ઑફ ધ યર" ઍવોર્ડ**)થી સન્માન થયું છે. તેમના જાણીતાં સ્વરાંકનોમાં **"અખિલ બ્રહ્માંડમાં તું એક શ્રીહરિ..."** તથા **"ગરબે રમવાને ગોરી નિસર્યા..."** ગણી શકાય.

**શ્રી રાજેન્દ્રભાઈ શાહ** (સ્વરકાર અને ગાયક) આકાશવાણી અને દૂરદર્શનના બી-હાઈ ગ્રેડ માન્ય કલાકાર છે. તેઓ વડોદરામાં **'ગુંજન'** નામની સંસ્થા ચલાવી ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરના સભ્યપદે રહી ચૂક્યા છે. તેઓ ગીત-ગઝલના સ્વરકાર અને પ્રખર ગાયક તરીકે નામના મેળવી. નેશનલ કક્ષાએ તેમજ સંગીતના પ્રચાર-પ્રસાર અર્થે વિદેશોમાં પણ સંગીતના અનેક કાર્યક્રમો આપ્યા છે. માઁ હરેશ્વરી દેવી તરફથી **"ગોલ્ડ મેડલ"** તેમજ બીજા અન્ય સન્માનો પ્રાપ્ત થયેલ છે.

આમ, સુગમ સંગીતમાં ગુજરાતના અન્ય નામાંકિત કલાકારોનું યોગદાન રહેલું છે. જેમ કે વડોદરાના શ્રેષ્ઠ ગરબા ગાયક શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય, શ્રી અતુલ પુરોહિત, શ્રી આશિત દેસાઈ, શ્રી અજીત મર્ચંટ, શ્રી અજીત શેઠ, શ્રી દિલીપ ધોળકિયા, શ્રી દલિપ ધોળકિયા, શ્રી આલાપ દેસાઈ, શ્રી અમર નિરંજન ભટ્ટ, શ્રી રાસબિહારી દેસાઈ, શ્રી વિભા દેસાઈ, શ્રી નયનેશ જાની, શ્રી નયન પંચોલી, કુ. ઐશ્વર્યા મઝમુદાર, શ્રી પાર્થિવ ગોહિલ વગેરેનો નોંધપાત્ર ફાળો રહેલો છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબો આપો :**

(1) વૈદિક યુગમાં સંગીતમાં કેટલા પ્રકારના સ્વરોનો ઉપયોગ થતો હતો ?

(2) ગાયન દૃષ્ટિએ કયો વેદ અગત્યનો ગણાય છે ?

(3) કયા યુગમાં તક્ષશિલા, નાલંદા વિશ્વ વિદ્યાલયમાં સંગીત કળાનું શિક્ષણ આપવામાં આવતું હતું ?

(4) કોના આગમનથી મોગલકાળ સુધીનો સમય ગણાય છે ?

(5) જૌનપુરના સુલતાન હુસેન શર્કી એ કઈ ગાયિકીની શરૂઆત કરી હતી ?

(6) કયા યુગમાં ઘરાના પદ્ધતિ પૂર્ણરૂપથી વિકાસ પામી હતી ?

(7) કોના હસ્તે ભારતરત્ન, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીનો ઍવોર્ડ અપાય છે ?

(8) સુગમ સંગીત એટલે શું ?

(9) સુગમ સંગીતનું નામ કોણે આપ્યું હતું ?

(10) 1970માં ભારત સરકારે શ્રી અવિનાશ વ્યાસને કયા ઍવોર્ડથી સન્માનિત કર્યા હતા ?

(11) ગુજરાતના બે ઑલ ઇન્ડિયા રેડિયો સ્ટેશનમાં મ્યુઝિક પ્રોડ્યુસરના નામ જણાવો.

(12) સુગમ સંગીતને સમૃદ્ધ કરનાર સ્વરકાર શ્રી પુરુષોત્તમભાઈ ઉપાધ્યાયને ગુજરાત સરકારનો કયો ઍવોર્ડ મળ્યો હતો ?

(13) 'તારી આંખનો અફીણી' આ ગીતના સ્વરકાર કોણ છે ?

(14) ભાઈશ્રી નીનું મજમુદાર કયા શહેરના જમીનદાર નાગર કુટંબના સંતાન હતાં ?

(15) શ્રી ક્ષેમુભાઈ દિવેટીયાને કયો ઍવોર્ડ મળ્યો હતો ?

(16) શ્રી નયનભાઈ પંચોલીને શ્રેષ્ઠ ''ગઝલ ગાયક'' તરીકે કયો ઍવોર્ડ મળ્યો છે ?

**2. નીચે આપેલ જોડકાં જોડો :**

| ''અ'' | ''બ'' |
|---|---|
| (1) નારદમુનિ | (1) ગીતગોવિંદ |
| (2) ભરત મુનિ | (2) સંગીત સમયસાર |
| (3) મતંગ મુનિ | (3) સંગીત મકરંદ |
| (4) પંડિત નારદ | (4) બૃહદેશીય |
| (5) પાર્શ્વદેવ | (5) ભરત નાટ્યશાસ્ત્ર |
| (6) ભક્ત કવિ જયદેવ | (6) નારદીય-શિક્ષા |
| (7) અવિનાશભાઈ વ્યાસ | (7) શિવમહિમ્ સ્તોત્રના સ્વરકાર |
| (8) રસિકલાલ ભોજક | (8) 850 ગીતોનું સ્વરાંકન |
| (9) ગૌરાંગભાઈ વ્યાસ | (9) પદ્મશ્રી ઍવોર્ડ મેળવનાર |
| (10) પુરુષોત્તમભાઈ ઉપાધ્યાય | (10) ''તારી આંખનો અફીણી''ના ગાયક |
| (11) દિલીપભાઈ ધોળકિયા | (11) ગુજરાત ગૌરવ અને વિશ્વ ગુર્જરી ઍવોર્ડ મેળવનાર |
| (12) ક્ષેમુભાઈ દિવેટીયા | (12) ''આકાશ-ગંગા સૂર્ય-ચંદ્ર''ના સ્વરકાર |
| (13) નીનુભાઈ મજમુદાર | (13) ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમીના ભૂતપૂર્વ સભ્ય |
| (14) શ્યામલ-સૌમિલ | (14) આંખોમાં બેઠેલા ચાતકના સ્વરકાર |
| (15) નયનેશ જાની | (15) ટચિંગ - ટ્યુન્સ નામે મ્યુઝિક કંપની શરૂ કરનાર |

* * *

## ગુજરાતી સુગમ સંગીતનાં પ્રસિધ્ધ કલાકારો



શ્રી અચલ મહેતા



શ્રી નયનેશ જાની



શ્રી અમર ભટ્ટ



શ્રી આશિત દેસાઈ



શ્રી અતુલ પુરોહિત



શ્રી ગૌરાંગ વ્યાસ



શ્રી હેમા દેસાઈ



શ્રી નયન પંચોલી



શ્રી દિલીપ ધોળકિયા



શ્રી રાસબિહારી દેસાઈ



શ્રી જયદેવ ભોજક



શ્રી પ્રભાતદેવ ભોજક

# 7 જીવનચરિત્ર

**પ્રસ્તાવના :**

ભારતીય સંગીતના ઇતિહાસમાં અનેક કલાકારોએ પોતાની કલાનું યોગદાન આપી, સંગીત વારસાને મૂલ્યવાન બનાવવાનો પ્રયત્ન કરેલ છે. આ વિદ્યાની સાધનાથી અનેક કલાકારોએ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંગીત કલાએ સામાન્ય કલા નથી, પરંતુ ઈશ્વરને પામવાની અને સંસ્કારનું સિંચન કરવાની ઉત્તમ કલા છે. એ આ એકમમાં જોવા મળે છે. વિદ્યાર્થીઓ આ એકમના અભ્યાસથી ભારતના મહાન સંગીત સાધકોનું જીવનચરિત્ર વાંચીને પ્રેરણા મેળવશે અને ભવિષ્યમાં તેમને સારા અને ઉચ્ચ કલાકાર બનવાની પ્રેરણા મળશે એ હેતુ આ એકમમાં જોવા મળશે. આ એકમ દ્વારા સ્વ. પંડિત વિષ્ણુદિગંબરજી, સ્વ. ઉસ્તાદ ફૈયાઝખાં તથા સ્વ. પંડિત આદિત્યરામજી જેવા મહાન સંગીત સાધકોના જીવન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે.

### (1) સ્વ. પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજી



પલુસ્કરજીનો જન્મ તા. 18-8-1872 શ્રાવણી પૂર્ણિમાને દિવસે કુરુંદવાડ જિલ્લાના બેલગાંવ ગામમાં થયો હતો. તેમના પિતા દિગંબર ગોપાલ એક પ્રસિદ્ધ કીર્તનકાર હતા. માતાનું નામ ગંગાદેવી હતું. બાળપણમાં ફટાકડા ફોડતાં અકસ્માત નડતાં તેમની આંખો નબળી પડી તે કારણે શાળાનું શિક્ષણ મેળવી શક્યા નહીં. તેમના પિતાએ તેમને સંગીતની તાલીમ માટે તે વખતના પ્રસિદ્ધ ગાયનાચાર્ય મિરજના પંડિત બાલકૃષ્ણ બુવા ઇચલકરંજીકર પાસે મોકલ્યા. વિષ્ણુ દિગંબરનો કુદરતી અવાજ સારો ન હોવા છતાં ખૂબ ખંતથી અને ધીરજથી દિવસના 14 થી 18 કલાક મહેનત કરી અવાજને ગાવા યોગ્ય બનાવ્યો. અંગ્રેજી શાસનને પરિણામે ભારતીય સંગીતની અવદશા થઈ હતી. સભ્યસમાજ સંગીતથી દૂર રહેતો હતો. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી સંગીતના પ્રચાર-પ્રસાર અર્થે ઈ.સ. 1896થી હિંદુસ્તાનના લગભગ બધા મુખ્ય શહેરોમાં કાર્યક્રમો આપી, એક ગાયક તરીકે નામના મેળવી, પહેલા સતારામાં, પછી વડોદરામાં ખૂબ માન મળ્યું. વર્તમાનપત્રોમાં પ્રશંસા થઈ. જૂનાગઢ કાઠિયાવાડ ગયા ત્યારપછી પંજાબ, 1897માં ગ્વાલિયર, મથુરા થઈ હાથરસ, અલીગઢ, દિલ્હી થઈને 1898માં જલંધર ગયા. રસ્તામાં અનેક સંગીત વિદ્વાનો મળ્યા. જલંધરથી અમૃતસર, લાહોર, કાશ્મીર, રાવલપિંડી થઈને ભરતપુર પાછા આવ્યા. સંગીત કલા અને કલાકાર પ્રત્યે લોકોને આકર્ષિત કર્યા. ઈ. સ. 1901માં લાહોરમાં અને ઈ. સ. 1908માં મુંબઈમાં 'ગાંધર્વ મહાવિદ્યાલય' ની સ્થાપના કરી. 1904માં વિદ્યાલયનું મકાન બાંધ્યું, ત્યાં શિક્ષણના ક્ષેત્રમાં નવા નવા પ્રયોગો કર્યા. નવી સ્વરલિપિ શોધી. ગીતના શૃંગાર રસના ખરાબ શબ્દોને બદલી ભક્તિરસના સુંદર શબ્દો રાખ્યા. ગીતના શબ્દોમાં પરિવર્તન કર્યું. સંગીતની સ્વરલિપિમાં 40 પુસ્તકો લખ્યાં અને છપાવ્યાં. સંગીત બાલ બોધ પહેલું પુસ્તક બે ભાષામાં છપાવ્યું. ત્યારબાદ બીજા સંગીત બાલબોધ, સંગીત તત્ત્વદર્શક, ભજનામૃત, લહરી, અલંકાર, રાગપ્રવેશ, ટપ્પા ગાયન, બાલપ્રકાશ વગેરે પુસ્તકો લખ્યાં. છાત્રાલય સાથેની સંગીતશાળા હોવાથી મફત શિક્ષણ, ભોજન અને રહેવાની વ્યવસ્થાને કારણે સન્નિષ્ઠ, સદાચારી અને સંસ્કારી શિક્ષકો તૈયાર કર્યા, તેમના શિષ્યોએ ભક્તિરસનાં પદોને શાસ્ત્રીય ઢાળમાં બેસાડી સંસ્કારી કુટુંબોને સંગીતમાં રસ લેતા કર્યા. પંડિતજી ગ્વાલિયર ઘરાનાના હતા. ખ્યાલગાયનમાં આલાપચારીનું અંગ હતું. તેમની રાગ રજૂઆત મધુર અને આકર્ષક હતી. સ્વર અને લય પર અદ્‌ભુત પ્રભુત્વ હતું. વિવિધ તાનો અને બોલતાનોનો અભ્યાસ હતો. તેમણે અનેક શ્રેષ્ઠ કલાકારો તૈયાર કર્યા જેમાં પં. ઓમકારનાથ ઠાકુર, પં. વિનાયકરાવ પટવર્ધન, પં. શંકર ગણેશ વ્યાસ, પં. નારાયણ મોરેશ્વર ખરે, પં. નારાયણ વ્યાસ, દત્તાત્રેય પલુસ્કર, પ્રો. બી. આર. દેવધર, વી. એ. કશાલકર, વી. એન. ઠકાર મુખ્ય છે. સન્ 1908માં પંડિતજી એ મુંબઈમાં ગાંધર્વ મહાવિદ્યાલયની એક શાખા ખોલી. લગભગ 15 વર્ષ સુધી વિદ્યાલયનું કાર્ય સારી રીતે ચાલતું રહ્યું. મકાન બનાવવા ખૂબ કર્જ કરવું પડ્યું. તે કર્જ ઘણા સમય સુધી આપી શક્યા નહીં. ફલસ્વરૂપ વિદ્યાલય બંધ થઈ ગયું. તેનાથી તેઓ ખૂબ નિરાશ થયા અને તેમનામાં સંસારમાંથી મન ઊઠી ગયું. તેઓ ગેરુઆ રંગનાં વસ્ત્ર પહેરવા લાગ્યા અને કાયમ **'રઘુપતિ રાઘવ રાજારામ'** કહેવા લાગ્યા. ત્યાર પછી તેમને નાસિકમાં **રામનામ આધાર આશ્રમ**ની સ્થાપના કરી. રામાયણનું પારાયણ કરવામાં પોતાનો સમય વીતાવતા. તુલસીદાસની ચોપાઈઓ વિવિધ ઢાળમાં સ્વરબદ્ધ કરી. ઈ.સ. 21-8-1931ના રોજ ભારતીય સંગીતના ઉદ્ધારક અને ભક્તિ-સંગીતના પૂજારીનો જીવનદીપ

બુઝાઈ ગયો. તેમને 12 પુત્રો હતા તેમાંથી 11 પુત્રોનું મૃત્યુ બાલ્યાવસ્થામાં જ થયું અને ફક્ત 1 પુત્ર દત્તાત્રેય વિષ્ણુ પલુસ્કર 35 વર્ષ સુધી સંગીતની સેવા કરતા રહ્યા, સન્ ૧૯૫૫ વિજ્યાદશમીએ તેમનું પણ દેહાવસાન થઈ ગયું.

### (2) સ્વ. ઉસ્તાદ ફૈયાઝખાં



ઉ. ફૈયાઝખાંનો જન્મ તા. 8-2-1881 ઉત્તરપ્રદેશના આગ્રા શહેરમાં રંગીલે ઘરાનામાં થયો હતો. કમનસીબે જન્મના 3-4 મહિના પહેલાં જ તેમના પિતાનું અવસાન થયું હતું. તેથી તેમનો ઉછેર અભ્યાસ, ભરણપોષણ વગેરે બધી જ જવાબદારી તેમના નાના ગુલામ અબ્બાસ ખાંને સંભાળી હતી. સંગીતનું શિક્ષણ તેમણે જ આપ્યું. તેમના પૂર્વજો અસલમાં હિંદુ વ્યવસાયી ગવૈયા હતા. ફૈયાઝખાંના પિતા 'રંગીલે' ઘરાનાના ગાયક હતા. આથી તેમને જન્મના સંસ્કાર 'રંગીલે' ઘરાનાના ઉપરાંત બચપણથી જ નાનાને ત્યાં આગ્રા ઘરાનાની તાલીમ મળી. તેમણે પોતાના ઘરાનાની વિદ્યા ઉપરાંત અન્ય ગાયકો પાસેથી ઠુમરી, ગઝલ વગેરેની તાલીમ મેળવી. ખાં સાહેબ ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી, ટપ્પા, ગઝલ, કવ્વાલી વગેરે બધા જ ગાયનમાં કુશલ હતા. ખ્યાલમાં પણ ધ્રુપદ - ધમારના જેમ નોમતોમનો આલાપ કરતા. તેમની સ્વર લગાવવાની રીતથી આગ્રા ઘરાનાનો આભાસ થઈ જતો હતો. તેમની ગાયકીમાં ખૂબ રંગત હતી. બોલ-બનાવ અને બોલતાનમાં જે આગ્રા ઘરાનાની વિશેષતા છે, ખૂબ નિપુણ હતા. સ્વર, લય અને તાલ પર તેમનો પૂર્ણ અધિકાર હતો. તેમની તાનો સ્પષ્ટ, સુંદર અને તૈયાર હતી. તે દરેક રાગ જુદા જુદા ઢંગથી ગાઈ શકતા. ફૈયાઝખાં કિશોરાવસ્થાથી જ સારું ગાઈ શકતા હતા. દરેક જગ્યાએ તેમનો પ્રભાવ ખૂબ પડતો. તે સમયના મૈસૂરના નરેશ ગાયક આપના ગાયનથી ખૂબ પ્રભાવિત થયા. તેમને 1906માં એક મેડલ અને સન્ 1911માં 'આફતાબે મૌસીકી'ની ઉપાધિ આપી. વડોદરા મહારાજા સયાજીરાવની વર્ષગાંઠ ઉપર ફૈયાઝખાં વડોદરા પહોંચ્યા. તેમના ગાયનથી સયાજીરાવ ખૂબ પ્રભાવિત થયા અને પોતાના દરબારમાં નિયુક્ત કરી લીધા. ત્યારથી અંતકાળ સુધી બીજા રાજ્યોમાં સારી નોકરી માટે આમંત્રણો મળતાં હોવા છતાં તેમણે વડોદરા છોડ્યું નહીં અને ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી અનેક શિષ્યો તૈયાર કર્યા. ખાં સાહેબ સંગીત શીખવવામાં ખૂબ ઉદાર હતા. વિદ્યાર્થીઓને સંગીત શિક્ષણ ઉપરાંત, રહેઠાણ, પોશાક, ભરણપોષણની જવાબદારી પોતે જ સ્વીકારતા. આમ ખાં સાહેબ એક જીવંત સંસ્થા હતા. તેમના મુખ્ય શિષ્યોમાં પંડિત એસ. એન. રાતાંજનકર, ઉસ્તાદ ગુલામરસુલખાં, ઉ. શરાફત હુસેનખાં, ઉ. લતાફત હુસેનખાં, ઉ. આતાહુસેનખાં, સ્વામી વલ્લભદાસ, દિલીપચંદ્ર બેદી, નરેન્દ્રરાય શુક્લ, કે. એલ. સાયગલ, સોહનસિંઘ વગેરેને ગણાવી શકાય. તેમણે 'પ્રેમ પિયા' ઉપનામથી ઘણી રચનાઓ સંગીતને આપી છે. સ્વર અને સાહિત્ય બંને પર સંપૂર્ણ અધિકાર ધરાવતા. આથી તેમની રજૂઆતમાં સમાનતા અને આત્મવિશ્વાસના દર્શન થતા. 1915માં અખિલ ભારતીય પરિષદનું સૌપ્રથમ અધિવેશન વડોદરામાં ભરાયું ત્યારે તેમને રાગ રામકલી અને ભૈરવી રાગ ભાવવિભોર થઈને ગાયાં. દરબાર હોલમાં પધારેલા રાજા-મહારાજાઓ, દિવાનો, બૌદ્ધિકો, ઉપરાંત સામાન્ય સ્થિતિના સ્ત્રીપુરુષો સ્તબ્ધ થઈ ગયા. તેમનામાં 'હું' પદ નહોતું. વડોદરાના રાજ્યગાયક તરીકે પોતાની ફરજ બજાવતાં ખાં સાહેબે ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. આ જવાબદારી નિભાવતાં આવા ઉદાર દિલના સંગીત કલાગુરુ તા. 5-11-1950ના રોજ અવસાન પામ્યા. આજે પણ તેમનો પહાડી અને મધુર અવાજ, રાગ જૈજૈવંતીમાં 'મોરે મંદિર અબ લૌં નહિ આયે', રાગ જોગમાં 'આજ મોરે ઘર આયે', રાગ લલિતમાં નિબદ્ધ 'તરપત હૂં જૈસે જલ બિન મીન' તથા રાગ નટ બિહાગમાં 'ઝન ઝન ઝન પાયલ બાજે' સાંભળીએ છીએ.

### (3) સ્વ. પંડિત આદિત્યરામજી

ઉત્તમ કોટિના ગાયક, મૃદંગવાદક અને શાસ્ત્રકાર તેમજ સંસ્કૃત અને આયુર્વેદમાં કુશળતા પ્રાપ્ત કરનાર એવા આદિત્યરામજીનો જન્મ ઈ.સ. 1819માં પ્રશ્નોરા નાગર કુટુંબમાં થયો હતો. આદિત્યરામજીના પિતા વૈકુંઠરાય મૂળ સૌરાષ્ટ્રના જામજોધપુર ગામના વતની હતા, પરંતુ જીવનનિર્વાહ માટે તેઓ જૂનાગઢમાં આવીને વસ્યા હતા. તેઓ સંસ્કૃતના પ્રકાંડ પંડિત, કવિ અને સંગીતપ્રેમી હતા. આદિત્યરામમાં જન્મજાત કવિત્વ, સંગીત અને વિદ્યાના સંસ્કાર હતા. તેમનો કંઠ સૂરીલો હોવાથી પિતાએ તેમને સંગીતનું પ્રાથમિક



શિક્ષણ આપ્યું. તેજસ્વી બુદ્ધિ, સ્મરણશક્તિ અને ગ્રહણ કરવાની શક્તિને લીધે તેમની સંગીતકલા ખીલવા લાગી. તેમની મધુર ગાયકીની વાત લોકજીભે ચઢીને જૂનાગઢ નવાબ બહાદુરખાનજીને કાને પહોંચી અને નવાબે તેમને સંગીત સાંભળવા બોલાવ્યા. ઈ.સ. 1827માં જૂનાગઢમાં નવાબ બહાદુરખાનજીનું રાજ્ય ચાલતું હતું અને તેઓ પોતે સંગીતના શોખીન હતા. એટલું જ નહિ જાણકાર પણ હતા. નવાબ સામે તેમણે સ્વર, લય અને તાલ પર કાબુ રાખીને એવા સૂર છેડ્યા કે નવાબ સાહેબ ખુશ થઈ ગયા. નવાબે તેમને નજરાણું આપીને નવાજ્યા. અને તેની સંગીતકલાને પ્રોત્સાહન આપ્યું. ઉપરાંત તેમને ઉસ્તાદ નન્નુમિયાં પાસે સંગીત શીખવાનો બંદોબસ્ત કરી આપ્યો. આ સમયે આદિત્યરામ ફક્ત 9 વર્ષના હતા. લખનૌના ઉસ્તાદ નન્નુમિયાં પાસેથી 8 વર્ષની સઘન તાલીમ લીધા બાદ આદિત્યરામ ગાયકીમાં ખૂબ નિપુણ બન્યા અને નવાબ બહાદુરખાને તેમને 17 વર્ષની નાની ઉંમરમાં જ રાજ્યગાયક બનાવી તેમનું સન્માન કર્યું. ખ્યાલ ગાયકી પર પ્રભુત્વ મેળવ્યા પછી પણ તેમણે સંગીતનો સાથ ન છોડ્યો. એક વાર તેઓ ગાતા હતા ત્યારે તેમના ઘરે ગિરના એક સાધુ આવી ચડ્યાં અને મૃદંગ પર સંગત કરવા લાગ્યા. આ સાધુની મૃદંગ વગાડવાની તૈયારી જોઈને આદિત્યરામને મૃદંગ શીખવાની ઇચ્છા થઈ અને તેમણે આ સાધુને ગુરુ બનાવી થોડા વર્ષો મૃદંગ શીખ્યું, આમ થોડા વર્ષોમાં તો તેમણે મૃદંગ વગાડવાની કળા પણ આત્મસાત્ કરી લીધી. આ ઉપરાંત તેઓએ પંડિત ગટુલાલના પિતા પંડિત ઘનશ્યામજી ભટ્ટ પાસેથી સંસ્કૃતના પાંચ મહાકાવ્યો, નાટકો અને ભાગવત વગેરે ગ્રંથોનું અધ્યયન કર્યું. આ ઉપરાંત તેમણે ઘનશ્યામજી પાસે હિંદી ભાષા અને હિંદી કાવ્યો શીખ્યા અને તેઓ હિન્દીમાં પણ કાવ્યો રચવા માંડ્યા. આમ સંગીતમાં તેઓ ઉત્તમ વાગ્યેયકાર બન્યા. આ ઉપરાંત તેમણે આયુર્વેદનો અભ્યાસ કરી તેમાં પણ નિપુણતા મેળવી.

17 વર્ષની વયે આદિત્યરામે પિતા ગુમાવ્યા. તેથી ઘરની આર્થિક જવાબદારી તેમના માથે આવી. તેમણે સંગીતને વ્યવસાય તરીકે અપનાવ્યું. પરંતુ તેમના આ નિર્ણયથી તેમના કુટુંબીજનો નારાજ થયા અને તેમણે આદિત્યરામનો તિરસ્કાર કર્યો. કારણ કે તે વખતે સંગીતકારનો ધંધો નીચી કક્ષાનો ગણાતો. પરિવારજનોના ખૂબ સમજાવ્યા પછી પણ તેઓ એકના બે ન થયા અને સંગીતને વળગી રહ્યા.

નવાબ બહાદુરખાન ઈ.સ. 1840માં અવસાન પામ્યા અને તેમના પુત્ર હામદખાન જૂનાગઢની ગાદીએ આવ્યા. હામદખાનને પણ સંગીતનો શોખ હતો એટલે તેઓ આદિત્યરામ પાસે સંગીત શીખવા લાગ્યા. ઈ. સ. 1841માં તેઓ જૂનાગઢ છોડી જામનગર આવ્યા. ત્યાં ધ્રુપદ-ધમાર ગાયકીના નિષ્ણાત એવા જામનગરની હવેલીમાં મહારાજ વ્રજલાલજી રહેતા હતા. આદિત્યરામને તેમણે પોતાની પાસે રાખી લીધા. વ્રજલાલજી પાસે બલરામજી નામના કુશળ સારંગીવાદક હતા, એટલે જામનગરમાં સંગીત ત્રિપુટી જામી પડી અને આદિત્યરામની સંગીત કીર્તિ બધે ફેલાતા તેમને જામનગરના મહારાજ જામસાહેબના જન્મદિવસે ગાવાનો મોકો મળ્યો. આદિત્યરામે તાનપૂરો લઈને તેમના મધુર કંઠે શુદ્ધસારંગ રાગ રજૂ કર્યો. આખી સભા આવા યુવાન અને આવા સૂરીલા આદિત્યરામનો અવાજ સાંભળી સ્તબ્ધ બની ગઈ. આ પ્રસંગ પછી જામસાહેબે ખૂબ માન-મરતબાથી આદિત્યરામને દરબારી સંગીતકાર બનાવ્યા. આ ઉપરાંત તેમણે ઈ.સ. 1846માં આદિત્યરામના લગ્ન પણ ધામધૂમથી કરાવી આપ્યા અને તેનો તમામ ખર્ચ જામસાહેબે ભોગવ્યો. જામસાહેબના મૃત્યુ પછી તેમના પુત્ર જામવિભાજી ઈ.સ. 1852માં ગાદીએ આવ્યા ત્યારે પણ તેમણે આદિત્યરામજીની બહુ દેખભાળ કરી અને વાર્ષિક ચાર હજાર કોરીનું સાલિયાણું બાંધી આપ્યું.

આદિત્યરામે જામનગરમાં સંગીતશાળા શરૂ કરી, આ ઉપરાંત હવેલીના મહારાજ વ્રજલાલજી સાથે સંગીતની યાત્રાએ નીકળ્યા અને અનેક સ્થળોએ સંગીતનું જ્ઞાન ફેલાવ્યું. જામનગરમાં પાછા ફરી તેમણે સંગીત ઉપર પુસ્તક લખવા માંડ્યું. જે 'સંગીતાદિત્ય' તરીકે આજે પણ સંગીતના અમૂલ્ય ગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે.

આદિત્યરામજીએ અનેક શિષ્ય તૈયાર કરી, ભારતીય સંગીતનો વારસો જાળવવામાં મદદ કરી. તેમના બંને પુત્રો કેશવલાલ અને લક્ષ્મીદાસ વઢવાણ રાજ્યના રાજ્યગાયક બન્યા અને તેઓએ પણ આદિત્યરામજીના સંગીત વારસાને જાળવી રાખ્યો. તથા 'સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી' તરફથી જ્યારે 1955માં આદિત્ય સંગીત મહોત્સવ ઉજવવામાં આવ્યો ત્યારે

તેઓએ કેશવલાલના શિષ્ય ભટ્ટ બળદેવજી તથા ચત્રભુજ રાઠોડે આદિત્યરામજીની પરંપરાનો ખ્યાલ આપ્યો હતો. આમ, આદિત્યરામજીની સંગીત ખ્યાતિ દુનિયાના ખૂણેખૂણે વ્યાપી ગઈ હતી. આમ બૈજુ પછી ગુજરાતને પોતાનો કહી શકાય તેવા મહાન સંગીતકાર આદિત્યરામજીને આજે પણ સૌ યાદ કરે છે.

આદિત્યરામના એક પુત્ર લક્ષ્મીદાસે 'સંગીતાદિત્ય' ગ્રંથને ગુજરાતી ભાષામાં પ્રકટ કરીને ગુજરાતી સંગીતકારોની સેવા કરી છે.

આવા પ્રખર ભાષાપંડિત, સંસ્કૃતના ધુરંધર વિદ્વાન, સંગીત શાસ્ત્રના રચયિતા અને મધુરકંઠના ઉત્તમ ગાયક આદિત્યરામ સંગીતના નભોમંડળમાં આદિત્યની જેમ અજવાળાં પાથરી 61 વર્ષની ઉંમરે ઈ.સ. 1880માં અસ્ત પામ્યા. સમગ્ર સૌરાષ્ટ્રમાં આદિત્યરામને સંગીતના આદિગુરુ માનવામાં આવે છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના જે જવાબ સાચા હોય તે વિકલ્પ પર '✓' નિશાની કરો.**

(1) પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજી સંગીત કોની પાસે શીખ્યા ?
(અ) ઉસ્તાદ ફૈયાઝખાં (બ) બાલકૃષ્ણબુઆ ઇચલકરંજીકર
(ક) ડી. વી. પલુસ્કર (ડ) ઉસ્તાદ અબ્બાસખાં

(2) ઉસ્તાદ ફૈયાઝખાં કયા કલાકાર તરીકે પ્રસિદ્ધ હતા.
(અ) તબલાવાદક (બ) સંતૂરવાદક (ક) નૃત્યકાર (ડ) ઠુમરી ગાયક

(3) પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજીના શિષ્ય કોણ હતા ?
(અ) પંડિત ઓમકારનાથ ઠાકુર (બ) ઉસ્તાદ લતાફત હુસેનખાં
(ક) ઉસ્તાદ શરાફત હુસેન (ડ) ઉસ્તાદ ગુલામરસુલ

(4) આદિત્યરામજીનો જન્મ કઈ સાલમાં થયો ?
(અ) 1872 (બ) 1881 (ક) 1819 (ડ) 1875

(5) પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરજી કયા ઘરાનાના ગાયક હતા ?
(અ) ગ્વાલિયર (બ) આગ્રા (ક) જયપુર (ડ) કિરાના

(6) આદિત્યરામજી કયા વાદ્યમાં પ્રસિદ્ધતા ધરાવતા હતા ?
(અ) વાયોલિન (બ) તબલા (ક) મૃદંગ (ડ) સિતાર

(7) પંડિત નારાયણ મોરેશ્વર ખરેના ગુરુ કોણ હતા ?
(અ) પંડિત ઓમકારનાથ ઠાકુર (બ) ઉસ્તાદ ફૈયાઝખાં
(ક) પંડિત વિષ્ણુદિગંબર પલુસ્કરજી (ડ) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેજી

* * *

# 8 જીવન અને શિક્ષણમાં સંગીત

**પ્રસ્તાવના :**

શિક્ષણમાં બુદ્ધિની કેળવણીની સાથે સાથે હૃદયની સંવેદના, સંસ્કાર અને ભાવનાઓનો પણ વિકાસ થવો જોઈએ, જે સંગીત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. સંગીત એ શિક્ષણ અને જીવન સાથે સંકળાયેલું એક મહત્ત્વપૂર્ણ પાસું છે. જેની મહત્તા આપણે હવે નિબંધરૂપે સમજીએ.

## નિબંધ - 1

### શિક્ષણમાં સંગીતનું મહત્ત્વ :

જીવનમાં દરેક પ્રસંગે સંગીતનું મહત્ત્વ છે, તેમ શિક્ષણમાં પણ સંગીતનું મહત્ત્વ છે. શાળાશિક્ષણની શરૂઆતથી બાળમંદિરમાં બાળગીતો, જોડકણાં શીખવવામાં આવે છે. જોડકણાંમાં બુદ્ધિગમ્ય, પ્રેરણાત્મક વાતો સંગીતને સહારે ભણાવવામાં આવે છે. બાળગીતોમાં પણ કંઈક સંદેશ હોય છે. તેને પણ સંગીત દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે, જેથી બાળકોમાં મસ્તી અને મનોરંજન દ્વારા માહિતીનું સિંચન થાય છે.

દુનિયાના લગભગ તમામ દેશોમાં શાળાકક્ષાએ સંગીતનું શિક્ષણ આપવામાં આવે છે. **ડૉ. એની બેસન્ટ** નામની એક યુરોપિયન મહિલાએ ભારતમાં સર્વપ્રથમ વાર શાળાઓમાં સંગીત-શિક્ષણની વિષય તરીકે શરૂઆત કરાવી. **શ્રી રવિન્દ્રનાથ ટાગોરે** પણ શાંતિનિકેતનમાં સંગીતશિક્ષણ ફરજિયાત બનાવ્યું. શિક્ષણમાં સંગીતને યોગ્ય મહત્ત્વ આપવાથી વિદ્યાર્થીઓમાં-

(1) કલાસૂઝ કેળવાય છે.

(2) આપણો કલા-સંસ્કાર વારસો સચવાઈ રહે છે.

(3) રાષ્ટ્રીય એકતાની ભાવના પણ કેળવાય છે. કારણ કે શાળા કક્ષાએ કોઈ ઊંચનીચ કે ધર્મના ભેદભાવ હોતા નથી. સર્વધર્મ પ્રાર્થનાનો હેતુ પણ એ જ છે.

(4) વિદ્યાર્થીઓમાં રજૂઆતની નિર્ભયતા અને ખેલદિલીનું સિંચન થાય છે.

(5) સંગીતકલાનો પ્રસાર થાય છે અને તેનો વ્યાપ વધે છે.

સામાન્ય એવી સમજણ છે કે સંગીતકાર, સંગીતશિક્ષક કે સંગીતના અન્ય કોઈ વ્યવસાયમાં પડવું હોય તો જ સંગીતની તાલીમ જરૂરી છે. આ માન્યતા યોગ્ય નથી. જીવનને સુંદર રીતે જીવવા સંગીતનું શિક્ષણ દરેક વ્યક્તિ માટે જરૂરી છે. બાળકના શારીરિક વિકાસ માટે વ્યાયામ, રમત-ગમત ઇત્યાદિ જરૂરી છે, તેવી જ રીતે તેના આત્માના ઘડતર માટે સંગીત અને અન્ય કળાઓનું શિક્ષણ આવશ્યક છે.

બાળકના જન્મ સાથે તેનું ઘડતર શરૂ થઈ જાય છે. આસપાસનું વાતાવરણ, કુટુંબના અન્ય બાળકો કે વડીલોનું બાળક પ્રત્યેનું વર્તન, બાળકના કાન પર પડતા ઘોંઘાટ કે મધુર નાદ ઇત્યાદિ દરેક વસ્તુનો પ્રભાવ બાળકના ચિત્ત પર અસરકારક રીતે પડતો હોય છે અને નાની ઉંમરમાં પડેલ આ સંસ્કાર બાળકના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

વારસામાં કે બાલ્યાવસ્થાથી જ જે બાળકને સંગીતના સંસ્કારો મળ્યા નથી તે બાળકોમાં સંગીતનો રસ કે રૂચિ ઉત્પન્ન થતાં ઘણો સમય લાગે છે. શિક્ષણ ત્યારે જ સફળ બને છે કે જ્યારે તે વિષયમાં રસ ઉત્પન્ન થાય. રસ ઉત્પન્ન થવા માટે સંપર્ક એ પાયાની વસ્તુ છે.

આજે સંગીત વિદ્યાલયો કે યુનિવર્સિટી સંચાલિત સંગીતની કૉલેજોમાં સ્નાતક થવા વિદ્યાર્થીઓ દાખલ થાય છે, પરંતુ તેમાં સ્નાતક કક્ષાનું જ્ઞાન ઘણા ઓછા પ્રાપ્ત કરે છે, કારણ કે પાયામાં જે પ્રાથમિક ઘડતર થવું જોઈએ તેનો અભાવ હોય છે.

બાલમંદિરથી માધ્યમિક શાળા સુધી અન્ય શિક્ષણ સાથે સંગીતનું શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે. શિખવાતા બધા વિષયો ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે વિદ્યાર્થીઓ લેતા નથી. તેવી રીતે સંગીતનું ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ઓછા વિદ્યાર્થીઓ તૈયાર થશે, પરંતુ સંગીતની સામાન્ય સમજણ પ્રાપ્ત કરનાર વર્ગ વધતો જશે. આ પ્રકારનો સંગીતની સમજણ ધરાવતો વર્ગ જ સંગીતકળા અને કળાકારોને પ્રોત્સાહિત કરી શકે.

સંગીત દ્વારા પડેલ સંસ્કારો ભાવાત્મક એકતા અને શુદ્ધ ભાવો ઉત્પન્ન કરે છે. વિશાળ ભારતના જુદા જુદા પ્રાંતો અને જ્ઞાતિઓ વચ્ચેનાં ઘર્ષણો સંગીત અને અન્ય લલિત કળાઓ દ્વારા ટાળી શકાય. આજે સાંસ્કૃતિક એકતાની દેશને જરૂર છે અને તે માટે અન્ય શિક્ષણ સાથે સંગીતનું શિક્ષણ અગત્યનો ફાળો આપી શકે.

## નિબંધ - 2

## જીવનમાં સંગીતનું સ્થાન

સમગ્ર સૃષ્ટિની સંગીત વિના કલ્પના કરવી મુશ્કેલ છે. માનવજીવનની એક-એક ક્ષણ સંગીતમય છે. સંગીત એ ફક્ત રાગ, તાલ કે નૃત્ય નહીં, પરંતુ સંગીત એટલે જીવન.

આપણા હૃદયના ધબકારા નિયમિત લયબદ્ધ હોય છે. મનુષ્ય તેના જન્મથી મૃત્યુ પર્યંત સંગીત સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલો છે. જન્મની વધામણી, નામકરણ, લગ્ન અને મૃત્યુ જેવા સારા-માઠા પ્રસંગોએ સંગીતની મહત્તા છે. સારા પ્રસંગે સંગીત દ્વારા ઉત્સાહ તથા આનંદ મળે છે. માઠા પ્રસંગે સંગીત દ્વારા સાંત્વના મળે છે. દરેક કોમ તથા ધર્મમાં સંગીત વણાયેલું છે. પરંતુ તેને પ્રસ્તુત કરવાની પદ્ધતિ અલગ અલગ હોય છે.

વિશ્વની ઉત્પત્તિ સાથે નાદની ઉત્પત્તિને સંબંધ છે. માનવજીવનના વિકાસ સાથે પશુ, પક્ષી અને કુદરતમાંથી ઉત્પન્ન થતા મધુર નાદોને માનવીએ ગ્રહણ કર્યા અને તેમાંથી આજના સંગીતનો વિકાસ થયો. પશુ-પક્ષી કરતાં માનવીનું જીવન અલગ છે. ફક્ત પોષણ અને જીવન જીવવાની નિરાંત ઉપરાંત, માનવીનું મન આનંદ તત્ત્વની શોધ કરતું રહે છે. આ આનંદતત્ત્વ કળા દ્વારા મળે છે, જેમાં સંગીતકળાનું સ્થાન સૌથી મોખરે છે. આર્થિક રીતે સધ્ધર એવી વ્યક્તિઓ પણ આનંદ અને શાંતિ માટે વ્યાકુળ બને છે. સંગીત દ્વારા મનને શાંતિ તેમજ આત્માને આનંદ પ્રાપ્ત થાય છે.

ભારતીય સંગીતનો જન્મ ધર્મભાવનામાંથી થયો છે. ઓમકારના ધ્વનિ સાથે મનની વૃત્તિઓ આપોઆપ શાંત થવા માંડે છે અને નિજાનંદના અનુભવ સાથે માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે. ધ્વનિનો આ આસ્વાદ મેળવવાનું ધ્યેય દરેક ધર્મમાં છે. આવી અસર ઉપજાવતું સંગીત આત્માની ઉન્નતિ કરે છે.

આપણે ત્યાં બધા જ લોકોને શાસ્ત્રીય સંગીત પસંદ આવે તેવું અશક્ય છે. પરંતુ, લોકસંગીત અને ફિલ્મી સંગીત તો પસંદ આવે જ છે. જુદી જુદી અવસ્થા દરમિયાન સંગીતની પસંદગી બદલાતી હોય છે. યુવાનીમાં ગઝલ, ફિલ્મીસંગીતનો પ્રભાવ વધુ જોવા મળે છે. જ્યારે વૃદ્ધાવસ્થામાં ભક્તિસંગીતનો પ્રભાવ વધુ જોવા મળે છે. નાના બાળકની વાત કરીએ તો તેને સૂવાડવા માટે માતા જ્યારે હાલરડું ગાય છે ત્યારે બાળક શાંતિથી સૂઈ જાય છે. શાળામાં દાખલ થાય ત્યારે જોડકણાં, બાળગીતો દ્વારા સંગીતને માણે છે. ઘરમાં પણ પૂજા-આરતી વખતે સંગીતનો ઉપયોગ થાય છે. મંદિર, ગુરૂદ્વારા, દેરાસર, દેવળમાં પણ સંગીત અનિવાર્યપણે સાંભળવા મળે છે. આપણે પક્ષીઓનો કલરવ સાંભળીએ છીએ, તેમાં પણ સંગીત છે. વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી બાબત છે કે સંગીત દ્વારા માનસિક તાણ, થાક દૂર થાય છે અને એક પ્રકારની સ્ફૂર્તિ મળે છે.

પશુઓમાં પણ સંગીતની અસર જોવા મળે છે. ગાયોને દોહતી વખતે સંગીત સંભળાવતાં તે વધુ દૂધ આપે છે, જે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સિદ્ધ થયું છે. માનવીના અસાધ્ય રોગો પણ સાધ્ય થયાના પ્રયોગો થયા છે. આપણા મહાન વૈજ્ઞાનિક સર ડો. જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ છે એ બાબત ફૂલછોડને સંગીત સંભળાવીને સિદ્ધ કરી છે. ગાયન વખતે શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી પ્રાણાયામ થાય છે, જેથી ફેફસાં મજબૂત બને છે. વાદ્ય વગાડવામાં અને નૃત્ય કરવામાં શરીરના વિવિધ સ્નાયુઓને કસરત મળે છે. સંગીતને વ્યવસ્થિત રીતે જો સાધ્ય કરીએ તો એક કલાકાર તરીકે કારકિર્દી બનાવી સમાજમાં નામના પણ મેળવી આર્થિક રીતે સદ્ધર થઈ પગભર થઈ શકાય છે.

આમ, સૃષ્ટિના તમામ જીવો માટે સંગીત જીવન સાથે સંકળાયેલું મહત્ત્વપૂર્ણ પાસું છે.

# 9 પ્રસિદ્ધ સંગીતકારો

**પ્રસ્તાવના :**

આ એકમ દ્વારા ગુજરાતના શાસ્ત્રીય સંગીત તથા સુગમ સંગીતના ખ્યાતનામ કલાકારો વિશે માહિતી મેળવીશું. જેમાં ગુજરાતના શાસ્ત્રીય સંગીતના કલાકારો જેવાં કે સ્વ. શ્રી રાવજીભાઈ પટેલ અને સ્વ. શ્રી આર. સી. મહેતા તથા સુગમ સંગીતના કલાકારો પૈકી સ્વ. શ્રી અવિનાશ વ્યાસ, સ્વ. શ્રી અજીત મરચન્ટ, શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને શ્રી જયદેવભાઈ ભોજકની સંગીતયાત્રા વિશે જાણીશું.

---

## ગુજરાતના શાસ્ત્રીય સંગીતના પ્રસિધ્ધ કલાકારો

### (I) સ્વ. શ્રી રાવજીભાઈ પટેલ



બૃહદ્ ગુજરાત સંગીત સમિતિના ભિષ્મપિતામહ તથા આદ્યસ્થાપક સ્વ. શ્રી રાવજીભાઈ હીરાભાઈ પટેલનો જન્મ 10 જૂન 1911માં **ખેડા** જિલ્લાના **વાસદ** ગામમાં થયો હતો. તેમના પિતાશ્રી **હીરાભાઈ** અને માતા શ્રીમતિ **સુરજબા** હતા. તેમના માતા-પિતાને ગીત-સંગીત તથા ભજનોનો ખૂબ શોખ હતો. તેથી જ રાવજીભાઈ પટેલને બાળપણથી સંગીતનો વારસો મળ્યો હતો. નાનપણમાં તેમણે **'સવાઈ માધવરાવ'** નાટકમાં અભિનય સાથે પોતાનો સૂરીલો કંઠ આપીને લોકોની ખૂબ જ પ્રશંસા મેળવી હતી.

તેમણે સંગીતનું શિક્ષણ અમદાવાદ ખાતે **ગુજરાત વિદ્યાપીઠમાં 'સ્વ. પંડિત નારાયણ મોરેશ્વર ખરે'** પાસેથી લીધું હતું. તેઓ શ્રી ગુરુજીના પ્રિય શિષ્યોમાં સ્થાન પામ્યા હતા. તેઓએ ખંત અને સખત મહેનત કરી **સંગીત પ્રવીણ**ની સર્વોચ્ચ પરીક્ષા પાસ કરી હતી. **1957માં તેઓ 'બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ'**ની સ્થાપના કરી જે આજે વટવૃક્ષ બનીને ખીલી રહી છે.

વડોદરા, બનારસ, ચંદીગઢ, મુંબઈ વગેરે સ્થળોની મ્યુઝિક કૉલેજોમાં **'પરીક્ષક'** તરીકેની અમૂલ્ય સેવાઓ આપી હતી. **'આદિવાસી સંગીત'** અને **'રાગ દર્શન'** શ્રેણીના સાત ભાગ તેઓએ લખ્યા હતા. ગુજરાતની નામાંકિત સંસ્થાઓ દ્વારા તેઓને **'માનપત્ર'**થી સન્માનિત કર્યા હતા. ગુજરાત સરકારે તેઓને ગુજરાતના શાસ્ત્રીય સંગીતના પ્રચાર અને પ્રસારના કરેલા શ્રેષ્ઠ કાર્યો માટે **''ગૌરવ પુરસ્કાર''**થી નવાજ્યા હતા.

તેઓના શિષ્યો પૈકીમાં શ્રી પંકજભાઈ પટેલ, શ્રીમતી શેફાલીબેન શાહ, શ્રીમતી નીનાબેન ઠાકોર, શ્રી પ્રકાશભાઈ શાહ વગેરે મુખ્ય હતા.

### (II) સ્વ. પ્રો. આર. સી. મહેતા



પ્રો. આર. સી. મહેતાનું પૂરું નામ રમણલાલ છોટાલાલ મહેતા છે. જેઓ સુરતથી આવી વડોદરા વસ્યા હતા. સ્વ. પ્રો. આર. સી. મહેતા સંગીત વિદ્યા અને શાસ્ત્રના બહુશ્રુત જ્ઞાની પુરુષ હતા. તેઓશ્રી મહારાજા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ(મ્યુઝીક કૉલેજના) પ્રિન્સિપાલ પદ પર લાંબો સમય રહ્યા. આ પૂર્વે તેઓ ઑલ ઇન્ડિયા રેડિયોમાં ચં. ચી. મહેતા સાથે મુંબઈ વડોદરા તથા અમદાવાદમાં સેવાઓ આપેલી.

સંગીત ઉપરાંત, સૌંદર્યશાસ્ત્ર, સંગીતના સ્વરૂપનો તેમને ઊંડો અભ્યાસ હતો. તદુપરાંત નાટક અને ગુજરાતી સાહિત્યના

પણ જાણકાર હતા. સુગમ સંગીતમાં પણ તેઓએ ઊંડો રસ દાખવ્યો હતો. ભારતીય વિવિધ યુનિવર્સિટીઓના એક કમિટીઓમાં **''સક્રિય સભ્ય''** હતા. એમના જ્ઞાનથી પ્રભાવિત થઈને વિવિધ યુનિવર્સિટીઓએ, સંસ્થાઓએ ગુજરાત રાજ્યે એમનું બહુમાન કર્યું હતું. 'સાયકોલોજી ઑફ મ્યુઝિક' એ - સેઝ ઑન મ્યુઝીકૉલોજી, 'સ્ટડીઝ ઈન મ્યુઝીકોલોજી' 'મ્યુઝીકો ઑફ માયકોલોજી' 'ઑન મ્યુઝિક' **'ઠુમરી'** કંપોઝીશન ઈન ઈન્ડિયન મ્યુઝિક' જેવા વિષયોના ગ્રંથોના તેઓ 'સંપાદક' હતા. ભારત સરકારે **'પદ્મભૂષણ'**ના ઍવોર્ડથી સન્માનિત કર્યા હતા.

## ગુજરાતના સુગમ સંગીતના પ્રસિધ્ધ કલાકારો

### (I) સ્વ. અવિનાશ વ્યાસ



સ્વ. અવિનાશ વ્યાસનો જન્મ 21 જુલાઈ, 1912ના રોજ અમદાવાદ શહેરમાં થયો હતો. 1940માં મુંબઈ મુકામે તેઓએ ઉસ્તાદ અલાઉદ્દીન ખાં સાહેબ પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી હતી. એચ. એમ. વી. તથા યંગ ઈન્ડિયા રેકર્ડ કંપનીમાં તેઓએ **વાદક** તરીકે કામ કર્યું હતું. 1950 પછી તેઓ ગુજરાતી સુગમ સંગીતના સિતારા તરીકે ચમક્યા હતા. અવિનાશભાઈ વ્યાસ અંબાજી માતાજીના પરમ ભક્ત હતા. દર વર્ષે તેઓ અંબાજી યાત્રા ધામમાં મા અંબા માતાજીના દર્શને જતા હતા. ગુજરાતી ગીત-સંગીતમાં તેઓનું પ્રદાન અનન્ય ગણી શકાય. ગુજરાતી સંગીતના પર્યાય કહી શકાય એવા અવિનાશ વ્યાસ **ગીતકાર, સંગીતકાર** હતા. તેઓ 15000 જેટલાં બોલચાલની ભાષાથી માંડી ઉચ્ચ સાહિત્યિક ગીતોના રચયિતા હતા. તેમણે **175** જેટલી ગુજરાતી સહિત **કુલ 250** ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. તેઓએ **190** ફિલ્મોમાં **1217** ગુજરાતી ગીતોનું સ્વરાંકન કર્યું હતું. ગુજરાતી ફિલ્મ **'મંગલફેરા'**નું ગીત **'રાખના રમકડાં'** ભારતની અન્ય 18 ભાષામાં અનુવાદિત થયું તે ગૌરવપ્રદ ઘટના ગણી શકાય. ભારત સરકારે તેઓને **'પદ્મશ્રી'**થી સન્માન કર્યું હતું.

### (II) સ્વ. અજીત મરચન્ટ



સ્વ. અજીત મરચન્ટનો જન્મ 15 ઑગસ્ટ, 1922ના રોજ મુંબઈમાં થયો હતો. તેમની ધર્મપત્નીનું નામ નિલમબેન હતું. અજીતભાઈ મૂળ તો નાટ્યકલાકાર હતા પણ 1945થી સંગીત ક્ષેત્રમાં આવ્યા. તેઓ ભારતીય સંગીતના કંપોઝર અને ડાયરેક્ટર હતા.

ગુજરાતી સંગીત જગતનો ચમકતો સિતારો એટલે સ્વ. શ્રી અજીત મરચન્ટ. તેઓ ખ્યાતનામ સંગીતકારની સાથે સાથે નાટ્યકલાકાર પણ હતા. તેઓ 1945થી સંગીત ક્ષેત્રે જોડાયા હતા. તેઓના પિતાશ્રી જાણીતા 'ક્રિમિનલ લૉયર' હતા અને સંગીતના ખૂબ શોખીન હોવાને કારણે અજિતભાઈને પણ સંગીત શીખવા પ્રોત્સાહિત કરતા.

શ્રી અજિત મરચન્ટે **ભીંડીબજાર** ઘરાનાના ગુરુશ્રી **પંડિત શિવકુમાર શુક્લ** પાસેથી તાલીમ મેળવી હતી. મુકેશ, આશા ભોંસલે, મોહંમદ રફી તથા જગજીતસિંહ જેવા કેટલાય ખ્યાતનામ કલાકારોએ તેમનાં સ્વરાંકનો ગાયાં છે. તેમણે ગુજરાતી, હિન્દી, મરાઠી સહિત લગભગ 250 અઢીસો નાટકોમાં સંગીતનું સંચાલન કર્યું હતું. **'તારી આંખનો અફીણી...'**, તથા **'રામ ભજનની લગની લાગી...'** આ ગીતો ગુજરાતી ગીત-સંગીતના ઈતિહાસમાં 'માઈલસ્ટોન ગીત' બન્યા. મહારાષ્ટ્ર સરકારે તેઓને ગુજરાતી સાહિત્ય ઍકેડેમી ઍવોર્ડ 2007માં આપ્યો હતો.

### (III) શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય

શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ 15 ઑગસ્ટ, 1934ના રોજ ગુજરાતના ઉત્તરસંડા ગામમાં થયો હતો. તેઓનો પરિવાર ગરીબ અને સંસ્કારી હતો. નાનપણથી તેઓને સંગીતના ગીતો સાંભળવા ખૂબ ગમતાં હતા. શાળાએ ભણવા જતા ત્યારે પણ અભ્યાસ કરતાં રાગના અભ્યાસમાં વધુ રસ પડતો હતો. તેઓએ માત્ર છ વર્ષની ઉંમરે કવિશ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટનું એક ગીત **'સાધુ ચરણકમલ**



**ચિત્ત જોડ'** ગાયું હતું. શ્રી દિલીપ ધોળકિયા તરફથી મળેલ પ્રોત્સાહન પુરુષોત્તમભાઈની સંગીતકળાના વિકાસ માટે પૂરક બન્યું. તેમની વિકાસયાત્રામાં શ્રી અવિનાશ વ્યાસનો સિંહફાળો ગણી શકાય. તેઓએ મુંબઈમાં સંગીત શિક્ષક શ્રી નવરંગ નાગપુરકર પાસેથી શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ મેળવી હતી. સુગમ સંગીત તેમના રસનો વિષય હતો. ગુજરાતી સુગમ સંગીત માટે પુરુષોત્તમભાઈ ને અણમોલ ભેટ કહી શકાય. તેઓએ લત્તા મંગેશકર, મન્નાડે, મોહમ્મદ રફી જેવાં મહાન ગાયકો પાસે પોતાના સ્વરાંકિત ગુજરાતી ભાષાના ગીતો ગવડાવ્યા છે. સુગમ સંગીત ક્ષેત્રે પુરુષોત્તમ ઉપાધ્યાયે મધુર ગીતોની લહાણી કરીને ગુજરાતીને અનેક મધુર ગીતો આપેલ છે. તેઓને અનેક પારિતોષિકો અને પદવીઓથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ખ્યાતનામ ઠુમરી ગાયિકા **બેગમ અખ્તરે** શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકન કરેલ ગીતો ગાયા છે. ગુજરાતી સુગમ સંગીતની ધરોહર બની ચૂકેલા દિગ્ગજ કલાકાર શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે છ દાયકામાં દેશ અને વિદેશમાં 10 હજારથી વધુ સુગમ સંગીતના કાર્યક્રમો આપ્યા છે. તેઓને ટૉરેન્ટોમાં એશિયા કક્ષાનો ઍવોર્ડ મળ્યો હતો. ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે તેઓનું યોગદાન એટલું છે કે તેમના વિના સુગમ સંગીતની કલ્પના કરવી અઘરી છે. તેમણે 60 જેટલી ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપેલ છે. સ્વરાંકન કરેલા ગીતો પૈકી તેમણે **''પાન-લીલું જોયું ને તમે યાદ આવ્યા...'', ''મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી...'', ''દિવસો જુદાઈના જાય છે...''** વગેરે આજે પણ લોકહૈયામાં વસ્યા છે.

ગુજરાત સરકારે **''ગુજરાત ગૌરવ'', ''કલા ગુર્જરી'' અને ''વિશ્વ ગુર્જરી''** ઍવોર્ડથી તેઓને સન્માનિત કર્યાં છે.

## (IV) શ્રી જયદેવભાઈ ભોજક



શ્રી જયદેવભાઈ વાસુદેવ ભોજકનો જન્મ 7 ડિસેમ્બર, 1929માં ઉત્તર ગુજરાતના સિદ્ધપુર ગામમાં થયો હતો. બાલશિક્ષણના પ્રણેતા **શ્રી ગીજુભાઈ બધેકા** પાસેથી બાલમંદિરનું શિક્ષણ મેળવ્યું હતું. 1935 થી 1945માં હાઈસ્કૂલ કક્ષાનું શિક્ષણ સોનગઢ ગુરુકુળમાં લીધું હતું. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં બી.એ. થયા હતા. સંગીતનું શિક્ષણ પોતાના પિતાશ્રી કે જેઓ ભાવનગરના રાજગાયક હતા. તેમની પાસેથી મેળવ્યું હતું. સંગીત વિશારદમાં પ્રથમ વર્ગમાં પાસ કરેલ. **દાદા દલસુખરામ ઠાકોર, પિતા વાસુદેવભાઈ અને કાકા ગજાનનભાઈ પાસેથી** સંગીતનું શિક્ષણ મેળવ્યું હતું. 1963થી 1987 સુધી નિમણૂકથી નિવૃત્તિ સુધી વડોદરાના ઑલ ઇન્ડિયા રેડિયોના ''**મ્યુઝિક પ્રોડ્યુસર**'' તરીકે રહ્યા હતા. જે તેઓની લોકચાહના હતી. આકાશવાણી દ્વારા સુગમ સંગીત શિક્ષણના પાઠો તેમણે બ્રોડકાસ્ટ કર્યા હતા. રેડિયો - સ્વર પરીક્ષા - સમિતિના સભ્ય તરીકે તેઓએ સેવા આપેલ છે. ગીત ગઝલ, ભજન, સુગમ સંગીતના અસંખ્ય ગીતોને સ્વરબદ્ધ કરી લોકભોગ્ય બનાવ્યા છે. સુગમ સંગીતના કાર્યક્રમો જેવા કે ભજન સંધ્યા, ગઝલ સંધ્યા, ગીત સંધ્યા વગેરે કાર્યક્રમો કરી ગુજરાતના ખ્યાતનામ અને ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કર્યા છે.

સુગમ સંગીત શિક્ષણની 22 કેસેટો દ્વારા ઘરબેઠાં શીખી શકાય તેનું નિર્માણ કરેલ છે. રુસ્વા મઝલૂમીની ગઝલ **'મદિરા'** નામની કેસેટ તથા મ. સ. વિશ્વ વિદ્યાલય વડોદરાના ગુજરાતી વિભાગના વડા કવિશ્રી રણજીતભાઈ પટેલ(અનામી)ની **''ગીતા સુધા''** તથા **''અનામી ગીત''** એમ બે કેસેટો તૈયાર કરી હતી. **''કીર્તન કૌસ્તુભ''** નામ વૈષ્ણવ સંપ્રદાયના હવેલી સંગીતના પદો **શ્રી દ્વારકેશ લાલજીએ** તેઓની પાસેથી તૈયાર કરાવ્યા છે. આનંદઘનના પદોની ચાર કેસેટ જૈન મુનિશ્રી **આચાર્ય શીલચંદ્ર વિજયસુરીજી** માટે તૈયાર કરેલ છે.

આમ, વડોદરા, ભાવનગર, ઊંઝા, અંકલેશ્વર, મહેસાણા વગેરે સ્થળોએ સુગમ સંગીતના સ્ટેજ પ્રોગ્રામો કર્યા છે. તેઓએ કરેલાં ગીતોના સ્વરાંકનો આશિત દેસાઈ, મિતાલી મુખરજી, ભાવના નયન, રાજેન્દ્રભાઈ શાહ, કૃષ્ણકુમાર ગોસ્વામી, પ્રભાતદેવ

ભોજક, કવિતા ક્રિષ્ણમૂર્તિ, કર્ણીક શાહ, નિશા પારધી વગેરે નામાંકિત કલાકારોએ ગાઈને લોકભોગ્ય બનાવ્યા છે. ગુજરાતમાં **''સુગમ સંગીતની ઉત્ક્રાંતિ''** હિન્દુસ્તાની સંગીતના મહિલા સંગીતકારો, દક્ષિણ ભારતીયના સંગીતકારો વગેરે સંગીતના પુસ્તકો તેમણે લખ્યા છે.

**''ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન''** દ્વારા સંગીત સેવા ઍવોર્ડ તથા વડોદરા અને અન્ય શહેરોમાં ઍવોર્ડ અને શાલ ઓઢાડીને તેઓનું સન્માન કર્યું છે. 87 વર્ષની જૈફ વયે વડોદરામાં વિનામૂલ્યે સુગમ સંગીતનો ફેલાવો કરી રહ્યા છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) સ્વ. રાવજી પટેલનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(2) સ્વ. આર. સી. મહેતાનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(3) 'આદિવાસી સંગીત અને 'રાગ દર્શન' શ્રેણીના સાત ભાગ કોણે લખ્યા હતા ?

(4) પ્રો. આર. સી. મહેતાને ભારત સરકારે કયો ઍવોર્ડ આપ્યો હતો ?

(5) ગુજરાત સરકારે સ્વ. રાવજી પટેલને શ્રેષ્ઠ કાર્યો માટે કયો ઍવોર્ડ આપ્યો હતો ?

(6) સ્વ. અવિનાશ વ્યાસનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(૭) અજીતભાઈ મરચન્ટ મૂળ શેના કલાકાર હતા ?

(8) શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(9) શ્રી જયદેવ ભોજકનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

**2. ગુજરાતના ખ્યાતનામ શાસ્ત્રીય સંગીતના કલાકારોનો સચિત્ર પ્રોજેક્ટ બનાવો.**

(1) સ્વ. શ્રી રાવજી પટેલ અને

(2) સ્વ. આર. સી. મહેતા

**3. ગુજરાતના સુગમ સંગીતના કલાકારોનો સચિત્ર પ્રોજેક્ટ બનાવો.**

(1) શ્રી અજીત મરચન્ટ

(2) સ્વ. શ્રી અવિનાશ વ્યાસ

(3) શ્રી જયદેવ ભોજક

(4) શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય

* * *

# વિભાગ 2 : ક્રિયાત્મક

## 1 સ્વર જ્ઞાન

**પ્રસ્તાવના :**

અલંકાર એ ગાયન અને વાદન શીખવા માટેનું પ્રથમ પગથિયું છે. સ્વરનું જ્ઞાન મેળવવા માટે તેમજ તાલ જ્ઞાન મેળવવા માટે અલંકારને જાણવા-સમજવા ખૂબ જ જરૂરી છે. શુદ્ધ, કોમળ અને તીવ્ર સ્વરોનું જ્ઞાન મેળવવા માટે અલંકાર શીખવા ખૂબ જ જરૂરી છે. આપેલા રાગોના અલંકારોની મદદથી શુદ્ધ અને વિકૃત સ્વરવાળા અલંકારો વિદ્યાર્થીઓ જાણે, તૈયાર કરી શકે એ દ્વારા સંગીતના સ્વરો અને રાગોનું પાયાનું જ્ઞાન મેળવી શકે તે આ એકમનો હેતુ છે.

---

**(1) નીચે આપેલા અલંકારોને રાગ-ભૂપાલી અને રાગ દુર્ગામાં ગાવાનો અભ્યાસ :**

**રાગ - ભૂપાલી - અલંકાર**

(1) સારેગ, રેગપ, ગપધ, પધસાં
સાંધપ, ધપગ, પગરે, ગરેસા

(2) સારેગપ, રેગપધ, ગપધસાં
સાંધપગ, ધપગરે, પગરેસા

**રાગ - દૂર્ગા - અલંકાર**

(1) સારેમ, રેમપ, મપધ, પધસાં
સાંધપ, ધપમ, પમરે, મરેસા

(2) સારેમપ, રેમપધ, મપધસાં
સાંધપમ, ધપમરે, પમરેસા

**(2) શુદ્ધ સ્વર, કોમળ સ્વર અને તીવ્ર સ્વરની ઓળખ કરવી અને બતાવવી :**

મુખ્ય સ્વર ''સારેગમપધનિ'' સાત છે. આ સાત સ્વરોમાં સા અને પ સ્વર અચલ (અવિકારી) એટલે પોતાનું સ્વરૂપ બદલતા નથી. બાકી પાંચ સ્વર 'રે ગ મ ધ નિ' પોતાનું સ્વરૂપ બદલે છે. એટલે પોતાના નિયત સ્થાનથી નીચો અથવા ઉપર જાય છે. એટલે તેને ચલ (વિકારી) સ્વર કહે છે. પાંચ સ્વરમાંથી ચાર સ્વર 'રે ગ ધ નિ' કોમળ સ્વર અને એક સ્વર 'મ' તીવ્ર સ્વર કહેવાય છે. કોમળ સ્વરને ઓળખવા સ્વરની નીચે આડી લીટી કરવામાં આવે છે અને તે શુદ્ધ સ્વર કરતાં નીચો ગવાય છે. તીવ્ર સ્વરને ઓળખવા સ્વરની ઉપર ઊભી લીટી કરવામાં આવે છે અને તે શુદ્ધસ્વર કરતાં ઊંચો ગવાય છે. આ રીતે કુલ મળીને બાર સ્વર છે.

સા રે રે ગ ગ મ મ પ ધ ધ નિ નિ

'સા' સ્વર રે ગ મ પ ધ નિ આ છ સ્વરોનો ઉત્પાદક સ્વર છે. તેથી તે અચલ છે અને 'પ' ગણિતાનુસાર 'સા' સ્વરના અવાજથી સમપ્રમાણથી દોઢો ઊંચો છે. એટલે 'સા' સ્વરના અવાજમાં પૂર્ણરૂપથી સમ્મિલિત થઈ જાય છે અને 'રે ગ મ ધ નિ' સ્વર 'પ' સ્વરની જેમ સમપ્રમાણમાં સમ્મિલિત થતો નથી એટલે 'પ' સ્વર અચલ છે. સા અને શુદ્ધ રે વચ્ચે રે (કોમળ રીષભ) રે અને ગ શુદ્ધ સ્વર વચ્ચે ગ (કોમળ ગંધાર), મ અને પ શુદ્ધસ્વર વચ્ચે મ (તીવ્ર મધ્યમ), પ અને ધ શુદ્ધ સ્વર વચ્ચે ધ (કોમળ ધૈવત), ધ અને નિ શુદ્ધ સ્વર વચ્ચે નિ (કોમળ નિષાદ) હવે ગ - મ શુદ્ધ સ્વર અને ની - સાં શુદ્ધ સ્વર વચ્ચે એક પણ સ્વરનું અંતર નથી. સાથે જ છે.

**(3) સ્વરસમૂહ દ્વારા અભ્યાસક્રમમાં આવતા રાગોની ઓળખ સમજાવવી :**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | - | પનિસાંધમપ, નિધપ, ગરેસા | - | પટદીપ |
| 2 | - | મપધપમ, સારેસા, મ | - | કેદાર |
| 3 | - | ધ઼નિસામ, ગમધનિધ, મપધગ, રેસા | - | બાગેશ્રી |

4 - પમંગમગ, રેસા - બિહાગ

5 - ગમધધપ, ગમરે રેસા - ભૈરવ

6 - રેમપસાંધપ, ધમપ, ગ - રેસા - આસાવરી

7 - ગમગસા, ધનિ સા મ - માલકૌંસ

8 - ગમધનિરેંસાંનિધ, મગરેસા - બાગેશ્રી

9 - ધ - ધ નિનિસાંસાં, રેંસાં, નિસાંધપ - ભૈરવ

10 - ગમપનિસાંનિધપ, પમંગમગરેસા - બિહાગ

11 - પગરેંસાં, રેં નિધપ - આસાવરી

12 - ગમધ નિસાંનિધમ - માલકૌંસ

13 - સાંનિધપ, મંપધપ, મ - કેદાર

14 - પ, મપ ગમપનિસાં, ગંરેંસાં - પટદીપ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલ અલંકારને રાગ - માલકૌંસ તથા રાગ - ભૈરવમાં ગાઓ.**

(1) સાગમ, ગમધ...

(2) સાગમધ, ગમધનિ ...

(3) સારેગ, રેગમ...

(4) સારેગમ, રેગમપ...

**2. નીચે લખેલા સ્વરસમૂહ પરથી રાગ ઓળખો.**

(1) સામમપ

(2) ગમપધપમંગમરેસા

(3) પનિસાંધમપ

(4) સાગમધ, મગરેસા, નિ઼ ધ઼સા

(5) મપધનિધપ, ગરેસા

(6) મધનિ ધ, મગસા

(7) ગમધપ, ગમરેસા

* * *

| 2 | રાગજ્ઞાન |
|---|---|

**પ્રસ્તાવના :**

રાગ પ્રત્યે અભિરુચિ કેળવવા વિદ્યાર્થીઓને જુદા જુદા રાગોથી માહિતગાર કરી ગાયન અને વાદનના કૌશલ્યોનો વિકાસ કરી શકાય છે. શાસ્ત્રીય ગાયકીમાં આવતા છોટા ખ્યાલ, તરાના, ધ્રુપદ વગેરે ગીતપ્રબંધોનો અભ્યાસ કરવો આવશ્યક છે એના દ્વારા રાગના સ્વરોની સ્થિરતા, કલ્પના શક્તિનો વિકાસ, મૌલિક રાગાલાપ અને તાનોના કૌશલ્યોમાં વૃદ્ધિ કરી શકાય છે.

આ ઉપરાંત વાદ્યસંગીતના વિદ્યાર્થીઓ માટે ગત અને રજાખાની ગતનો તાન-તોડા સહિત સમાવેશ કરેલ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓને ક્રિયાત્મક પક્ષ તરફ અભિમુખ કરી શકાય.

---

### (1) રાગ-બિહાગ

આરોહ : નિ઼ સા ગ મ પ નિ સાં

અવરોહ : સાં નિ ધ પ, પ મં ગ મ ગ રે સા

પકડ : પ મં ગ મ ગ રે નિ઼ સા

**સ્વર વિસ્તાર :** સા, નિ઼ સા રે સા, નિ઼, પ઼ નિ઼ સા - - નિ઼સા ગસા, રે સા નિ઼, પ઼ નિ઼ સા ગ રે નિ઼ સા નિ઼ સા ગ મ ગ - - સા મં ગ સા, નિ઼ સા ગ મ, પમં ગ મ ગ - - - રે નિ઼ સા । સા ગ મ પ, પમંગ મગ-, ગ મ પ ધ ગ મ ગ - -, ગ મ પ નિ - - નિ ધમંપ ગમગ - ગમનિ ધમં પ ગમગ - -, રે નિ઼ સા । ગ મ પ નિ, નિ, નિ પ નિસાં - -, સાં - નિ ધમંપ - મં ગ મ પ નિ નિ સાં - - -, સાં, નિસાંરેંસાંનિ - પનિસાંગંસાં, પ નિ સાં રેં નિસાંરેસાં નિ - ધમં પ - મંગમગ, ગમપનિસાંગંસાં - રેંનિસાં - નિપ ધમં પ - મં ગ મગ, ગ મ પ ધ ગ મ ગ સા

**રાગ-બિહાગ** **સ્વર-માલિકા** **તાલ-ત્રિતાલ (માત્રા-16)**

**સ્થાયી :**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ગ | મ | પ | નિ | સાંનિ | ધપ | મંપ | ગમ |
| ગ | - | - | પમં | ગમ | ગરે | સાનિ઼ | સા | ગ | મ | ગ | મ | પ | મં | ગ | મ |
| પ | ધ | ગ | મ | ગ | -રે | સાનિ઼ | સા | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ગ | મ | પ | નિ | સાં | નિ | સાં | - |
| પ | નિ | સાં | ગં | રેં | નિ | સાં | - | સાં | -રેં | સાંનિ | સાં | પ | -ધ | પમં | પ |
| ગ | -મ | પમં | ગમ | ગ | -રે | સાનિ઼ | સા | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**રાગ-બિહાગ - છોટા ખ્યાલ** **તાલ - ત્રિતાલ** **(માત્રા - 16)**

**સ્થાયી :**

અબ હું લાલન મૈંકા જુગ,
બિત ગયે તુમરે મિલન કો,
તરફ તરફ જિયરા તરસે રે ॥

**અંતરા :**

ઉમંગે નૈના બાદરી સિઝર,
લાગી જિયરા તરસે,
દામિનીસી કૌંધચૌંધ મેહરવા બરસે રે ॥

**સ્થાયી :**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | નિ઼ | સા | ગ | મ | પ | - | નિ | નિ |
| | | | | | | | | અ | બ | હું | ઽ | લા | ઽ | લ | ન |
| સાં | - | નિ | - | પ | - | ગમ | ગ | પ | - | ગ | મ | ગ | - | સા | - |
| મૈં | ઽ | કા | ઽ | ઽ | ઽ | જુઽ | ગ | બી | ઽ | ત | ગ | યે | ઽ | ઽ | ઽ |
| નિ઼ | પ઼ | નિ઼ | નિ઼ | સા | સા | સા | - | સા | સા | ગ | મ | પ | પ | ગ | મ |
| તુ | મ | રે | મિ | લ | ન | કો | ઽ | ત | ર | ફ | ત | ર | ફ | જિ | ય |
| પ | - | ગ | મ | ગ | - | સા | - | | | | | | | | |
| રા | ઽ | ત | ર | સે | ઽ | રે | ઽ | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરા :**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | સાં | - | સાં | - | સાં | - | સાં | - | ગં | સાં | - | સાં | નિ | પ |
| ઉ | મં | ગે | ઽ | નૈ | ઽ | ના | ઽ | બા | ઽ | દ | રી | ઽ | સિ | ઝ | ર |
| પ | - | સાં | - | નિ | - | પ | - | ગ | મ | પ | મ॑ | ગ | મ | ગ | સા |
| લા | ઽ | ઽ | ઽ | ગી | ઽ | ઽ | ઽ | જિ | ય | રા | ઽ | ત | ર | સે | ઽ |
| નિ઼ | - | પ઼ | નિ઼ | સા | સા | ગ | - | મ | ગ | - | સા | નિ | - | પ | પ |
| દા | ઽ | મિ | ની | ઽ | સી | મૈં | ઽ | ધ | ચૌં | ઽ | ધ | મે | ઽ | હ | ર |
| પ | - | ગ | મ | ગ | - | સા | - | | | | | | | | |
| વા | ઽ | બ | ર | સે | ઽ | રે | ઽ | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**રાગ-બિહાગ** **છોટા - ખ્યાલ** **તાલ-ત્રિતાલ (માત્રા-16)**

**સ્થાયી :**

મેરો મન અટક્યો સુંદર શ્યામ ॥

**અંતરા :**

નિસ બાસર મોહે પલકન લાગત,
નિકસ્યો જાત પ્રાન

**સ્થાયી :**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ગ | મ | પ | નિ | સાં | નિ | ધમ॑ | પ |
| | | | | | | | | મે | રો | મ | ન | અ | ટ | ક્યોઽ | ઽ |
| પધ | મ॑પ | ગ | મ | ગ | - | - | સા | | | | | | | | |
| સુંઽ | ઽઽ | દ | ર | શ્યા | ઽ | ઽ | મ | | | | | | | | |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરા :**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પ | પ | સાં | - | સાં | સાં | સાં | સાં |
| | | | | | | | | નિ | સ | બા | ડ | સ | ર | મો | હે |
| સાં | સાં | સાં | સાં | નિસાં | રેંસાં | નિ | નિ | ગ | મ | ગ | મ | પ | નિ | સાં | રેં |
(2) હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

**(3) શિખરિણી છંદ સ્વરાંકન સાથે**

ધ઼ સા - રે - ગ - મ - ગ રે,
અ સ - ત્યો - માં - હે - થી -,
ગ રે સા નિ઼ સા રે ગ - - રે નિ રે સા
પ્ર ભુ પ ર મ સ ત્યે - - તુ લ ઈ જા.
ધ઼ સા - રે - ગ - મ - ગ રે
ઊં ડા - અં - ધા - રે - થી -,
ગ રે સા નિ઼ સા રે - ગ - - રે નિ઼ રે સા
પ્ર ભુ પ ર મ ત - જે - - તું લ ઈ જા
સા પ - પ - પ - પ - પ
મ હા - મૃ - ત્યુ - માં - થી

સા પ પ પ પ પ - ધ - - પ મ મ ગ રે

અ મૃ ત સ મી પે - ના - - થ લ ઈ જા -

રે ગ - રે - સા નિ઼ સા રે ગ,

તુ હી - ણો - હું - છું ત તો,

રે ગ રે સા નિ઼ - સા રે ગ - - રે નિ઼ રે સા

તુ જ દ ર શ ન નાં - દા - ન દ ઈ જા

(1) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જાય,
ઊંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈજા,
તું હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈજા.

(2) ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે સૌમ્ય વયનાં,
સ્હવારોને જોતો, વિકસિત થતાં શૈલશિખરે.

## (4) શાર્દૂલવિક્રીડિત છંદ સ્વરાંકન સાથે

સા - સા - રે - મ મ પ - મ પ - પ મ ધ પ

ઊ - ગે - છે - સૂ ર ખી - ભ રી - ર વિ મૃ દુ

મ - પ ધ નિ - ધપ ગ - પ મ - રે ગ સારે

હે - મં - ત નો - - - પૂ - ર્વ મા - - - -

રે - પ - - - મ - ગ રે ગ - રે ગ - રે સા રે નિ઼

ભુ - રૂ - - - છે - ન ભ સ્વ - ચ્છ સ્વ - ચ્છ દી સ તી

નિ઼ - સા - રે ગ - - - સા રે નિ઼ સા

એ - કે - ન થી - - - વા - દ ળી

(1) ઊગે છે સુરખી ભરી રવિમૃદુ, હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.

(2) વેઠે એ વનવાસમાં વિકટ હા ! કષ્ટો શરીરે અતિ,
ને હું મહેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિ.

## (5) વસંતતિલકા છંદ સ્વરાંકન સાથે

નિ઼ સા રે - રે ગ - રે સા રે

વિ - શ્વં - ભ રી - અ ખી લ

ગ - મ ગ રે ગ રે નિ઼ સા રે

વિ - શ્વ ત ણી - જ ને તા -

નિ઼ સા રે - રે ગ રે - સા રે સા રે ગ રે

વિ દ્યા ધ રી વ દ ન માં વ સ જો વિ ધા તા

(1) વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા,
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા.

**(6) અનુષ્ટુપ છંદ સ્વરાંકન સાથે**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ગ | - | ગ | - | ગ | - | ગ | રે | - | ગ | - | ગ | |
| નિ | શા | - | જે | - | સ | - | ર્વ | ભૂ | - | તો | - | ની, | |
| રે | - | ગ | - | રે | - | સા | નિ઼ | સા | - | રે | રે, | | |
| તે | - | માં | - | જા | - | ગ્ર | ત | સં | - | ય | મી, | | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | - | રે | - | ગ | - | ગ | - | ગ | રે | - | ગ | - | રે | નિ઼ | | |
| જે | - | માં | - | જા | - | ગે | - | બ | ધા | - | ભુ | - | તો | | | - |
| નિ | - | રે | - | ની | - | રે | ગ | રે | - | નિ઼સા | | | | | | |
| તે | - | જ્ઞા | - | ની | - | મુ | નિ | ની | - | નિશા | | | | | | |

(1) નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધા ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.

(2) ઈન્દ્ર પ્રસ્થજનો આજે, વિચાર કરતા હતા,
એક બાબતને માટે, શંકા સૌ ધરતા હતા.

**નોંધ :** ઉપરોક્ત આપેલ અભ્યાસક્રમના 1 થી 6 છંદોનું સ્વરાંકન વગાડીને ગાઈ શકાય તે માટે આપેલ છે. દરેક સ્વતંત્ર સ્વરાંકન કરી શકે છે.

**(બ) ભાષાનાં પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ બે ગેય કાવ્યોને ગાવાની ક્ષમતા કેળવવી.**

## ભક્તિ પદારથ

**- નરસિંહ મહેતા**

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે,
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માહીં રે. ભૂતળ ભક્તિ...
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે,
નિત્ય સેવા, નિત્ય કીર્તન - ઓચ્છવ નિરખવા નંદકુમાર રે. ભૂતળ ભક્તિ...
ભરતખંડ ભૂતળમાં જનમી જેણે ગોવિંદ-ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માત-પિતાને સફલ કરી એણે કાયા રે. ભૂતળ ભક્તિ...
ધન વૃંદાવન, ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એમની દાસી રે. ભૂતળ ભક્તિ...
એ રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક જોગી રે,
કાંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે. ભૂતળ ભક્તિ...

### મન નો ડગે

- ગંગા સતી

મેરુ રે ડગેને જેનાં મન નો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે, મેરુ રે...
ભાઈ રે ! હરખને શોકની ના'વે જેને હેડકીને
શીશ તો કર્યા કુરબાન રે,
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરમાં માન રે. મેરુ રે...
ભાઈ રે ! - નિત્ય રે'વું સતસંગમાં ને
જેને આઠ પો'ર આનંદ રે,
સંકલપ વિકલપ એકે નહીં ઉરમાં,
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે. મેરુ રે...
ભાઈ રે ! ભગતિ કરો તો એવી કરજો પાનબાઈ !
રાખજો વચનુંમાં વીશવાસ રે,
ગંગાસતી એમ બોલિયાં
તમે થાજો સત્ ગુરુજીના દાસરે. મેરુ રે...

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

(1) ભૂતળ ભક્તિ પદાર્થ આ ગેય કાવ્યના કવિ કોણ છે ?
(2) મેરુ રે ડગે ને આ ગેય કાવ્યના કવિયત્રી કોણ છે ?
(3) શાર્દૂલવિક્રિડીત છંદની વર્ણસંખ્યા કેટલી છે ?
(4) 'મંદાક્રાન્તા' એ કયા પ્રકારનો છંદ છે ?

**2. નીચે આપેલાં જોડકાં જોડો.**

| અ | બ |
|---|---|
| (1) મ ભ ન ત ત ગા ગા | (1) ગંગાસતી |
| (2) ભૂતળ ભક્તિ પદાર્થ | (2) શિખરિણી છંદ |
| (3) યમન સભલ ગા | (3) નરસિંહ મહેતા |
| (4) મેરુ રે ડગે ને | (4) શાર્દૂલવિક્રીડિત છંદ |
| (5) મ સ જ સ ત ન ગા | (5) મંદાક્રાંતા છંદ |

* * *

# 5 વિવિધ ગીતપ્રકારો

**પ્રસ્તાવના :**

ગુર્જર ધરા પર અનેક કવિઓ અને સંગીત સાધકોએ જન્મ લઈ સુંદર કૃતિઓનું સર્જન કર્યું છે.

જનનીના હાથે પારણામાં ઝૂલતું બાળક, ફળિયાની રમત રમતા-રમતા જ્યારે શિક્ષણની કેડી પર પગરણ માંડે છે ત્યારે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિદ્યારૂપી સેતુ રચાય છે.

વિદ્યાર્થી શાળા કક્ષાએ પોતાના શિક્ષણકાળ દરમિયાન કવિઓ દ્વારા રચિત ઉત્કૃષ્ટ રચનાઓને સંગીતના માધ્યમથી સમજે છે.

કવિઓ દ્વારા રચિત રચનાઓને સંગીતકાર સ્વરાંકન કરી સંસ્કૃતિના વારસાને ઉજાગર કરવાનું શ્રેષ્ઠ કાર્ય કરે છે.

વિદ્યાર્થી શાળા કક્ષાએ પોતાના શિક્ષણકાળ દરમિયાન વિવિધ ગીત પ્રકારો જેવા કે, હાલરડાં, પ્રાર્થના ગીતો, સંતવાણી, ભક્તિગીતો, ગરબા-ગરબી, પ્રકૃતિ ગીતનું શ્રવણ કે શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના જ્ઞાન અને વ્યક્તિત્વને ખિલવી શકે તેવા ગીતોને પ્રગટ કરવાનો આ એકમનો હેતુ છે.

---

**લોકસંગીત (ભાતીગળ ગીતો) વિશે**

આ એકમનો ક્રિયાત્મક અભ્યાસ પહેલાં સંક્ષિપ્ત લોકસંગીત, પ્રભાતિયાં, હાલરડાં, લગ્નગીત, ધોળગીત અને ભજનની સંક્ષિપ્ત વ્યાખ્યા દ્વારા સમજ કેળવીશું.

**લોકસંગીત :** લોકો દ્વારા લોકકંઠે ગવાતા અને અંતરની ઊર્મિને અભિવ્યક્ત કરતા સરળ ગીતોને 'લોકસંગીત કે લોકગીત' કહે છે. આ લોકસંગીત કે લોકગીતોમાં પ્રભાતિયાં, હાલરડાં, લગ્નગીત, ધોળગીત, ભજન, ગરબા, રાસ, ઉત્સવગીત, ઋતુગીત વગેરે આવી શકે.

**પ્રભાતિયાં :** સવારે જાગ્રત કરવા વિશેની કવિતાને 'પ્રભાતિયા' તરીકે ઓળખાય છે. નરસિંહ મહેતાના 'પ્રભાતિયાં' ખૂબ જાણીતા છે.

**હાલરડાં :** નાના બાળકને ઘોડિયા/પારણામાં સુવડાવવા બહેનો કે માતા જે ગીત ગાય છે તેને 'હાલરડાં' કહે છે.

**લગ્નગીત :** લગ્નના પ્રસંગો અનુસાર લગ્ન પ્રસંગમાં વર અને કન્યા પક્ષે જે ગીતો ગવાય તેને 'લગ્નગીત' કહે છે.

**ધોળગીત :** સ્વામીનારાયણ કે વૈષ્ણવ સંપ્રદાયમાં ગવાતા તાલબદ્ધ ભક્તિગીતને 'ધોળગીત' કહે છે.

**ભજન :** જે કાવ્યમાં ઈશ્વસ્તુતિ કે તત્ત્વચિંતનનું વર્ણન હોય તથા પરંપરાગત ઢાળમાં ગવાતા તાલબદ્ધ ભક્તિગીતને 'ભજન' કહે છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીર વગેરેના ભજનો ખૂબ પ્રસિદ્ધ છે.

**સ્તુતિ**

**सरस्वती - वंदना**

या कुन्देन्दुतुषार-हार-धवला या शुभ्रवस्त्रावृता,
या वीणा-वरदंड-मंडित-करा या श्वेतपद्मासना ।
या ब्रह्माच्युत-शंकर-प्रभूतिभिर्देवैः सदा वंदिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाडयापहा ॥

*

ओमकार बिंदु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनः
कामदं मोक्षदं चैव, ओमकाराय नमो नमः ॥

*

ओम सहनाववतु, सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै ।
तेजस्वि नावधीतं अस्तु, मा विद्विषावहै ॥
ओम शांतिः शांतिः शांतिः ।

## સર્વ ધર્મ પ્રાર્થના
### તાલ : કહરવા

ૐ તત્ સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું...
સિદ્ધ બુદ્ધ તું સ્કંદ વિનાયક, સવિતા પાવક તું...
બ્રહ્મ મજદ તું યહ્વ શક્તિ તું, ઈશુ પિતા પ્રભુ તું...
રુદ્ર વિષ્ણુ તું રામકૃષ્ણ તું, રહિમતાઓ તું...
વાસુદેવ ગો વિશ્વ રૂપ તું, ચિદાનંદ હરિ તું...
અદ્વિતિય તું અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું...

*

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારાં રે...
પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખનહારાં રે .... મંદિર તારું ...
નહીં પૂજારી નહીં કોઈ દેવ, નહીં મંદિરને તાળાં રે
નીલ ગગનમાં મહિમા ગાતાં, ચાંદો સૂરજ તારા રે ... મંદિર તારું ...
વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિ ગણ ધીરાં રે
મંદિર માં તૂ ક્યાં છૂપાયો શોધે બાળ અધીરાં રે ... મંદિર તારું ...

*

તેરી આરાધના કરું (2)
પાપ ક્ષમા કર જીવન દે દે દયા કી યાચના કરું
તેરી આરાધના કરું...
તૂ હી મહાન સર્વ શક્તિમાન, તૂ હી હૈ મેરે જીવન કા સંગીત,
હૃદય કે તાર છેડે ઝનકાર, તેરી આરાધના હૈ મધુર ગીત
જીવન સે મેરે તૂ મહિમા પાયે, એક હી યાચના કરું...
પાપ ક્ષમા કર જીવન દે દે... દયા કી યાચના કરું...
તેરી આરાધના કરું...
સૃષ્ટિ કે હર એક કણ કણમેં, છાયા હૈ તેરી હી મહિમા કા રાગ,
પક્ષી ભી કરતે હૈ તેરી પ્રશંસા, હર પલ સુનાતે હૈ આનંદ કા રાગ,
તેરી હી ભક્તિ મુજે ગ્રહણ હો, એક હી યાચના કરું...
પાપ ક્ષમા કર જીવન દે દે... દયા કી યાચના કરું...
તેરી આરાધના કરું...

*

### તાલ : દાદરા

ઈતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હોના
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલ કરભી કોઈ ભૂલ હોના... ઈતની શક્તિ...
દૂર અજ્ઞાન કે હો અંધેરે, તૂ હમેં જ્ઞાન કી રોશની દે,
હર બુરાઈ સે બચતે રહે હમ, જીતની ભી દે ભલે જિંદગી દે

બૈર હોના કિસીકા કિસી સે, ભાવના મન મેં બદલે કી હોના...　　　　ઈતની શક્તિ...
હમ ન સોચેં હમેં ક્યા મિલા હૈ, હમ યે સોચેં કિયા ક્યા હૈ અર્પણ
ફૂલ ખુશીયોં કે બાંટે સભી કો, સબ કા જીવનભી બન જાયે મધુબન
અપની કરુના કા જલ તૂ બહાકે, કરદે પાવન હર એક મનકા કોના...　　　　ઈતની શક્તિ...

*

**તાલ : દાદરા**

હમ કો મન કી શક્તિ દેના મન વિજય કરેં
દૂસરોં કી જય સે પહલે ખુદ કો જય કરેં... હમ કો મન કી...
ભેદભાવ અપને દિલ સે સાફ કર શકેં
દોસ્તોં સે ભૂલ હોં તો માફ કર શકેં
જૂઠ સે બચે રહે સચ કા દમ ભરેં..
દૂસરોં કી જય સે પહલે ખુદ કો જય કરેં... હમ કો મન કી...
મુશ્કિલે પડે તો હમ પે ઈતના કર્મ કર
સાથ દેં તો ધરમ કા ચલેં તો ધર્મ પર
ખુદ પે હૌસલા રહે બદી સે ના ડરે...
દૂસરોં કી જય સે પહલે ખુદ કો જય કરેં... હમ કો મન કી...

*

**સરસ્વતી વંદના**
**તાલ : દાદરા**

હે શારદે મા, હે શારદે મા અજ્ઞાનતા સે હમેં તાર દે માઁ
　　　　હે શારદે મા...
તૂ સ્વર કી દેવી યે સંગીત તુજસે, હર શબ્દ તેરા માઁ હર ગીત તુજસે
હમ હૈ અકેલે માઁ હમ હૈ અધુરે, તેરી શરણમેં હમેં પ્યાર દે માઁ...
　　　　હે શારદે મા...
મુનિયોંને સમજી ગુનિયોંને જાની વેદોં કી ભાષા પુરાનોં કી બાની
હમ ભી તો સમજેં હમ ભી તો જાનેં વિદ્યા કા હમકો અધિકાર દે મા...
　　　　હે શારદે મા...
તૂ શ્વેતવર્ણી કમલ પે બિરાજે હાથોં મેં વીણા મુકુટ સર પે સાજે
હમ કો અંધેરોં સે નિકાલ દે માઁ, હમકો ઉજાલોં કા સંસાર દે માઁ...
　　　　હે શારદે મા...

*

**સ્તવન**

**રાગ : ભૈરવી　　તાલ : કહરવા - મધ્યલય**

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે...　　　　મૈત્રી ભાવનું...
ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે....　　　　મૈત્રી ભાવનું...
દીન ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે....　　　　મૈત્રી ભાવનું...
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું...　　　　મૈત્રી ભાવનું...
માનવતાની ધર્મ ભાવના હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે....　　　　મૈત્રી ભાવનું...

**- ચિત્રભાનુ**

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ,
નર નારી પશુ-પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ... દયાળુ ...
જગનાવાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી અઠો જામ.... દયાળુ ...
દુનિયામાં દરદ દુકાળ પડે નહીં, લડે નહીં કોઈ ગામ... દયાળુ ...
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધે ધન ધાન્ય... દયાળુ ...
કોઈ કોઈનું બૂરૂં ન ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન... દયાળુ ...
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન... દયાળુ ...
જાદવ દાસના દાસ પોકારે, પ્રેમે કરી પ્રણામ... દયાળુ ...

**- કવિ શ્રી જાદવદાસ**

*

## હાલરડાં

એક જ અક્ષર અમર છે એક મંત્ર છે માઁ !
હાલરડાનું હેત વરસતું હુલુલુલુ... હુલુલુલુ... હા
દેવોએ દીધેલું અમરત દુનિયા એ ક્યાં પીધું !
માતાની મમતાનું અમરત સૌએ ચાખી લીધું,
આશીર્વાદ જનેતાના તો કદી નથી કરમાતા...
હાલરડાનું વરસવું હુલુલુલુ હેત એક જ અક્ષર
ઈશ્વરમાં દુનિયાની શ્રદ્ધા થાતી આઘી-પાછી
સતયુગમાં પણ માતા સાચી, કલયુગમાં પણ સાચી,
માતાના લાલન-પાલનમાં સૌ પામે છે શાતા
હાલરડાંનું હેત વરસતું, હલુલુલુ... હુલુલુલુ... હા. એક જ અક્ષર...

**- શ્રી વેણીભાઈ પુરોહિત**

*

## માતૃભાવ ગીત

કોઈ દિ' સાંભરે...સાંભરે નૈ મા મને કોઈ દિ સાંભરે નૈ.
કેવી હશે ને કેવી નૈ મા મને કોઈ દિ સાંભરે નૈ.
કોક કોક વાર વળી રમ્મત વચાળે મારા કાનમાં ગણગણ થાય,
હુતુતુતુની હડિયાપાટીમાં માનો શબદ સંભળાય,
મા જાણે હિંચકોરતી વઈ ગઈ, હાલાંના સૂર થોડા વેરતી ગઈ... કોઈ દિ' સાંભરે...
શ્રાવણની કોક કો' વે'લી સવારમાં સાંભરી આવે બા,
પારિજાતકની મીઠી સુગંધ લઈ વાડીએથી આવતો વા,
દેવને પૂજતી ફૂલ લૈ લૈ મા એની મ્હેંક મ્હેંક મેલતી ગઈ... કોઈ દિ' સાંભરે...
સૂવાના ખંડને ખૂણે બેસીને કદી આભમાં મીટ માંડું,
માની આંખો જ જાણે જોઈ રહી છે મને એમ મન થાય ગાંડું,
તગમગ તાકતી ખોબલે લૈ, ગગનમાં એ જ દગ ચોડતી ગૈ... કોઈ દિ' સાંભરે...

*

**- ઝવેરચંદ મેઘાણી**

## માતૃપ્રેમ ગીત

જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ,
મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે, જનનીની ...
પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ, જગથી જુદેરી એની જાત રે... જનનીની...

અમીની ભરેલી એની આંખડી રે લોલ,વ્હાલનાં ભરેલાં એના વેણ રે... જનનીની...
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ, હૈયું હેમંત કેરી હેલ રે... જનનીની...
દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ, શશીએ સીંચેલ એની સોડ્ય રે... જનનીની...
જગનો આધાર એની આંગળી રે લોલ, કાળજામાં કૈંક ભર્યા કોડ રે... જનનીની...
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ, પળના બાંધેલ એના પ્રાણ રે... જનનીની...
મૂંગી આશિષ ઉરે મરકતી રે લોલ, લેતાં ખૂટે ન એની લ્હાણ રે... જનનીની...
ધરતીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ, અચળા અચૂક એક માય રે... જનનીની...
ગંગાના નીર તો વધે-ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની...
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીના મેઘ બારે માસ રે... જનનીની...
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ, એનો નહિ આથમે ઉજાસ રે... જનનીની...

**- દામોદરદાસ બોટાદકર**

*

## લગ્નગીત

કંકુ છાંટી કંકોતરી મોકલો રે, ઘેર માંડ્યો છે મોટો જગન રે... કંકુ છાંટી...
મારા સસરા આવ્યા ને સાસુ આવશે, એક ન આવ્યો મારો વીર રે... કંકુ છાંટી...
મારા જેઠ આવ્યા ને જેઠાણી આવશે, એક ન આવ્યો મારો લાડકો વીર રે... કંકુ છાંટી...
મારા દિયર આવ્યા ને દેરાણી આવશે, એક ન આવ્યો મારો માડીજાયો વીર રે... કંકુ છાંટી...
મારાં નણદી આવ્યા ને વધામણી લાવ્યાં રે, ભાઈ આવ્યા તમારા વીર રે, કંકુ છાંટી...
વીરા આવ્યા ને ભાભી આવશે રે, મારી ભાભી આવે ને રંગ રહેશે રે... કંકુ છાંટી...

*

કોઈ લાલ-લાલ વાંસના માંડવડા બંધાવો, કોઈ લીલી-પીળી ભાતના ચંદરવા ચીતરાવો.
આજ શુભદિન આયો મારે આંગણિયે... કોઈ લાલ-લાલ વાંસના...
કંકુ છાંટીને મેં તો લખી રે કંકોતરી, અક્ષત ફૂલડાંથી ફઈબાએ વધાવી,
હે મેં તો લગન લીધા છે મારી લાડકીનાં... કોઈ લાલ-લાલ વાંસના...
સાવરે સોનાની બેનને નથણી ઘડાવી દઉં, નવનવ રત્નોથી એને રે જડાવી દઉં
પહેરી વહાલીબેન ચાલી આજ સાસરિયે... કોઈ લાલ-લાલ વાંસના...

*

આલા લીલા તે વાંસનો માંડવડો, લીલા કેળના સ્તંભ રોપાવો રે.
અવસર રૂડો આંગણિયે... આલા લીલાં તે વાંસનો માંડવડો...
રાતા રંગનો ભાતીગળ ચંદરવો, આસો પાલવના તોરણ બંધાવો રે,
અવસર રૂડો આંગણિયે... આલા લીલાં તે વાંસનો માંડવડો...
લીધાં લીધાં લગન મારી લાડકડી, કોઈ જણતલ જોષીડા તેડાવો રે,
અવસર રૂડો આંગણિયે... આલા લીલાં તે વાંસનો માંડવડો...
ઢોલ-ત્રાંસાને નોબલ શરણાયું, આજે માંડવડે ચોઘડિયા વગડાવો,
અવસર રૂડો આંગણિયે... આલા લીલા તે વાંસનો માંડવડો...

*

## ધોળ

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી.
મહા રે મુનિના ધ્યાનમાં નાવે, તેરે શામળિયોજી મુજને બોલાવે. આજ સખી...
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે, તે રે શામળિયોજી મુજને રે પીછે,
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી. આજ સખી...

તપ રે તીર્થમાં હું કંઈ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું,
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયાં, વાતની વાતે વાંલો અઢળક ઢળિયા. આજ સખી...

*

**કવિ શ્રી જયરામ**

## ગરબી

શોભા સલુણા શ્યામની, તું જોને સખી, શોભા સલુણા શ્યામની.
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું, ફીક્કી પડે છે કળા કામની. તું જોને સખી...
સદ્ગુણ સાગર નટવર નાગર, બલિહારી હું એના નામની. તું જોને સખી...
કોટિ આભૂષણનું એરે ભૂષણ, સીમા તું છે એ અભિરામની. તું જોને સખી...
જે ઓળખે તેને તો એ સાર સર્વનો, બીજી વસ્તુ તે નથી કામની. તું જોને સખી...
અનુપમ એ અલબેલો રસિયો, જીવન મૂળી છે દયારામની. તું જોને સખી...

*

**દયારામ**

શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું,
જેમાં કાળાશ ને સહુ એક સરખું, સર્વમાં કપટ હશે આવું ? ... મારે આજ...
કસ્તુરીની બિંદી તે કરું ન લલાટે, કાજળ ન આંખમાં અંજાવું... મારે આજ...
કોકિલાનો શબ્દ સુણું નહિ કાને, કાગવાણી શકૂનમાં ન લાવું... મારે આજ...
નિલાંબર કાળા કંચુકી ન પહેરું, જમુનાના નીરમાં ન નહાવું... મારે આજ...
મરકત મણિને મેઘ દ્રષ્ટે ન જોવાં, જાંબુ વંત્યાક ન ખાવું... મારે આજ...
દયાના પ્રીતમ સાથે મુખે નામ લીધો, મન કહે પલક ન નિભાવું... મારે આજ...

*

**કવિ શ્રી પ્રીતમ**

## પ્રાચીન ગરબો

ઘૂમતો ઘૂમતો જાય, આજ માનો ગરબો ઘૂમતો જાય.
પવન ઝપાટા ખાય તો ય માનો ગરબો ઘૂમતો જાય... ટેક
પહેલે તે ગરબે અંબે મા નીસર્યાં, લળી લળી ગરબા ગાય... આજ માનો...
બીજે તે ગરબે અંબે મા નીસર્યાં, સાથી સખીઓનો સંગાથ... આજ માનો...
ત્રીજે તે ગરબે આશાપુરી નીસર્યાં, દેવા શક્તિ મંડળને સાથ... આજ માનો...
સ્વર્ગ તણા દેવો સહુ ગરબાને જોતાં, પુષ્પોની વૃષ્ટિ થાય... આજ માનો...
ગરબાને જોતાં બાલુડાં આજે, ગાંડાં ઘેલાં થઈ જાય... આજ માનો...
ગરબાને જોતા શક્તિ મંડળ આજે, ગાંડું ઘેલું થઈ જાય... આજ માનો...
ગરબાને દીવડે સૂરજ ને ચંદા, અંબા મા ફરી ફરી ગાય... આજ માનો...
સામુદ્રિ માતા દ્વારે પધાર્યાં, આશાપુરી માતા દ્વારે પધાર્યાં
અભાગી ગુણલા ગાય, ભક્તજન ગરબા ગાય... આજ માનો...

*

## લોકગીત

કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર
ઘૂંઘટમાં જોબનની જ્વાળા ઝાંઝરનો ઝનકાર
લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર
લટક મટકની ચાલ ચાલતી જુઓ ગુર્જરી નાર
લાંબો ડગલો ને મૂછો વાંકડી શીરે પાઘડી રાતી
તોળી તોળી ને બોલ બોલતો છેલછબીલો ગુજરાતી
અરે તન છોટું પણ મન મોટું, છે ખમીરવંતી જાતિ
ભલે લાગતો ભોળો હું તો છેલછબીલો ગુજરાતી.

*

ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી ક્યાં રે વગાડી.
ગોપીઓ દોડી દોડી જાય, મોરલી ક્યાં રે વગાડી.
હું તો સૂતી'તી મારા શયનભુવનમાં, સાંભળ્યો મોરલીનો નાદ,
મોરલી ક્યાં રે વગાડી... ખમ્મા મારા ....
એ રે મોરલીએ મન મારું મોહ્યું, મેલ્યાં છે ઘર ને બા'ર,
મોરલી ક્યાં રે વગાડી... ખમ્મા મારા ....
બેડું મેલ્યું છે મેં તો સરોવર ઝૂલતું, ઈંઢોણી આંબાની ડાળ,
મોરલી ક્યાં રે વગાડી... ખમ્મા મારા ....

**- નરસિંહ મહેતા**

*

શેરી વળાવી સજ્જ કરું ઘરે આવોને
આંગણિએ પથરાવું ફૂલ, મારે ઘરે આવોને
ઉતારા દેશું, ઓરડા ઘરે આવોને
દેશું દેશું મેડીના મોલ, હરિ ઘરે આવોને... શેરી વળાવી...
ભોજન દેશું લાપશી ઘરે આવોને
દેશું દેશું સાકરિયો કંસાર, હરિ ઘરે આવોને... શેરી વળાવી...
મુખવાસ દેશું એલચી ઘરે આવોને
દેશું દેશું પાનબીડાં પચાસ, મારે ઘરે આવોને... શેરી વળાવી...
રમત દેશું સોગઠાં ઘરે આવોને
દેશું દેશું પાસાની જોડ, હરિ ઘરે આવોને... શેરી વળાવી...
પોઢણ દેશું ઢોલિયા ઘરે આવોને
દેશું દેશું હિંડોળાખાટ, હરિ ઘરે આવોને... શેરી વળાવી...

*

માડી હું તો બાર બાર વરસે આવિયો
માડી મેં તો નો દીઠી પાતલડી પરમાર રે,
જાડેજી મા ! મોલુમાં દીવો શગ બળે...
દીકરા ! હેઠાં રે બેસીને હથિયાર છોડ્ય રે
કલૈયાકુંવર, પાણી ભરીને હમણા આવશે... માડી હું તો....
માડી ! કૂવા ને વાવ્યું હું જોઈ વળ્યો રે
માડી મેં તો નો દીઠી પાતલડી પરમાર રે
જાડેજી મા ! મોલુમાં દીવો શગ બળે રે... માડી હું તો
દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે
કલૈયાકુંવર, દળણા દળીને હમણાં આવશે રે
માડી ! ઘંટિયું ને ઘંટલા, હું જોઈ વળ્યો રે
માડી મેં તો નો દીઠી પાતલડી પરમાર રે
જાડેજી મા ! મોલુમાં દીવો શગ બળે રે... માડી હું તો
દીકરા ! હેઠો બેસીને હથિયાર છોડ્ય રે
કલૈયાકુંવર, ધાન ખાંડીને હમણાં આવશે
માડી ! ખાંડણી ને ખાંડણિયા હું જોઈ વળ્યો રે
માડી મેં તો નો દીઠી પાતલડી પરમાર રે
જાડેજી મા, મોલુમાં દીવડો શગ બળે રે... માડી હું તો

*

અમે મહિયારા રે ગોકુળ ગામના
મારે મહી વેચવાને જાવાં... મહિયારા રે...
માવડી જશોદાજી કાનજીને વારો
દુઃખડા દીયે હજારો નંદજીનો લાલો
હે... મારે દુઃખ સહેવા ને કહેવા... મહિયારા રે...
મથુરાની વાટ મહીં વેચવાને નીસરી
નટખટ એ નંદકુંવર માંગે છે દાણજી
હે... મારે દાણ દેવા ને લેવા... મહિયારા રે...
**નરસિંહ**નો નંદકુંવર લાડકડો કાનજી
ઉતારે આતમથી ભવભવના ભારજી
હે... મારે નિર્મળ હૈડાની વાત કહેવા...
મહિયારા રે ગોકુળ ગામના... મહિયારા રે...

*

હે જી તારાં આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે,
આવકારો મીઠો આપજે રે...જી.
હે જી તારી પાસે રે સંકટ કોઈ સંભળાવે રે,
બને તો થોડું કાપજે રે...જી. આવકારો...
માનવીની પાસે કોઈ માનવી ન આવે રે...
હે જી તારા દિવસો દેખીને દુખિયા આવે રે... આવકારો...
કેમ તમે આવ્યા છો ? એમ નવ કહેજે,
હે જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે... આવકારો...
વાત એની સાંભળી, આડું નવ જો જે,
હે જી એને માથું રે હલાવી હોંકારો તું દેજે રે... આવકારો...
**કાગ** એને પાણી પાજે, ભેળો બેસી ખાજે રે.
હેજી એને ઝાંપા રે સુધી તું મેલવાને જાજે રે... આવકારો...

*

## રાસ

નાગર નંદજીનાં લાલ, માતા જશોદાનાં કાન, રાસ રમંતા મારી નથણી ખોવાણી.
કા'ના જડી હોય તો આલ્ય, (2) રાસ રમંતા મારી નથણી ખોવાણી... નાગર નંદજી...
નાની નાની નથડીને મહીં ભરેલા મોતી, વનરાવનને મારગ જાતાં ચાલું જોતી જોતી. નાગર નંદજી...
નાની એવી નથડીને મહીં ભરેલા વાળા, નથડી મારી આપી દયોને શીદ કરો છો ચાળા. નાગર નંદજી...
નાની નાની નથડીને મહીં ભરેલા હીરા,નથડી મારી આપી દયોને સગી નણંદના વીરા. નાગર નંદજી...
ખૂણે ગોતી, ખસકે ગોતી, ગોતી માણેક ચોક, રાધાજીની નથડીને રાખી ગોઠણ હેઠ. નાગર નંદજી...
આંબે બોલે કોયલડીને વનમાં બોલે મોર, રાધાજીની નથડીનો શામળીયો છે ચોર. નાગર નંદજી...

*

વા વાયાને વાદળ ઉમટ્યાં, ગોકુળમાં ટહુક્યા મોર, મળવા આવો સુંદીરવર શામળિયા
તમે રમવા તે ના આવો શા માટે, નહીં આવો તો નંદજીની આણ... મળવા આવો...
તમે ગોકુળમાં ગૌધણ ચારંતા, તમે છો રે સદાયના ચોર... મળવા આવો...
તમે કાળી તે કામળી ઓઢંતા, તમે ભરવાડના ભાણેજ... મળવા આવો...
તમે વ્રજમાં તે વાંસળી વાજંતા, તમે ગોપીઓના ચિત્તચોર... મળવા આવો...
**મહેતા નરસૈંયા**ના સ્વામી શામળિયા, અમને તેડી રમાડ્યા રાસ... મળવા આવો...

*

**કવિ શ્રી નરસિંહ મહેતા**

## લોકગીત

સોના ઈંઢોણી રૂપા બેડલું રે નાગર ઊભા રહો રંગ રસિયા.
પાણીડા ગઈ'તી તળાવ રે નાગર ઊભા રહો રંગ રસિયા.
કાંઠે તે કાન ઘોડા ખેલવે રે નાગર ઊભા રહો રંગ રસિયા.
કાન મુને ઘડૂલો ચઢાવ રે નાગર ઊભા રહો રંગ રસિયા.
તારો ઘડો તે ગોરી તોછડો રે નાગર ઊભા રહો રંગ રસિયા.
થા મારા ઘર કેરી નાર રે નાગર ઊભા રહો રંગ રસિયા.
કેડ મરડીને ઘડો મેં ચઢાવ્યો રે નાગર ઊભા રહો રંગ રસિયા.
તૂટી મારા કમખાની કસ રે નાગર ઊભા રહો રંગ રસિયા.
ભાઈ દરજીડા વીરા વીનવું રે નાગર ઊભા રહો રંગ રસિયા.
ટાંક મારા કમખાની કસ રે નાગર ઊભા રહો રંગ રસિયા.
ટાંકે ટાંકે તે ઘમ્મર ઘૂઘરી રે નાગર ઊભા રહો રંગ રસિયા.
હૈડે તે ટાંકે ઝીણા મોર રે નાગર ઊભા રહો રંગ રસિયા.
હાલું તો ઘમકે ઘમ્મર ઘુઘરી રે નાગર ઊભા રહો રંગ રસિયા.
બેસું તો બોલે ઝીણા મોર રે નાગર ઊભા રહો રંગ રસિયા.

*

## ગીત

ઋણ ધરતીનું ઋણ વૃક્ષોનું ઋણ માત-પિતાજ તમારૂં
ઋણ ગુરૂજનનું ને ઋષી જનનું ઋણ પિતૃદેવ... તમારૂં
ઋણ સૃષ્ટિના સૌજન જનનું, જળચળ ને વનચળ એ સૌનું
આદિ અંત-અનંત જગતનું ઋણ આકાશી જીવનું
ઋણ ડગલાંને પગ પગ સૌનું ઋણ રૂણાનુંબંધ જીવોનું
ઋણ માત સરસ્વતી તારૂં ઋણ આર્તદ્રષ્ટ... કવિનું
સ્તુતિ કરીને ઋણ મુક્ત બનું હું ઋણ આ સૌ ભવભવનું
ઋણ ધરતીનું ઋણ વૃક્ષોનું ઋણ અનંત દેવ તમારૂં

**- રમેશ પટેલ 'પ્રેમોર્મિ'**

*

તારો દેહ દેવાલય તારા દર્શન વૈકુંઠમય
તારા ચરણોમાં શીશ નમ .. ઓ જનની
જનમો જનમ તું જ મળે ... ઓ જનની...
તારા ઉરના શ્વાસે શ્વાસે, જીવને પોષ્યો નવ નવ માસે
મીઠા ગીત-હાલરડાં ગાતી, મા તું જીવનભર સંભરાતી
તારી વાણીથી અમૃત ઝરે... ઓ જનની
જનમો જનમ તું જ મળે ... ઓ જનની.
મા તું સેવા કરૂણારૂપ, સહનશીલતાનું સ્વરૂપ
મા તું ઈશ્વરથી પણ પર, ધર્મશાસ્ત્રોથી ઉપર
તારી સેવામાં આ દેહ ઢળે... ઓ જનની
જનમો જનમ તું જ મળે ... ઓ જનની.
તુજ આશિષથી જગમાં કીર્તિ, મા તું વાત્સલ્યની મૂર્તિ
ઘરનું ચાલે **'સુંદર'** તંત્રઃ મા તું એકાક્ષરી મંત્ર
તારામાં ઓગળવું ગમે ... ઓ જનની.
જનમો જનમ તું જ મળે ... ઓ જનની.

**- સુંદરમ્ ટેલર**

*

## સુગમગીત

ઓચિંતું કોઈ મને રસ્તે મળે
ને પછી ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયાશી મોજમાને,
ઉપરથી કુદરતની રહેમ છે.... ઓચિંતું...
ફાટેલાં ખીસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે.... ઓચિંતું...
આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી
સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે... ઓચિંતું...

*

**કવિશ્રી - ધ્રુવકુમાર ભટ્ટ**

## સુગમગીત

વાંસળી ઊંચકે બબ્બે હાથે, આંગળીએ પર્વત અધ્ધર,
કોણ હતું બહુ શક્તિશાળી ગોવર્ધન કે બંસીધર
જૂઠા છે તાવીજ - પલીતા, જૂઠ સૌ જાદૂમંતર,
સામા હોય તો લઈ આવોને મારી વીતેલી ઉંમર
ઝેરનો પ્યાલો રસ્તામાં બદલાઈ ગયાની અફવા છે,
આપણને શું, મીરા જાણે કે જાણે ગિરધરનાગર
સાતમા કોઠે ઊભો છું, પણ હે જયદ્રથ તું પાછો જા,
તારા કામને માટે મારા સગાસંબંધી છે સધ્ધર
મિષ્ટાનોમાં સર્વોત્તમ છે મહેનતની રોટીની સુગંધ,
જેમનો પરસેવો મહેંકે છે, એમને શું અત્તર બત્તર
યાર ખલીલ એક વાત છે નક્કી, તારું પણ સન્માન થશે,
આજ નહીં તો કાલે થાશે, નહિતર થાશે મરણોત્તર

**- ખલીલ ધનતેજવી**

*

## ગીત

આવ મારી જાત ઓઢાડું તને,
સાયબા શી રીતે સંતાડું તને.
તું ભલે દિલમાં રહે કે આંખમાં,
ક્યાંય પણ નીચો નહીં પાડું તને.
તું નહીં સમજી શકે તારી મહેક,
લાવ કોઈ ફૂલ સૂંઘાડું તને.
કાંઈ પણ બોલ્યા વગર જોયા કરું,

મૌનની મસ્તીથી રંજાડું તને.
તેં નિકટથી ચંદ્ર જોયો છે કદી ?
આયનો લઈ આવ દેખાડું તને.
ઘર સુધીતું આવવાની જિદ ન કર,
ઘર નથી, નહિતર હું ના પાડું તને.
તું ખલીલ આવ્યો છે મારી આંખમાં,
તું કહે તો દિલમાં પહોંચાડું તને.

**- ખલીલ ધનતેજવી**

*

## દેશભક્તિ ગીત

દે દી હમેં આઝાદી બીના ખડગ, બીના ઢાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ,
આંધી મેં ભી ઝલતી રહી, ગાંધી તેરી મશાલ, સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ,
રઘુપતિ રાઘવ રાજારામ... (2)...
ધરતી પે લડી તૂંને અજબ ઢબકી લડાઈ, દાગી ન કહીં તોપ ના બંધુક ચલાઈ,
દુશ્મન કે કીલે પર ભી નકી તૂંને ચઢાઈ, વાહરે ફકીર ખૂબ કરામત દીખાઈ,
ચુટકી મેં દુશ્મનોકો દીયા, દેશ સે નિકાલ... સાબરમતી કે...
જબ જબ તેરા બિગુલ બજા, જવાન ચલ પડે, મજદૂર ચલ પડે ઔર કિસાન ચલ પડે,
હિંદુ વ મુસલમાન - શીખ પઠાન ચલ પડે, કદમોં પે તેરે કોટિ કોટિ પ્રાણ ચલ પડે,
ફૂલોંકી સેજ છોડ કે દૌડે જવાહરલાલ... સાબરમતી કે...
જગમેં કોઈ જીયા હો તો બાપુ તું હી જીયા, તૂં ને વતનકી રાહમેં સબ કુછ લૂંટા દીયા,
માંગા ન કોઈ તખ્ત ન તો તાજ હી લીયા, અમૃત દીયા સભી કો મગર, ખુદ જહર પીયા,
જિસ દિન તેરી ચિતા જલી, રોયા થા મહાકાલ... સાબરમતી કે...

**- કવિ પ્રદીપ**

*

એ મેરે વતન કે લોગો, તુમ ખૂબ લગા લો નારા
યે શુભ દિન હૈ હમ સબ કા
લહરા લો તિરંગા પ્યારા
પર મત ભૂલો સીમા પર, વીરોં ને હે પ્રાણ ગઁવાએ
કુછ યાદ ઉન્હે ભી કર લો (2)
જો લોટ કે ઘર ન આએ (2)
એ મેરે વતન કે લોગોં, જરા આંખો મેં ભર લો પાની,
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.
તુમ ભુલ ન જાઓ ઉનકો, ઇસ લિયે સુનો યે કહાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની...
જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી,
જબ તક થી સાંસ લડે વો (2) ફીર અપની લાશ બિછા દી
સંગીન પે ધર કર માથા, સૌ ગયે અમર બલિદાની... જો શહીદ ...

જબ દેશમેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી,
જબ હમ બૈઠે થે ઘરો મેં, વો ઝેલ રહે થે ગોલી,
થે ધન્ય જવાન વો અપને, થી ધન્ય વો ઉનકી જવાની... જો શહીદ...
કોઈ સીખ કોઈ જાટ, મરાઠા (2) કોઈ ગુરખા કોઈ મદરાસી (2)
સરહદ પર મરનેવાલા (2) હર વીર થા ભારતવાસી,
જો ખૂન ગીરા પર્વત પર, વો ખૂન થા હિન્દુસ્તાની... જો શહીદ...
થી ખૂન સે લથ-પથ કાયા, ફિર ભી બન્દૂક ઉઠાકે
દસ-દસ કો એક ને મારા, ફિર ગિર ગયે હોશ ગઁવા કે
જબ અંત સમય આયા તો (2) કહ ગયે કી અબ મરતે હૈ,
ખુશ રહના દેશ કે પ્યારોં (2) અબ હમ તો સફર કરતે હૈ (2)
ક્યા લોગ થે વે દિવાને, ક્યા લોગ થે વો અભિમાની.. જો શહીદ...
તુમ ભુલ ન જાઓ ઉનકો, ઈસ લિયે કહી યે કહાની... જો શહીદ...
જય હિન્દ, જય હિન્દ
જય હિન્દ કી સેના (2)
જય હિન્દ, જય હિન્દ, જય હિન્દ

**- કવિ પ્રદીપ**

*

## ગુજરાત ગૌરવ ગાન

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...
ભક્ત સુદામા અને કૃષ્ણના મૈત્રી ભાવ ભૂલાય નહિ (2)
વૈષ્ણવજનતો તેને રે કહીએ નરસૈયો વિસરાય નહીં (2)
જય દત્ત દિગંબર ગિરનારી
જય દત્ત દિગંબર ગિરનારી, જય મહાવીર દાતારની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...
હિન્દુ, મુસ્લિમ, શીખ, પારસી, હળી મળી સૌ કાર્ય કરે (2)
સૃષ્ટિને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે (2)
જય સહજાનંદ, જય જલારામ
જય સહજાનંદ, જય જલારામ, જય બોલો કાલીકા માતની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...

**કવિ શ્રી રમેશ ગુપ્તા**

## દેશભક્તિ ગીત

હમ પંજાબી, હમ ગુજરાતી, બંગાલી ઔર તામિલ હૈ
લેકીન હમ ઈન સબસે પહલે, કેવલ ભારતવાસી હૈ...
હમ બચ્ચે અપને હાથોં સે, અપના ભાગ્ય બનાતે હૈ
મહેનત કરકે બંજર ધરતી સે સોના ઉપજાતે હૈં
પથ્થર કો ભગવાન બના દે, ઐસે હમ વિશ્વાસી હૈ... હમ...
વહ ભાષા હમ નહીં જાનતે, બૈર ભાવ સિખલાતી જો
કૌન સમજતા નહીં બાગ મેં, બૈઠી કોયલ ગાતી જો
જિસકે અક્ષર દેશ પ્રેમ કે, વહ હમ ભાષા, ભાષી હૈ... હમ...
હમેં પ્યાર આપસમેં કરના, પુરખોને સિખલાયા હૈ
હમે દેશ હિત જીના મરના, પુરખોને સિખલાયા હૈ
હમ ઉનકે બતલાયે પથ, ચલને કે અભ્યાસી હૈ... હમ...

*

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલકે,
યે દેશ હૈ તુમ્હારા, નેતા તુમ્હી હો કલકે... ઈન્સાફ કી ડગર...
દુનિયા કે રંજ સહના, ઔર કુછ ના મૂઁહ સે કહેનાં... (2)
સચ્ચાઈઓં કે બલપે, આગે કો બઢતે રહેના, (2)
રખ દોગે એક દિન તુમ સંસાર કો બદલકે... ઈન્સાફ કી ડગર...
અપને હો યા પરાયે, સબકે લીયે હો ન્યાયે... (2)
દેખો કદમ તુમ્હારા, હરગીઝ ના ડગમગાયે... (2)
રસ્તે બડે કઠિન હૈ, ચલના સંભલ સંભલ કે... ઈન્સાફ કી ડગર...
ઈન્સાનિયત કે સર પર, ઈજ્જત કા તાજ રખના... (2)
તન મન કી ભેટ દેકર, ભારત કી લાજ રખના... (2)
જીવન નયા મિલેગા, અંતિમ ચિતા મેં જલકે... ઈન્સાફ કી ડગર...

**- શકીલ બદાયુની**

*

મેરા કર્મા તૂ, મેરા ધર્મા તૂ, તેરા સબકુછ મૈં, મેરા સબકુછ તૂં.
હર કરમ અપને કરેંગે, અય વતન તેરે લિયે.
દિલ દિયા હૈ જાં ભી દેંગે, અય વતન તેરે લિયે.
તૂ મેરા કર્મા તૂ મેરા ધર્મા, તૂ મેરા અભિમાન હૈ,
અય વતન મહેબૂબ મેરે, તુઝપે દિલ કુરબાન હૈ (2)
હમ જીએંગે ઔર મરેંગે, અય વતન તેરે લિયે (2)... દિલ દિયા હૈ...
હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ હમવતન હમનામ હૈ,
જો કરે ઈનકો જુદા, મજહબ નહીં ઈલ્જામ હૈ,
હમ જીએંગે ઔર મરેંગે, અય વતન તેરે લિયે.... દિલ દિયા હૈ...
તેરી ગલિયોં મેં ચલાકર નફરતોંકી ગોલિયાં,
લુંટતે હૈ કુછ લૂંટેરે, દુલ્હનોંકી ડોલિયાં (2)
લૂંટ રહે હૈ આપ વો અપને ઘરોકોં લૂટકર,
ખેલતે હૈ બેઘર અપને લહુસે હોલિયાં,
હમ જીએંગે ઔર મરેંગે, અય વતન તેરે લિય... દિલ દિયા હૈ...

**- કૃષ્ણમૂર્તિ**

## કૂચ ગીત

સર પર વિજય નિશાન ! પદ પદ પર મુક્તિ મહાન !
હિમગિરિ શિખરે ફર ફર ફરકે
આજ અજય તિરંગા, હિલમિલ હરખે છલ છલ છલકે
લોક હૃદયની ગંગા, નવરંગે ઓચ્છવિયાં નાચે,
ગીતમહીં ગુલતાન ! ગીતમહીં ગુલતાન ! સર પર... (2)
ઊઠો દુનિયાતણાં દબાયાં, જાગ્યો ભારત ભાણ,
લાખ લાખ કેસરિયાં કિરણે, પુલકી ઊઠ્યો પ્રાણ
ગગન ભરીને આજ ગજાવે,
યૌવનનું જયગાન ! યૌવનનું જયગાન ! સર પર... (2)

**- મકરન્દ દવે**

*

## ઝંડા ગીત

વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા (2)
સદા શક્તિ સરસાને વાલા, પ્રેમ-સુધા બરસાને વાલા,
વીરોં કો હરસાને વાલા, માતૃભૂમિકા તન મન સારા... ઝંડા ઊંચા... (2)
શાન ન ઈસકી જાને પાયે, ચાહે જાન ભલે હી જાયે,
વિશ્વ વિજય કરકે દિખલાયે, તબ હોવે પ્રણ પૂર્ણ હમારા... ઝંડા ઊંચા... (2)
આઓ પ્યારે વીરોં આઓ, દેશ પ્રેમ પર બલિ બલિ જાઓ,
એક સાથ સબ મિલકર ગાઓ, પ્યારા ભારત દેશ હમારા... ઝંડા ઊંચા... (3)

**- કવિ શ્રી શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ'**

*

## ભજન

### વૈષ્ણવ જન તો

**રાગ : ખમાજ** **તાલ : કહરવા**

વૈષ્ણવ જન તો તેને રે કહીયે જે, પીડ પરાઈ જાણે રે.
પર દુઃખે ઉપકાર કરે તો યે, મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ જન...
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. વૈષ્ણવ જન...
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવઝાલે હાથ રે. વૈષ્ણવ જન...
મોહમાયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈષ્ણવ જન...
વણલોભીને કપટ રહીત છે, કામ, ક્રોધ નિવાર્યા રે
ભણે **નરસૈયો** તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે. વૈષ્ણવ જન...

*

**- કવિ શ્રી નરસિંહ મહેતા**

સત્ય નહીં તે ધર્મ જ શાનો, દયા વિના શું દાન જોને,
મન વશ નહીં તે તપ પણ શાનું, શીલ વિના શું સ્નાન જોને. સત્ય નહીં તે...
સદ્‌ગુણ નહીં તે સાધુ શાનો, તૃષ્ણાં ત્યાં શો ત્યાગ જોને,
પ્રિતિ હોય તો પડદો શાનો, કંઠ વિના શો રાગ જોને. સત્ય નહીં તે...
વિનય વિના તે વિદ્યા શાની, દાન વિના શો દામ જોને,
નીર વિના તે નવ્વાણ શાનું, ધણી વિના શું ધામ જોને. સત્ય નહીં તે...
સાચા પ્રભુને તે નવ શોધે, તે નર કહીએ કાચા જોને,
કહે **છોટમ્** નિરધાર કરીને, વેદ તણીએ વાચા જોને. સત્ય નહીં તે...

*

**- કવિ શ્રી છોટમ્**

પિંજરે કે પંછી રે, તેરા દર્દના જાને કોઈ.. (૨)
બાહર સે તું ખામોશ રહે તું, ભીતર ભીતર રોયે રે ... (૨) તેરા... પિંજરે કે...
કહન સકે તું અપની કહાની, તેરી ભી પંછી ક્યા જીંદગાની રે ... (૨)
વિધિને તેરી કથા લિખી, આંસુ મેં કલમ ડૂબોય...તેરા ... (૨) પિંજરે કે ....
ચુપકે ચુપકે રોને વાલે, રખના છીપાકે દિલકે છાલે રે.... (૨)
યે પત્થર કા દેશ હૈ પગલે, કોઈ ન તેરા હોય, તેરા...(૨) પિંજરે કે ...

*

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,
જેની સુરતાં શામળિયાની સાથ, વદે વેદ વાણી રે... હરિને ભજતાં...
વહાલે ઉગાર્યો પ્રહલાદ હિરણ્યાકંસ માર્યો રે,
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે... હરિને ભજતાં...
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે,
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે... હરિને ભજતાં...
વહાલે મીરાં તે બાઈના ઝેર હળાહળ પીધાં રે,
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે... હરિને ભજતાં...
આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે,
કર જોડી કહે **પ્રેમળદાસ** ભક્તોના દુઃખ હરશે રે... હરિને ભજતાં...

*

**- કવિ શ્રી પ્રેમળદાસ**

સંત પરમ હિતકારી, જગતમાંહી, સંત પરમ હિતકારી.
પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.
સંત પરમ હિતકારી...
પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિ સમ સબ દુઃખહારી.
સંત પરમ હિતકારી...
ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી, રીત જગતસે ન્યારી.
સંત પરમ હિતકારી...
**બ્રહ્માનંદ** સંતનકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી.
સંત પરમ હિતકારી...

*

**- સંત બ્રહ્માનંદ**

## સ્વાધ્યાય

**1. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.**

(1) લોકસંગીત એટલે શું ?

(2) હાલરડાં કોને કહેવાય ?

(3) લગ્નગીત એટલે શું ?

(4) ધોળ ગીતની વ્યાખ્યા આપો.

(5) ભજન એટલે શું ?

(6) પ્રભાતિયા કોને કહેવાય ?

**2. નીચે આપેલ વિકલ્પો સાથેના પ્રશ્નોના સાચા જવાબ સામે (✓) કરો.**

(1) હાલરડાં કોને માટે ગવાય છે ?

(અ) વૃદ્ધો (બ) યુવાનો (ક) નાના બાળક (ડ) કોઈ નહિ

(2) લગ્નપ્રસંગે લગ્નની વિધિ મુજબ ગવાતાં ગીતને શું કહે છે ?

(અ) ભજન (બ) લગ્નગીત (ક) હાલરડાં (ડ) ધોળગીત

(3) સ્વામીનારાયણ કે વૈષ્ણવ સંપ્રદાયમાં ગવાતાં તાલબદ્ધ ભક્તિગીતને શું કહે છે ?

(અ) હાલરડાં (બ) લગ્નગીત (ક) પ્રભાતિયાં (ડ) ધોળગીત

(4) જે કાવ્યમાં ઈશ્વરસ્તુતિ કે તત્ત્વચિંતનનું વર્ણન હોય તથા પરંપરાગત ઢાળમાં ગવાતા તાલબદ્ધ ભક્તિગીતને શું કહે છે ?

(અ) હાલરડાં (બ) ધોળગીત (ક) પ્રભાતિયાં (ડ) ભજન

(5) લોકો દ્વારા, લોકકંઠે ગવાતા અને અંતરની ઊર્મિને અભિવ્યક્ત કરતા સરળ ગીતોને શું કહે છે ?

(અ) લોકસંગીત (બ) ભજન (ક) હાલરડાં (ડ) ગરબા

* * *

# 6 સ્વરાંકન સહિત ગીતો

## વંદેમાતરમ્ (રાગ - દેરા આધારિત)

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | -મ | પમ | પ | - | - | - | મ | પ | -નિ | સાંનિ | સાં | - | - | - |
| વં | દે | ડમા | ડત | રમ્ | ડ | ડ | ડ | વં | દે | ડમા | ડત | રમ્ | ડ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંરેં | નિ̲ | ધપ | -પ | પધ | મ | ગરે | -રે | રેપ | મમ | ગરે | -ગ | સા | - | - | - |
| સુજ | લા | ડડ | ડમ્ | સુફ | લા | ડડ | ડમ | મલ | યજ | શીડ | ડત | લામ્ | ડ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રેમ | પમ | પ | ડપ | નિ̲ધ | પ | - | મ | પ | -નિ | સાંનિ | સાં- | - | - | - |
| શ | સ્યશ્ય | -મ | લામ્ | ડમા | ડત | રમ્ | ડ | વં | દે | ડમા | ડત | રમ | ડ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ | નિ | નિ | નિનિ | સાંનિ | સાં | -નિ | સાં | - | - | - | નિ | નિનિ | સાંનિ | સાં |
| શુ | ભ્ર | જ્યો | ત્સ્ના | પુલ | કિત | યા | ડમિ | નિમ્ | ડ | ડ | ડ | ફૂ | લ્લકુ | સુમિ | ત |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંરેં | સાંનિ̲ | નિ̲ધ | નિ̲ધ | પ | - | - | - | રેરે | મગ | રે | - | રેનિ̲ | ધનિ̲ | ધપ | -ધ |
| દ્રુમ | દલ | શોડ | ડભિ | નિમ્ | ડ | ડ | ડ | સુહા | ડસિ | નીમ્ | ડ | સુમ | ધુર | ભાડ | ડષિ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | - | - | - | મપ | નિ | નિનિ | નિ | -નિ | સાંનિ | સાં | - | મ | પ | -નિ | સાંનિ |
| ણીમ્ | ડ | ડ | ડ | સુખ | દામ્ | વર | દામ્ | ડમા | ડત | રમ્ | ડ | વં | દે | ડમા | ડત |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | - | - | - | મ | પ | -નિ | સાંનિ | સાં | - | - | - |
| રમ્ | ડ | ડ | ડ | વં | દે | ડમા | ડત | રમ્ | ડ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | |

## પ્રચલિત ગીત

**રાષ્ટ્રગાન : વંદેમાતરમ્**

વંદેમાતરમ્ વંદેમાતરમ્
સુજલામ સુફલામ મલયજ શીતલામ
શસ્ય-શ્યામલામ માતરમ
વંદેમાતરમ્ વંદેમાતરમ્
શુભ્ર જ્યોત્સના પુલકિત યામિનીમ
ફુલ્લ કુસુમિત દ્રુમદલ શોભિનીમ
સુહાસિનીમ સુમધુર ભાષિણીમ
સુખદામ વરદામ માતરમ
વંદેમાતરમ્ વંદેમાતરમ્

**કવિશ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય**

*

**वन्दे मातरम् (પૂર્ણગીત)**

वन्दे मातरम्, वन्दे मातरम्
सुजलाम् सुफलाम् मलयज शीतलाम्
शस्य-श्यामलाम् मातरम् ॥ वन्दे मातरम्

शुभ्र-ज्योत्सनां पुलकित यामिनीम्
फुल्ल कुसुमित द्रुमदल शोभिनीम्
सुहासिनीम् सुमधुर - भाषिणीम् ।
सुखदाम् वरदामम् मातरम् ।। वन्दे मातरम्

कोटि-कोटि कंठ कल-कल निनाद कराले
कोटि-कोटि भुजैर्धृत खरकरवाले,
अबला केनो माँ एतो बोले
बहुबल धारिणीम् नमामि तारिणीम्
रिपुदलवारिणीम् मातरम् ॥ वन्दे मातरम्

तुमि विद्या तुमि धर्म,
तुमि हृदि तुमि मर्म
त्वं हि प्राणा: शरीरे,
बाहु ते तुमि मां शक्ति
हृदये तुमि मां शक्ति
तोमारइ प्रतिमा गड़ि मंदिरे मंदिरे ॥ वन्दे मातरम्

त्वं हि दुर्गा दशप्रहरणधारिणीम्
कमला कमलदल विहारिणी
वाणी विद्यादायिनी, नमामि त्वां, नमामि कमलाम् ।
अमलाम्, अतुलाम्, सुजलाम्, सुफलाम्, मातरम्

श्यामलाम्, सरलाम्, सुस्मिताम्, भूषिताम्
धरणीम्, भरणीम्, मातरम् ॥ वन्दे मातरम्

*

## "મનુષ્ય તૂ બડા મહાન હૈ"

ધરતી કી શાન તૂ હૈ, પ્રભુ કી સંતાન,
તેરી મુઠ્ઠીયોં મેં બંધ તૂફાન હૈ રે... મનુષ્ય તૂં...
તૂ જો ચાહે પર્વત પહાડો કો ફોડ દે,
તૂ જો ચાહે નદીયોં કે મુખ કો ભી મોડ દે
તૂ જો ચાહે માટી સે અમૃત નીચોડ દે
તૂ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે
અમર તેરે પ્રાણ (2)... મિલા તુજકો વરદાન
તેરી આત્મા મેં સ્વયં ભગવાન હે રે... મનુષ્ય તૂં...
નયનો મેં જવાલ તેરી ગતિ મેં ભૂચાલ
તેરી છાતી મેં છૂપા મહાકાલ હૈ
પૃથ્વી કે લાલ તેરા હિમગીરી સા ભાલ
તેરી ભૃકુટી મેં તાંડવ કા તાલ હૈ
નિજ કો તૂ જાન (2) ... જરા શક્તિ પહેચાન
તેરી વાણી મેં યુગ કા આહ્વાન હૈ રે... મનુષ્ય તૂં...
ધરતી કા ધીર તૂ હૈ, અગ્નિ સા વીર
તૂ જો ચાહે તો કાલ કો ભી થામ લે
પાપો કા પ્રલય રૂકે, પશુતા કા શીશ ઝૂકે
તૂ જો અગર હિંમત સે કામ લે,
ગુરૂ સા મતિમાન (2) પવન સા તુ ગતિમાન
તેરી નભસે ભી ઊંચી ઉડાન હૈ રે... મનુષ્ય તૂં...

*

## જય જય ગરવી ગુજરાતનું સ્વરાંકન

જય ! જય ! ગરવી ગુજરાત !

### તાલ : ધુમાળી

**રાગ-માંડ પર આધારિત**

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સા | સા | મ | રે | મ | મ | પ | - | ધનિ | પધ |
| | | | | | | જ | ય | જ | ય | ગ | ર | વી | ઽ | ગુઽ | જઽ |
| ધ | સા | - | - | - | -પ | પ | પ | ધ | ધ | મ | મ | ગ | સા | રે | ગરે |
| રા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | જ | ય | જ | ય | ગ | ર | વી | ઽ | ગુ | જઽ |
| ગ | સા | - | - | - | -સા | સા | સા | મ | રે | મ | મ | પ | - | ધનિ | પધ |
| રા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | દી | ઽ | પે | ઽ | અ | રુ | ણું | ઽ | પઽ | રઽ |
| ધ | સાં | - | - | - | -પ | પ | પ | ધ | ધ | મ | મ | ગ | સા | રે | ગરે |
| ભા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | જ | ય | જ | ય | ગ | ર | વી | ઽ | ગુ | જઽ |
| ગ | સા | - | - | - | -સા | - | - | | | | | | | | |
| રા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | ઽ | ઽ | | | | | | | | |
| × | | 2 | | 0 | | 3 | | × | | 2 | | 0 | | 3 | |

### અંતરા - 1

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | મ | મ | મ | - | મ | ગ | રે | મ | પ | પ | પ | પધ | નિ | નિ | - |
| ધ્વ | જ | પ્ર | કા | ઽ | શ | શે | ઽ | ઝ | ળ | ળ | ક | સુંઽ | ઽ | બી | ઽ |
| પ | - | પ | ધ | - | નિ | સાં | રેં | સાં | - | - | - | - | -સાં | સાં | - |
| પ્રે | ઽ | મ | શૌ | ઽ | ર્ય | અં | ઽ | કિ | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | તું | ઽ |
| સાં | સાં | સાં | સાં | ધ | ધ | મ | મ | પ | - | પ | પ | પધ | નિ | નિ | - |
| ભ | ણ | વ | ભ | ણ | વ | નિ | જ | સં | ઽ | ત | તિ | સહુ | ઽ | ને | ઽ |
| પ | - | પ | ધ | - | નિ | સાં | રેં | સાં | - | - | - | - | -સાં | સાં | - |
| પ્રે | ઽ | મ | ભ | ઽ | કિત | ની | ઽ | રી | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | ઊં | ઽ |
| સાં | - | સાં | નિ | ધ | પ | ધ | નિ | ધ | પ | - | - | - | -પ | પ | પ |
| ચી | ઽ | તુ | જ | સું | ઽ | દ | ર | જા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | જ | ય |
| ધ | ધ | મ | મ | ગ | સા | રે | ગરે | ગ | સા | - | - | - | -સાં | | |
| જ | ય | ગ | ર | વી | ઽ | ગુ | જઽ | રા | ઽ | ઽ | ઽ | ઽ | ઽત | | |
| × | | 2 | | 0 | | 3 | | × | | 2 | | 0 | | 3 | |

**અંતરા - 2**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સા | - | રે | મ | મ | - | મ | - | પમ | ગ |
| | | | | | | ઉ | ડ | -ત | ર | માં | ડ | અં | ડ | બાડ | ડ |
| મ | પ | - | - | - | -પ | પ | - | ધ | નિ | નિ | - | નિ | ધ | નિ | રેં |
| મા | ડ | ડ | ડ | ડ | ડત | પૂ | ડ | ર | વ | માં | ડ | કા | ડ | ળી | ડ |
| સાં | - | - | - | - | -સાં | સાં | - | સાં | - | સાં | નિ | ધ | ધ | મ | - |
| મા | ડ | ડ | ડ | ડ | ડત | છે | ડ | દ | ડ | ક્ષિ | ણ | દિ | શ | માં | ડ |
| ક | રં | ડ | ત | રડ | ડ | ક્ષા | ડ | કું | ડ | તે | ડ | શ્વ | ર | મ | હા |
| મ | પ | - | પ | પધ | નિ | નિ | - | ધ | - | પ | - | ધ | નિ | સાં | રે |
| સાં | - | - | - | - | -સાં | સાં | - | સાં | - | સાં | ધ | - | ધ | મ | - |
| દે | ડ | ડ | ડ | ડ | ડવ | ને | ડ | સો | ડ | મ | ના | ડ | થ | ને | ડ |
| પ | - | પ | પધ | નિ | નિ | નિ | નિ | પ | - | પ | પ | ધ | નિ | સાં | રેં |
| દ્વા | ડ | ર | કેડ | ડ | શ | એ | ડ | પ | ડ | શ્ચિ | મ | કે | ડ | રાં | ડ |
| સાં | - | - | - | - | -સાં | સાં | અ | ચાં | સાં | સાં | નિ | ધ | પ | ધ | નિ |
| દે | ડ | ડ | ડ | ડ | ડવ | છે | ડ | સ | હા | ડ | ય | માં | ડ | સા | ડ |
| ધ | પ | - | - | - | -પ | પ | પ | ધ | ધ | મ | મ | ગ | સા | રે | ગરે |
| ક્ષા | ડ | ડ | ડ | ડ | ડત | જ | ય | જ | ય | ગ | ર | વી | ડ | ગુ | જડ |
| ગ | સા | - | - | - | -સા | | | | | | | | | | |
| રા | ડ | ડ | ડ | ડ | ડત | | | | | | | | | | |
| × | | 2 | | 0 | | 3 | | × | | 2 | | 0 | | 3 | |

નોંધ : બાકીના અંતરા, અંતરા 2 પ્રમાણે.

## ગરવી ગુજરાત

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત
જય ! જય ! ગરવી ગુજરાત !
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય...

ઉત્તરમાં અંબામાત
પૂરવમાં કાળીમાત
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ,
છે સહાયમાં સાક્ષાત્.
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય...
નદી તાપી નર્મદા જોય
મહી ને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધ રમણને રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર,
સંપે સોહે સહુ જાત.
જય ! જય ! ગરવી ગુજરાત ! જય...
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત,
જન ઘૂમે નર્મદા સાથ.
જય ! જય ! ગરવી ગુજરાત ! જય...

**- નર્મદાશંકર**

**રાષ્ટ્રગીત - જનગણમન**

જનગણમન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
પંજાબ, સિન્ધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિન્ધ્ય, હિમાચલ, યમુના ગંગા, ઉચ્છલ જલધિ તરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

**- કવિવર રવિન્દ્રનાથ ટાગોર**

**અનુવાદ :**

હે ભારત ભાગ્ય વિધાતા ! તું સર્વ જનસમુદાયના હૃદયનો અધિષ્ઠાતા છે. તારું નામ સાંભળતાં પંજાબ, સિન્ધુ, ગુજરાત, મહારાષ્ટ્ર, દ્રાવિડ, ઉત્કલ અને બંગાળ વગેરે પ્રદેશોનું હૃદય ઊછળી ઊઠે છે. વિન્ધ્ય, હિમાલય, ગંગા અને યમુનામાં તારાં નામનો ગુંજારવ થાય છે. વળી, મહાસાગરોની ઊછળતી લહેરોમાં પણ તારું નામ ગૂંજે છે. આ સહુ તારા શુભ નામથી જાગૃત થઈ આશિષ માંગે છે અને તારાં યશોગાન ગાય છે. જનસમુદાયનું મંગલ કરનાર હે ભારત ભાગ્ય વિધાતા ! તારો જય હો, જય હો, જય હો.

**પૂર્વ ઈતિહાસ**

ઈ.સ. 1911-'12માં કવિવર શ્રી ટાગોરે આ ગીત બંગાળી ભાષામાં રચ્યું. જેની આવી જ બીજી ચાર સુંદર કડીઓ છે. ગીતના ઢાળની રચના પણ કવિવરે પોતે જ કરેલી છે. સૌપ્રથમ આ ગીત ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના કોલકાતા ખાતેના અધિવેશનમાં તારીખ 27 ડિસેમ્બર, 1911ના રોજ ગવાયું. 14મી ઑગસ્ટ, 1947ની મધરાતે બંધારણ સભાના ઐતિહાસિક અધિવેશનમાં પણ આ ગીત ગવાયું હતું. 24મી જાન્યુઆરી 1950માં બંધારણ સભાએ આ ગીતને ભારતના રાષ્ટ્રગીત તરીકે જાહેર કર્યું. રાષ્ટ્ર પ્રત્યેના સન્માનને વ્યક્ત કરવાની કોઈ પણ ક્ષણે રાષ્ટ્રગીતનું ગાન થાય છે.

નોંધ : સમૂહમાં ગાવામાં આ ગીતને 48 થી 52 સેકન્ડ લાગે છે.

# જનગણમનનું સ્વરાંકન

## જનગણમન - તાલ : કહેરવા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સારે | ગગ | ગગ | ગગ | ગ | ગગ | રેગ | મ | ગ | ગગ | રે | રેરે | નિરે | સા | - | સા |
| જન | ગણ | મન | અધિ | ના | યક | જય | હે | ભા | રત | ભા | ગ્ય | ધાડ | તા | ડ | પં |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [સા]પ | પપ | -પ | પપ | પ | પપ | મધ | [ધ]પ | મ | મમ | મ | મગ | [ગ]રેમ | ગ | - | - |
| જા | બસિં | ડધુ | ગુજ | રા | તમ | રાડ | ઠા | દ્રા | વિડ | ઉ | ત્કલ | બંડ | ગ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [સા]ગ | ગગ | ગ | ગરે | [રે]પપ | પમ | [પ]મ | મ | ગ | ગગ | રેરે | રેર | [સા]નિરે | સા | - | - |
| વિ | ન્ધ્યહિ | મ | ચલ | યમુ | નાડ | ગં | ગા | ઉ | ચ્છલ | જલ | ધિત | રંડ | ગ | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સારે | ગગ | ગ | ગમ | રેગ | મ | - | - | [મ]ગમ | પપ | મપ | મગ | [મ]રેમ | ગ | - | - |
| તવ | શુભ | ના | મેડ | જાડ | ગે | ડ | ડ | તવ | શુભ | આ | શિષ | માડ | ગે | ડ | ડ |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ગ | રેરે | રેરે | નિરે | સા | - | - | સાપપ | પપ | પ | પમ̍ | પ | પપ | [પ]મ̍ધ | પ |
| ગા | હે | તવ | જય | ગાડ | થા | ડ | ડ | જન | ગણ | મં | ગલ | દા | યક | જય | હે |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | મમ | ગ | ગમ | રેમ | ગ | - | નિનિ | સાં | - | - | નિધ | ની | - | - | પપ |
| ભા | રત | ભા | ગ્યવિ | ધાડ | તા | ડ | જય | હે | ડ | ડ | જય | હે | ડ | ડ | જય |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | × | | 0 | |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | - | - | સાસા | રેરે | ગગ | રેગ | મ | - | - | - | | | | | |
| હે | ડ | ડ | ડ | જય | જય | જય | જય | હે | ડ | ડ | ડ | | | | |
| × | | 0 | | × | | 0 | | × | | 0 | | | | | |

## સ્વાધ્યાય

**1. પ્રશ્નોના જવાબ આપો :**

(1) આપણું રાષ્ટ્રગીત કયું છે ?

(2) આપણું રાષ્ટ્રગાન કયું છે ?

(3) ગુજરાત ગૌરવગાથાનું ગીત કયું છે ?

(4) આપણું પ્રેરણાગીત કયું છે ?

(5) રાષ્ટ્રગીત 'જનગણમન'ના કવિ કોણ હતા ?

(6) રાષ્ટ્રગાન 'વંદેમાતરમ્'ના કવિ કોણ હતા ?

(7) 'જય જય ગરવી ગુજરાત' આ કાવ્યના કવિ કોણ હતા ?

**2. નીચેના જોડકાં જોડો :**

| | અ | | બ |
|---|---|---|---|
| (1) | જનગણમન | (1) | પ્રેરણાગીત |
| (2) | વંદેમાતરમ્ | (2) | રાષ્ટ્રગાન |
| (3) | જય જય ગરવી ગુજરાત | (3) | રાષ્ટ્રગીત |
| (4) | મનુષ્ય તું બડા મહાન હૈ | (4) | ગુજરાત ગૌરવ ગાથા ગીત |

* * *